દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 84 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ચૈત્ર સુદ-૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 10 April 2025, Thursday ■ REGD.No. MCS/058/2018-20
ગુરુવાર, ૧૦ એપ્રિલ ૨૦૨૫ (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
લાડકી પૂર્તિ ૭ ૮ ૯ ૧૦
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ટ્રમ્પે ચીન સિવાયના દેશોને આપી રાહત: ટેરિફ ૯૦ દિવસ સ્થગિત




## ટ્રમ્પના ટ્વીટ બાદ અમેરિકન શેરબજારમાં જબ્બર ઉછાળો

## ભારતના નિકાસકારોને હાલ પૂરતો હાશકારો

## ચીનનો ટેરિફ ૧૦૪ ટકાથી વધીને ૧૨૫ ટકા

## ટેરિફ વોરમાં ચીન-અમેરિકા સામ-સામે

## હાલમાં ૧૦ ટકા બેઝલાઈન ટેરિફ

વોશિંગ્ટન: અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ચીન સિવાયના તમામ દેશોને ટેરિફમાં રાહત આપવાની જાહેરાત કરતા વિશ્વની મોટા ભાગની બજારોમાં તેજી જોવા મળી હતી.

અમેરિકાએ ચીન ખાતેથી આયાત કરાતા માલસામાન પર ૧૨૫ ટકા ટેરિફ લાદવાની અને અન્ય દેશોના સામાનની આયાત પર લાદેલા ટેરિફનો અમલ હાલમાં ૯૦ દિવસ મોકૂફ રાખ્યો છે. તેને લીધે ભારત સહિતના ઓછામાં ઓછા ૭૫ દેશને ૯૦ દિવસની રાહત મળી છે.

આમ છતાં અમેરિકાએ ૧૦ ટકા બેઝલાઇન ટેરિફ ચાલુ રાખવા અને ચીન સિવાયના દેશોને આ મુદ્દે અમેરિકા સાથે વાતચીત કરવા સૂચના આપી છે.

ટ્રમ્પની ટેરિફ વધારાનો અમલ ૯૦ દિવસ મુલતવી રાખવાની જાહેરાતને લીધે અમેરિકાની એસ એન્ડ પી ૫૦૦ ઇન્ડેક્સમાં અંદાજે સાત ટકાનો ઉછાળો આવ્યો હતો.

અમેરિકાએ ભારત, જાપાન, કેનેડા મેક્સિકો, યુરોપિયન યુનિયન વગેરે દેશો ખાતેથી આયાત કરવામાં આવતા માલસામાન પરના ટેરિફમાં વધારો કરવાની અગાઉ કરેલી જાહેરાતની શરૂઆતમાં અસર વૈશ્વિક બજારો પર જોવા મળી હતી અને તેઓમાં મોટા કડાકા બોલ્યા હતા.

ડોલરની સામે રૂપિયાના મૂલ્યમાં છેલ્લા બે દિવસથી મોટો ઘટાડો જોવા મળ્યો હતો. ભારતની ફાર્માસ્યુટિકલ કંપનીઓની ચિંતા વધી ગઈ હતી. ■

# વ્યાજદર ઘટાડાયો: લોન સસ્તી થશે

મુંબઈ: રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા (આરબીઆઈ)એ અમેરિકાના રેસિપ્રોકલ ટૅરિફના મારથી ડગુમગુ થયેલા અર્થતંત્રને ટેકો આપવા સતત બીજી વાર ચાવીરૂપ વ્યાજદર ૨૫ પોઈન્ટ્સ ઘટાડ્યો હતો.

કપાતને લીધે ચાવીરૂપ વ્યાજદર છ ટકા થયો છે અને આનાથી હોમ, ઓટો અને કોર્પોરેટ લોન લેનારાઓને રાહત થશે.

રિઝર્વ બૅન્કે રેપો દર ૨૫ બેસિસ પોઈન્ટ્સ ઘટાડીને ૬.૨૫ ટકા કર્યો હતો. છેલ્લે વ્યાજદરમાં કપાત મે ૨૦૨૦માં કરવામાં આવી હતી. વ્યાજદરમાં છેલ્લો સુધારો ફેબ્રુઆરી ૨૦૨૩માં કરવામાં આવ્યો હતો. ત્યારે વ્યાજદર ૨૫ બેસિસ પોઈન્ટ વધારીને ૬.૫ ટકા કરવામાં આવ્યો હતો. મોનેટરી પૉલિસી કમિટી (એમપીસી) એ વ્યાજદર ૨૫ બેસિસ પોઈન્ટ્સ ઘટાડવાનો સર્વાનુમતે નિર્ણય લીધો હતો, એવી માહિતી આરબીઆઈના ગવર્નર સંજય મલ્હોત્રાએ આપી હતી.

આરબીઆઈએ વૈશ્વિક અનિશ્ચિતતાને લીધે જીડીપીની આગાહી ૬.૭ ટકાથી ઘટાડીને સાડાછ ટકા કરી છે. ગયા મહિને અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારતની આયાત પર નવ એપ્રિલથી અમલમાં આવે એ રીતે ૨૬ ટકાનો જંગી ટૅરિફ નાખવાની જાહેરાત કરી હતી.

ફુગાવો ઓછઓ થતાં અને તેલના ભાવ ઘટતાં ભારતે નાણાં ઉછીના લેવાનું વ્યાજ નવેમ્બર ૨૦૨૨ પછી સૌથી નીચું થઈ ગયું છે.

કેન્દ્રીય બૅન્કે તેની નીતિનો રૂખ ન્યુટ્રલ (તટસ્થ)થી એકોમોડેટિવ (સમાવેશક) કર્યો છે . આ સૂચવે છે કે ભવિષ્યમાં વધુ કપાતની સંભાવના છે, એમ મલ્હોત્રાએ કહ્યું હતું. અમુક અર્થશાસ્ત્રીઓ કહે છે કે રેસિપ્રોકલ ટૅરિફને લીધે પહેલી એપ્રિલથી શરૂ થયેલા નાણાકીય વર્ષમાં ભારતનો જીડીપી ૨૦-૪૦ પોઈન્ટ્સ ઘટશે.

આરબીઆઈએ ફુગાવાનો અંદાજ ૪.૨ ટકાથી ઘટાડીને ૪ ટકા કર્યો હતો.

ભારતનું અર્થતંત્ર ૩૧ માર્ચે (૨૦૨૪-૨૫)એ પૂરા થયેલા નાણાકીય વર્ષમાં સાડાછ ટકાના દરે વિકસ્યું હતું. જે કોરોનાની મહામારી પછીની સૌથી ધીમી ગતિ છે.

મલ્હોત્રાએ કહ્યું હતું કે તાજેતરના ટેરિફના પગલાંને લીધે અર્થતંત્રના ભાવિ પર અનિશ્ચિતતા છવાયેલી છે. આને લીધે વૈશ્વિક વિકાસ અને ફુગાવા માટે પ્રતિકૂળ પવન ફૂંકાઈ રહ્યો છે. આ અડચણોમાં અમેરિકન ડૉલર નબળો પડ્યો છે. બોન્ડની ઉપજ ઓછી થઈ છે. શેરબજારો કરેક્શન દાખવી રહ્યા છે અને ખનીજ તેલનો ભાવ છેલ્લા ત્રણ વર્ષનો નીચે બેસી ગયો છે. કેન્દ્રીય બૅન્કોએ સાવચેતીભર્યો અભિગમ અપનાવ્યો છે.

ફુગાવા અંગે બોલતા મલ્હોત્રાએ કહ્યું હતું કે ફૂડ ઈન્ફ્લેશનમાં ઘટાડો થવથી અમને રાહત મળી છે.

મોનેટરી પૉલિસીના બદલેલા વલણ અંગે બોલતાં મલ્હોત્રાએ કહ્યું હતું કે આ બદલાવનો અર્થ એ છે કે એમપીસી કાં તો વ્યાજદર યથાવત રાખશે અથવા એમાં ઘટાડો કરાશે.

તેમના પુરોગામી શક્તિકાંત દાસની સરખામણીમાં મલ્હોત્રાનો અભિગમ વધુ

(જુઓ પાનું ૨) ▶▶

## રૂપિયાના મૂલ્યમાં સતત બીજા દિવસે મોટો ઘટાડો

મુંબઈ: ડૉલરની સામે રૂપિયાના મૂલ્યમાં સતત બીજા દિવસે મોટો ઘટાડો થયો હતો. ડૉલર બુધવારે રૂપિયાની સામે ૪૫ પૈસા મોંઘો થયો હતો અને તેનો ભાવ ૮૬.૭૧ રૂપિયા થયો હતો. દિવસના અંતે ભાવ ૮૬.૬૮ રૂપિયા હતો.અગાઉ, મંગળવારે ડૉલર સામે રૂપિયાનું મૂલ્ય પચાસ પૈસા ઘટ્યું હતું.

છેલ્લાં ચાર ટ્રેડિંગ સેશનમાં રૂપિયો અમેરિકી ડૉલર સામે ૧૦૪ પૈસા તૂટ્યો હતો.

મંગળવારે ડૉલરની સામે ભારતીય રૂપિયાનો ભાવ ૮૬.૨૬ હતો અને બુધવારે તે ૮૯.૭૧ રૂપિયા સુધી પહોંચ્યો હતો.

ગઇ ૧૩મી જાન્યુઆરીએ ડૉલરની સામે રૂપિયાના મૂલ્યમાં એક દિવસમાં ૬૬ પૈસાનો ઘટાડો થયો હતો.

દરમિયાન, ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો થયો છે. (એજન્સી) ■

## ગોલ્ડ લોનની નવી માર્ગદર્શિકા જાહેર થશે

મુંબઈ : રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા (આરબીઆઈ)ના ગવર્નર સંજય મલ્હોત્રાએ બુધવારે કહ્યું હતું કે ગોલ્ડ લોન પરની નવી માર્ગદર્શિકાનો હેતુ આવી લોન દેવાનું કડક બનાવવાનો નથી, પરંતુ તેને સરળ બનાવવાનો છે.

તેમણે પત્રકારોને કહ્યું હતું કે માર્ગદર્શિકાનો મુસદ્દો ટૂંક સમયમાં બહાર પડાશે. આમાં કોઈ કડક નિયમો નથી કરવાના, પરંતુ નિયમોને સરળ બનાવીશું. આ મુખ્યત્વે લોન આપનાર માટે હશે. એનબીએફસીમાં જે ગાઈડલાઈન છે એ બૅન્કિંગ ક્ષેત્રને પણ લાગુ પડશે. આરબીઆઈ વિચારવિમર્શ માટે આનો મુસદ્દો બહાર પાડશે અને જે સૂચનો મળશે એના આધારે એને ઘડશે. (એજન્સી) ■

## યુપીઆઈમાં પેમેન્ટની ટ્રાન્ઝેકશન લિમિટ વધારાઈ

મુંબઈ : રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા (એનપીસીઆઈ)ને વપરાશકારની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને પર્સન ટુ મર્ચન્ટ પેમેન્ટસ (પીટુએમ) માટે ટ્રાન્ઝેકશન લિમિટ વધારવાની છૂટ આપી છે. એનપીસીઆઈએ રીટેલ પેમેન્ટની તથા સેટલમેન્ટ સિસ્ટમની મુખ્ય સંસ્થા છે. યુપીઆઈ (યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ) એ મોબાઈલ એપથી બૅન્ક ખાતાનો ઉપયોગ કરીને મોકલવાની કે સ્વીકારવાની રીયલ ટાઈમ પેમેન્ટ મેથડ છે.

હાલમાં યુપીઆઈ માટે પર્સન ટુ પર્સન કે પર્સન ટુ મર્ચન્ટ પેમેન્ટ્સની ટોચમર્યાદા એક લાખ રૂપિયાની છે. અમુક યુઝરને બે લાખ કે પાંચ લાખની લિમિટ આપવામાં આવી છે. ■

## બિહારમાં વીજળી પડતાં ૧૩નાં મોત

પટણા: બિહારના ચાર જિલ્લામાં વીજળી પડવાથી ઓછામાં ઓછા ૧૩ જણ માર્યા ગયા હતા.

વીજળી પડવાથી બેગુસરાઇમાં પાંચ, દરભંગામાં ચાર, મધુબનીમાં ત્રણ અને સમસ્તીપુરમાં એક જણનું મૃત્યુ થયું હતું. મુખ્ય પ્રધાન નીતીશ કુમારે મરનારા આ લોકોના નજીકના સગાંને રૂપિયા ચાર લાખની આર્થિક સહાય આપવાની જાહેરાત કરી હતી.

મુખ્ય પ્રધાને રાજ્યની જનતાને ડિઝાસ્ટર મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટની સૂચનાને અનુસરવા વિનંતિ કરી હતી. (એજન્સી) ■

## રાજસ્થાનના બાડમેરમાં ૪૬.૪ ડિગ્રી ગરમી

જયપુર : રાજસ્થાનમાં કાળઝાળ ગરમી પડી રહી છે અને બાડમેરમાં છેલ્લા ૨૪ કલાકમાં મહત્તમ તાપમાન ૪૬.૪ સેલ્સિયસ ડિગ્રી પર પહોંચી ગયું છે, એવી માહિતી ભારતીય હવામાન ખાતાએ આપી હતી.

જયપુરના હવામાન ખાતાએ આગાહી કરી હતી કે રાજ્યમાં ભીષણ ગરમીનો સમય આગામી ૨૪ કલાકમાં પણ જળવાશે. જોકે વેસ્ટર્ન ડિસ્ટરબન્સને લીધે બિકાનેર, જયપુર,ભરતપુર અને જોધપુર ડિવિઝનના અમુક ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ પડશે અને પવન કલાકે ૪૦-૫૦ કિલમીટરની ઝડપે ફુંકાશે.

હળવા વરસાદને લીધે તાપમાન બેથી ચાર ડિગ્રી નીચે જાય એવી સંભાવના છે. જોકે ૧૪-૧૫ એપ્રિલથી તાપમાન ફરી વધવા માંડશે. (એજન્સી) ■

## રશિયાનું મોદીને વિજય દિવસ પરેડ માટે આમંત્રણ

મોસ્કો: રશિયાએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને બીજા વિશ્વયુદ્ધમાં જર્મની પર વિજયની ૮૦મી વર્ષગાંઠ નિમિત્તે ૯ મેના રોજ યોજાનારા સમારોહમાં હાજરી આપવા માટે આમંત્રણ પાઠવ્યું છે. આ જાણકારી નાયબ વિદેશ પ્રધાન આન્દ્રે રુડેન્કોએ આપી હતી.

મોસ્કોને ૯ મેના રોજ યોજાનારી પરેડમાં ભારતીય વડા પ્રધાન હાજરી આપે તેવી અપેક્ષા છે. રશિયન સમાચાર એજન્સી તાસે રુડેન્કોને ટાંકીને જણાવ્યું કે આમંત્રણ પહેલેથી જ મોકલવામાં આવ્યું છે અને યાત્રાની યોજના ઘડવામાં આવી રહી છે. રુડેન્કોએ મંગળવારે જણાવ્યું કે તેના પર કામ ચાલી રહ્યું છે, તે આ વર્ષે

(જુઓ પાનું ૨) ▶▶

## ડોમિનિકન રિપબ્લિકમાં નાઈટક્લબની છત પડતાં ૧૧૩નાં મોત, ૧૫૦થી વધુ ઘાયલ

સેન્ટો ડોમિંગો: ડોમિનિકન રિપબ્લિકની રાજધાની સેન્ટો ડોમિંગોમાં એક નાઇટક્લબની છત ધરાશાયી થતાં ભયંકર દુર્ઘટના સર્જાઇ હતી. જેમાં ૧૧૩ લોકોનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે ૧૫૦થી વધુ ઘાયલ થયા હતા. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

આ દુર્ઘટનાના મૃતકોમાં એક પ્રાંતીય ગવર્નર અને ભૂતપૂર્વ મેજર લીગ બેઝબોલ પિચર ઓક્ટાવિયો ડોટેલનો પણ સમાવેશ થાય છે. કાટમાળમાંથી બહાર કાઢ્યા બાદ ૫૧ વર્ષીય ડોટેલનું હોસ્પિટલ લઇ જતી વખતે રસ્તામાં મૃત્યુ થયું હતું. આ દુર્ઘટના મંગળવારે રાત્રે જેટ સેટ નાઇટક્લબમાં લોકપ્રિય મેરેંગ્યુ ગાયક રૂબી પેરેઝના કોન્સર્ટ દરમિયાન બની હતી. તેમના મેનેજરે જણાવ્યું કે આ ઘટનામાં મૃત્યુ પામેલા લોકોમાં તે પણ સામેલ હતા. સેંકડો લોકો કાર્યક્રમ સ્થળની અંદર હતા. લગભગ ૪૦૦ બચાવ કાર્યકરો હજુ પણ બચી ગયેલા લોકોને શોધી રહ્યા છે. જેથી મૃત્યુઆંક વધવાની આશંકા છે. ઇમરજન્સી ઓપરેશન્સ (જુઓ પાનું ૨) ▶▶

## તાઈવાનમાં ૫.૮ની તીવ્રતાનો ભૂકંપ

તાઇપેઇ: તાઇવાનમાં ૫.૮ની તીવ્રતાના ભૂકંપથી ધરા ધ્રુજી ઊઠી હતી. ભૂકંપના આંચકાથી રાજધાની તાઇપેઇમાં ઇમારતો થોડી વાર માટે કંપી ગઇ હતી. જો કે તાત્કાલિક કોઇ નુકસાન કે જાનહાનિના અહેવાલ ન હોવાનું મીડિયા અહેવાલોમાંથી જાણવા મળે છે.યુએસ જીઓલોજિકલ સર્વે(યુએસજીએસ)ના જણાવ્યા અનુસાર ભૂકંપ તાઇપેઇના પૂર્વમાં આવેલા યિલાન કાઉન્ટીમાં લગભગ ૭૦ કિમીની ઊંડાઇએ આવ્યો હતો. યિલાન ફાયર બ્યુરોના એક અધિકારીએ જણાવ્યું કે ભૂકંપ આવ્યો ત્યારે ઇમારત ધ્રુજતી અનુભવાઇ હતી. સ્થાનિક અધિકારીઓ અને રાષ્ટ્રીય અગ્નિશામક એજન્સીએ પુષ્ટિ કરી હતી કે ભૂકંપમાં કોઇને ઇજા કે માળખાકીય નુકસાનના અહેવાલ નથી. ■

## તહવ્વૂર રાણા ટૂંક સમયમાં ભારતની જેલમાં ધકેલાશે

ન્યૂયોર્ક: મુંબઈ આતંકવાદી હુમલાના આરોપી તહવ્વુર રાણાને 'ટૂંક સમયમાં' યુએસમાંથી ભારત પ્રત્યર્પણ કરવામાં આવે તેવી અપેક્ષા છે, એમ સૂત્રોએ જણાવ્યું છે.

ભારતનાં સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારતની એક મલ્ટી-એજન્સી ટીમ યુએસ ગઈ છે અને યુએસ સત્તાવાળાઓ સાથે તમામ કાગળ અને કાયદેસરતાઓ પૂર્ણ કરવામાં આવી રહી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે રાણાનું ટૂંક સમયમાં પ્રત્યર્પણ થઈ શકે તેવી 'ખૂબ જ ઉચ્ચ સંભાવના' છે.

એવું પણ જાણવા મળ્યું છે કે રાણા બુધવારે ભારત આવવાનો નથી અને પ્રત્યાર્પણની પ્રક્રિયા ચાલી રહી છે.

યુ.એસ. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોએ તેની અરજીને નકારી કાઢ્યા પછી રાણાનો ભારતમાં પ્રત્યર્પણ ટાળવાનો છેલ્લો ઉપાય નિષ્ફળ જવાના થોડા દિવસો બાદ જ આ અત્યંત નોંધપાત્ર વિકાસ થયો છે.

રાણા (૬૪) જે હાલમાં લોસ

(જુઓ પાનું ૨) ▶▶



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ટ્રમ્પ ફાર્મા પર પણ ટૅરિફ લાદે તો ભારતની હાલત ખરાબ થઈ શકે છે

**અમેરિકાના** રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે દુનિયાના ૧૬૦ દેશો પર લાદેલા સબસિડાઈઝ્ડ ટૅરિફનો બુધવારથી અમલ થઈ ગયો અને આખી દુનિયામાં ફફડાટ છે કેમ કે ટ્રમ્પની ટૅરિફની દુનિયાભરનાં અર્થતંત્ર પર અસર પડવાની છે. ટ્રમ્પ દ્વારા ભારત પર લાદવામાં આવેલી ૨૬ ટકા ટૅરિફનો બુધવારે સવારે ૯.૩૧ વાગ્યાથી અમલ શરૂ થઈ ગયો છે. ભારત પર લાદવામાં આવેલી આ ટૅરિફ પછી આજથી અમેરિકામાં નિકાસ થતી દરેક ભારતીય વસ્તુ પર અગાઉ લેવાતી ડ્યૂટી ઉપરાંત ૨૬ ટકા વધારાની ડ્યૂટી વસૂલવામાં આવશે તેથી ઘણ ચીજો પરનો ટેક્સ ૫૦ ટકાને પણ પાર કરી જશે.

બે દેશો વચ્ચેના વ્યાપારી સંબંધો અંગે લેવાનારા નિર્ણયની અસર રાતોરાત નથી થતી પણ લાંબા ગાળે થાય છે તેથી આ ટૅરિફની અસર તાત્કાલિક નહીં દેખાય પણ લાંબા ગાળે દેખાશે. અત્યારે તો મોદી સરકારની ભક્તિમાં લીન ઉદ્યોગ જગતના કેટલાક લોકો આ ટૅરિફની ભારત પર બહુ અસર નહીં થાય, બલકે લાંબા ગાળે ફાયદો થશે એવી વાતો કરી રહ્યા છે, પણ આ વાતો લોકોને ગેરમાર્ગે દોરનારી છે. ભારત આર્થિક રીતે અમેરિકા સહિતના દેશો પર નિર્ભર છે તેથી ભારતને ખરાબ અસર થશે જ. તેનું ટ્રેલર બે દિવસ પહેલાં જ ભારતીય શેરબજારોમાં થયેલા રમખાણોમાં જોવા મળી જ ગયું છે. ટૅરિફ આવે એ પહેલાં તો એક જ દિવસમાં સેન્સેક્સ ૩૩૦૦ પોઈન્ટ તૂટી ગયો ને રોકાણકારોના ૧૯ લાખ કરોડ સ્વાહા થઈ ગયા.

ભારતે હજુ તો આવા બીજા આંચકા સહન કરવા તૈયાર રહેવું પડશે કેમ કે ટ્રમ્પ હજુ ટૅરિફનો બીજો ડોઝ આપવાના જ છે. છે. ટ્રમ્પે કહ્યું જ છે કે, ભારત અમેરિકાના માલ પર ૫૨ ટકા સુધીની ટૅરિફ લાદે છે તેથી અમેરિકા પણ ભારતના માલ પર પર ૨૬ ટકા ટૅરિફ લાદશે. ટ્રમ્પે પોતાની ટૅરિફ રેસિપ્રોકલ એટલે કે સંપૂર્ણપણે પારસ્પરિક નથી એવી સ્પષ્ટતા કરીને કહ્યું છે કે, અમે બીજા દેશો અમારી પાસેથી વસૂલ કરી રહ્યા છે તેનાથી લગભગ અડધી ટૅરિફ વસૂલ કરીશું. ટ્રમ્પે એ પણ કહ્યું છે કે, હું રેસિપ્રોકલ એટલે કે સંપૂર્ણપણે પારસ્પરિક ટૅરિફ નાખી શકું તેમ હતો ઘણા દેશો માટે રેસિપ્રોકલ ટૅરિફે મુશ્કેલી સર્જી હોત અને અમે એવું કરવા માગતા ન હતા તેથી સબસિડાઈઝ્ડ ટૅરિફ લાદી હોવાનુ ટ્રમ્પે કહ્યું જ છે. મતલબ કે રેસિપ્રોકલ ટૅરિફ માટે ભારતે તૈયાર રહેવું પડશે.

વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન (WTO)ના ડેટા અનુસાર, ભારતમાં સરેરાશ ટૅરિફ સૌથી વધુ છે. ભારતમાં સરેરાશ ટૅરિફ ૧૭ ટકા છે, જ્યારે અમેરિકામાં તે માત્ર ૩.૩ ટકા છે. ટ્રમ્પના ડેટા પ્રમાણે જ ભારતમાં ૫૨ ટકા ટૅરિફ છે તેથી ટ્રમ્પ ૫૨ ટકા સુધી તો ટૅરિફ લાદી જ શકે છે.

ભારત માટે બીજો મોટો ખતરો ફાર્માસ્યુટિકલ્સ પ્રોડક્ટ્સ પર ટૅરિફનો છે. ટ્રમ્પે ટૅરિફના પહેલા રાઉન્ડમાં ફાર્માસ્યુટિકલ્સ પર ટૅરિફના લાદી તેથી ભારતીયો ખુશ હતા પણ આ ખુશી બહુ ટકી નથી કેમ કે ટ્રમ્પે એલાન કરી જ દીધું છે કે, અમે ફાર્માસ્યુટિકલ્સ પર ટૅરિફ લાદવા જઈ રહ્યા છીએ. ટૂંક સમયમાં ફાર્મા પર ખૂબ જ ભારે ટૅરિફ લાદવામાં આવશે. મારું કામ અમેરિકન ડ્રીમનું રક્ષણ કરવાનું છે.

અમેરિકન નાગરિકોની સુરક્ષા કરવી એ મારું કામ છે અને હું એ જ કરી રહ્યો છું.

ટ્રમ્પની ધમકીનો મતલબ એ થાય કે અત્યારે ભારતના માલ પર લદાતી ટૅરિફ કરતાં વધારે ટૅરિફ ફાર્માસ્યુટિકલ પ્રોડક્ટસ પર લદાશે. ટ્રમ્પ ખરેખર એવું કરે તો ભારતની હાલત બગડી જાય કે કે ભારતમાંથી અમેરિકામાં જંગી પ્રમાણમાં ફાર્મા પ્રોડક્ટ્સની નિકાસ થાય છે અને જંગી વિદેશી હૂંડિયામણ મળે છે. ભારત દ્વારા અમેરિકામાં કરાતી નિકાસમાં ફાર્માસ્યુટિકલ પ્રોડક્ટ્સનો કુલ હિસ્સો ૧૧ ટકા છે.

અત્યારે મોટા પ્રમાણમાં સસ્તી દવાઓ ભારતથી અમેરિકા જાય છે. અમેરિકા ભારતમાંથી ૧૨ અબજ ડૉલર (લગભગ ૧ લાખ કરોડ રૂપિયા)થી વધુ કિંમતની દવાઓ અને ફાર્મા ઉત્પાદનોની આયાત કરે છે. અત્યારે વાર્ષિક આશરે ૭૬૦૦૦ કરોડ રૂપિયાનાં તો માત્ર ફાર્મા ઉત્પાદનની જ અમેરિકામાં નિકાસ થાય છે. ફાર્મા ઉત્પાદનોમાં સીધી લેવાતી દવાઓ સિવાયની પ્રોડક્ટ્સ આવે છે.

ભારતીય ફાર્મા કંપનીઓમાંથી મોટા ભાગની ટોચની કંપનીઓ એવી છે કે જેમની કુલ આવકનો ૩૦ ટકાથી ૫૦ ટકા હિસ્સો અમેરિકામાંથી થતી નિકાસની આવકનો છે. ગ્લેન્ડ ફાર્માની કુલ આવકનો ૫૦ ટકા હિસ્સો અમેરિકામાં થતી નિકાસમાંથી આવે છે. અરબિંદો ફાર્માની ૪૮ ટકા કમાણી અમેરિકાની નિકાસમાંથી છે. ડો. રેડ્ડીઝ લેબમાં આ હિસ્સો ૪૭ ટકા, ઝાયડસ લાઇફમાં ૪૬ ટકા, લ્યુપિનમાં ૩૭ ટકા, સન ફાર્મામાં ૩૨ ટકા અને સિપ્લામાં ૨૯ ટકા છે. મોટી કંપનીઓમાંથી ટોરેન્ટ ફાર્મા જ અપવાદ છે. ટોરન્ટ ફાર્માની માત્ર ૯ ટકા આવક અમેરિકામાં થતી નિકાસમાંથી થાય છે.

અમેરિકામાં ભારતીય માલ પર ૨૬ ટકા ટૅરિફ લાદવાથી જે તે પ્રોડક્ટના ભાવ વધી ગયા છે અને ભારતીય કંપનીઓનો માલ ઓછો ખપવાનો છે ત્યારે ફાર્મા કંપનીઓ પર ૨૬ ટકાથી પણ વધારે ટૅરિફ લદાય તો શું થશે એ વિચારવાની જરૂર છે. અત્યારે ૨૬ ટકા ટૅરિફના કારણે ઇલેક્ટ્રોનિક્સ, રત્નો અને ઝવેરાત, ઓટોમોબાઇલ્સ અને કાપડ એ ચાર સેક્ટરને મોટો ફટકો પડશે. હવે તેમાં ફાર્મા સેક્ટર પણ ઉમેરાય તો ભારતની હવા ટાઈટ થઈ જાય.

અમેરિકાનો ટાર્ગેટ પોતાની વ્યાપાર ખાધ ઘટાડવાનો છે. ૨૦૨૩-૨૪માં ભારતનો અમેરિકા સાથેનો વેપાર સરપ્લસ ૩૫.૩૨ બિલિયન ડૉલર હતો. આ સરપ્લસ ટૅરિફ દ્વારા ઘટાડી શકાય છે તેથી ટ્રમ્પ હજુ ટૅરિફના ઝાટકા આપશે જ. કમનસીબે ભારત પાસે આ ટૅરિફના ઝાટકાને કઈ રીતે ખાળવા તેની કોઈ દવા નથી ને આપણા શાસકોમાં એવી સૂઝ કે પ્રભાવ પણ નથી.

અમેરિકા ખોટું કરી રહ્યું છે એમ કહીને ઊભા રહેવાની ને તેની સામે લડી લેવાની લડાયકતા જરૂરી છે. ટ્રમ્પે ટૅરિફ લાદ્યો પછી કેનેડા, ચીન, મેક્સિકો સહિતના દેશોએ જેવા સાથે તેવા થઈને અમેરિકાના માલ પર વળતી ટૅરિફ લાદી દીધી. આપણે દુનિયામાં ચોથા નંબરની ઈકોનોમી બની ગયા છીએ અને તેથી વૈશ્વિક અર્થતંત્રમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકીએ એમ છીએ.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, ગુરુવાર, તા. ૧૦-૪-૨૦૨૫, પ્રદોષ, મહાવીર જયંતી

- ભારતીય દિનાંક ૨૦, માહે ચૈત્ર, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, ચૈત્ર સુદ -૧૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ચૈત્ર, તિથિ સુદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૧મો રામ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૧મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૨મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- નક્ષત્ર પૂર્વાફાલ્ગુની બપોરે ક. ૧૨-૨૪ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની
- ચંદ્ર સિંહમાં રાત્રે ક. ૧૯-૦૪ સુધી, પછી કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ), કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૫, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૧૧-૦૦, રાત્રે ક. ૨૩-૦૪
- ઓટઃ સાંજે ક. ૧૭-૦૦, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૨૨ (તા. ૧૧)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ચૈત્ર શુક્લ – ત્રયોદશી. અનંગ ત્રયોદશી, પ્રદોષ મહાવીર જયંતી (જૈન).
- શુભાશુભ દિનશુદ્ધિઃ સર્વદેવ પ્રતિષ્ઠા, શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ વિનાયક પૂજા, પ્રદોષ, વ્રત ઉપવાસ, રાત્રિ જાગરણ, શિવ-પાર્વતી પૂજા, મહાલક્ષ્મી પૂજા, ભગવાન સૂર્યનારાયણ, ગુરુ ગ્રહદેવતાનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, પીપળાનું પૂજન, અર્યમા પૂજન, સ્થિર કાર્યો, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, પ્રયાણ મધ્યમ, મુંડન કરાવવું નહીં, નવા વસ્ત્રો, આભૂષણ, દુકાન, વેપાર, નોકરી, દસ્તાવેજ, રાજ્યાભિષેક, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, મિત્રતા કરવી, બાળકને અન્નપ્રાશન, નામકરણ, દેવદર્શન, સીમંત સંસ્કાર, પાટ-અભિષેક પૂજા, ધજા, કળશ પતાકા ચઢાવવી, બગીચો બનાવવો, રોપા વાવવા, બી વાવવું, ધાન્ય ભરવું, ખેતીવાડી, નવી તિજોરીની સ્થાપના.
- આચમનઃ ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-શનિ પ્રતિયુતિ, ચંદ્ર-રાહુ પ્રતિયુતિ, ચંદ્ર-બુધ પ્રતિયુતિ (તા. ૧૧)
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-શનિ પ્રતિયુતિ, ચંદ્ર-રાહુ પ્રતિયુતિ, ચંદ્ર-બુધ પ્રતિયુતિ (તા. ૧૧)
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, માર્ગી મંગળ-કર્ક, માર્ગી બુધ-મીન, માર્ગી ગુરુ-વૃષભ, વક્રી શુક્ર-મીન, માર્ગી શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# નિરીક્ષતા અને દરિદ્રતાઃ અંધકારમાંથી પ્રકાશમાં આવવું જ રહ્યું

(ગતાંકથી સંપૂર્ણ)

**ઈસ્લામમાં** ધર્મયુદ્ધ કરતાં શિક્ષણ ઉચ્ચ સ્થાને છે. પવિત્ર કુરાન કહે છે કે, 'જાણકારી ન હોય તો જાણકારોને પૂછો.' આ આજ્ઞા છે.

– માહિતગાર પાસેથી માહિતી પ્રાપ્ત કરવી કર્તવ્ય છે. માહિતી માટે પ્રશ્નો કરતા રહો, પ્રત્યુત્તરો આપતા રહો, પ્રશ્નાર્થીને રોકો નહીં, ટોકો નહીં. તેને પ્રોત્સાહિત કરી પ્રેરણા આપતા રહો.

જ્ઞાનગ્રહણ કરી તેને પ્રદાન કરવું ફરજિયાત છે. તે જ્ઞાનની ઝકાત છે. ઝકાત એટલે પવિત્ર કરવું. નગદ ઝકાત નાણું પવિત્ર કરે છે.

– રોજા શરીરની ઝકાત છે તેથી શરીર પવિત્ર થાય છે.

અમિરૂલ મુઅમીનીન, શેરે ખુદા હઝરત અલી અલૈયહિ સલ્લામ ફરમાવે છે કે ધન કરતાં જ્ઞાન અપનાવો.

* ધન વાપરતા ઘટી જાય છે જ્યારે વિદ્યા વાપરતા તેનો ગુણાકાર થાય છે. * વિદ્યા દાન જેવું ઉત્તમોત્તમ દાન બીજું કોઈ નથી. * તે દીવાદાંડી છે. * માર્ગદર્શક છે. * કોઈ વિદ્યાર્થીને અભ્યાસ માટે આર્થિક સહાય કરવી અથવા સુગમતાથી અભ્યાસ કરી શકે તેવી વ્યવસ્થા કરી આપવી પણ વિદ્યાદાન છે.

વહાલા જિજ્ઞાસુ વાચક મિત્રો! હઝરત ઈબ્ને મસુદ સહાબીઓ અર્થાત્ જેઓ દીને ઈસ્લામ પર ઈમાન (આસ્થા – શ્રદ્ધા) લાવ્યા તેમને કહે છે કે,

– 'આપે પયગંબર હુઝૂર મુહંમ્મદ (સલ.)ને કહેતા સાંભળ્યા કે બે પ્રકારની વ્યક્તિઓ ધ્યાનાકર્ષક હોય છે.

૧. અલ્લાહ જેને ધનપતિ બનાવે છે જે તેનો ઉપયોગ શુભ કાર્યો માટે કરે છે.

૨. જેને અલ્લા વિદ્યાર્થી નવાજે છે – સન્માનિત કરે છે અને જે તેનું મનન કરી અન્યોને શીખવાડે છે.

– એક જ વ્યક્તિમાં ઉપરોક્ત બંને બાબતોનો સમન્વય જાણે સોનામાં સુગંધ.

* વિદ્યાર્થી ધનિકમાં નમ્રતા અને સંવેદના સ્ફૂરે છે.
* પોતાના ધનને તે માત્ર રખેવાળ સમજે છે.

– પરંતુ જ્ઞાન પ્રદાન કરવામાં આપણે ઊણા છીએ.

... ગુજરાતીમાં એક કહેવત છેઃ

'બોર ખવરાવવા પણ બોરડી બતાવવી નહીં.'

– ઘણા જ ધર્મિષ્ઠ અને જ્ઞાની છીએ તે પ્રદર્શિત કરવા અધકચરૂ ધાર્મિક જ્ઞાન છૂટે હાથે વેરીએ છીએ.

– માહિતી ન હોય તો પણ અભિપ્રાય આપીએ છીએ, પરંતુ ધંધાકીય અને નાણાકીય જ્ઞાનમાં પાવરધા હોઈએ તો પણ મૌન સેવીએ છીએ. ભય સતાવે છે કે સલાહ ઈચ્છિત વ્યક્તિ આપણાથી આગળ નીકળી જશે તો? આજ ભયથી સાચી સલાહ પણ મળતી નથી. આ આલેખનના કર્તાને આવા કડવા અનુભવ થયા છે.

– આ વિનાશક વૃત્તિને પરિણામે આવડતને કબરમાં સાથે લઈ જઈએ છીએ.

– મુસ્લિમોની અનેક શોધ-ખોળો આમ જ દટાઈ ગઈ છે.

* હૈદ્રાબાદના ગોલકોંડાની ટોચ પરથી નીચે તળેટીમાં સંભળાતો અવાજ!

* અમદાવાદના ઝુલતા ઝુલ્લા!

– આ અને એવા અનેક સ્મારકો ઊભા કરનારનું રહસ્ય કોઈ ખોલી શક્યું નથી.

* બાદશાહો અને નવાબોના ખામચીઓ (રસોઈયા) સ્વાદિષ્ટ વાનીઓનું રહસ્ય સાથે જ લઈ ગયા.

સનાતન સત્યઃ

– ઘણું જ દુઃખ છે કે જે ધર્મ દીન-દુનિયાના શિક્ષણને આટલું મહત્ત્વ આપે છે તેના અનુયાયીઓ આ ક્ષેત્રમાં સૌથી આગળ છે.

– મુસલમાનોએ નિરીક્ષતા અને દરિદ્રતાના અંધકારમાંથી પ્રકાશમાં આવવું જ રહ્યું.

* પ્રતિભા અને પ્રતિષ્ઠા તેનો વારસો છે. * કોઈ રાહબર નથી, કોઈ સેનાપતિ નથી. * પ્રત્યેક મુસ્લિમે લોખંડી સંકલ્પથી * શિક્ષિત * સમૃદ્ધ * સાધન – સંપન્ન થઈ વગોવણીમાંથી વખાણવા લાયક થવાનું છે.

– પવિત્ર કુરાન કહે છે – 'જે પ્રયત્ન કરે છે તેને અલ્લાહ સહાય કરે છે.

અંતમાં અલ્લામાં ઈકબાલ સા'બના એક શે'રથી લેખનું સમાપન કરીશુંઃ

*ન સમજોગે તો મીટ જાઓગે*
*અય મુસલમાનો,*
*તુમ્હારી દાસ્તા તક ન રહેગી*
*દાસ્તાનો મે.*

નોંધઃ અહીં હિન્દુસ્તાનવાલો'ને બદલે 'મુસલમાનો' શબ્દ પ્રયોગ કર્યો છે.

**– આબિદ લાખાણી**

* * *

### મોમીનની ઓળખઃ નમ્રતા અને સંવેદના

ઈસ્લામ તેની ઉમ્મત અર્થાત્ અનુયાયીઓ – પ્રજાજનોને માત્ર ઈબાદત (પ્રાર્થના, સ્તુતિ) અને પરહેજગારી (સંયમ) પાળવાનું શિક્ષણ જ નથી આપતું પરંતુ નેક માર્ગે આજીવિકા માટે પ્રયત્ન કરવા માટેની તાકિદ પણ કરે છે. દુનિયાથી સંબંધ ત્યજીને – નેવે મૂકી દઈને બંદગી (ભક્તિ)માં જ લીન રહેવાનું ઈસ્લામ ફરમાવતું નથી. બલ્કે ઈસ્લામ સખત પરિશ્રમ દ્વારા રોજીરોટી મેળવવાનું બંદા પર ફરજ ઠેરવેલ છે અને મહેનતકશોની તારીફ (પ્રશંસા) કરે છે.

આખરી પયગંબર હઝરત મુહંમદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ (સ.અ.વ.) ફરમાવે છે કે, 'તે ખાણું સૌથી ઉત્તમ પ્રકારનું છે જે પોતાની મહેનત અને ઈનામદારીથી મેળવીને આરોગવામાં આવ્યું હોય.'

હિદાયતમાં તો દુન્યવી મહેનતને પણે ઈબાદત (પ્રાર્થના, ભક્તિ)ના દરજ્જા સુધી લઈ જઈ શકાય તેવી નસિહત (બોધ) મળી રહેવા પામે છે. પોતાની ફરજો પૂરી કરતાં રહીને વફાદારીથી નોકરી કરવામાં આવે તો તે ઈબાદત છે. ઈમાનદારીથી વેપાર – તીજારત કરવામાં આવે તો તે પણ ઈબાદત છે. શરિયતની મર્યાદામાં રહીને કરવામાં આવેલું તે તમામ કાર્ય, કે જે મહેનત – પરિશ્રમ કરીને આજીવિકા મેળવેલ હોય તે ઈબાદતનો જ એક ભાગ – દરજ્જો રાખે છે. મતલબ કે મોમીન (એક સાચા મુસલમાન)ની પ્રત્યેક મહેનતમાં ઈબાદત અને પ્રત્યેક ઈબાદતમાં મહેનત હોવી જોઈએ.

ફરમાવવામાં આવ્યું છે કે, 'અય મુસલમાનો! તમે અમારી યાદીમાં લાગ્યા રહો જેથી અમારે ત્યાં પણ તમારા માટે મુક્તિની ઘોષણા થતી રહે.' અને જગતકર્તા જેના માટે મુક્તિનો નિર્ણય કરી લે છે, પછી તેને શું કમી રહે?

માનવી માત્ર સાચા ખોટાની સમજ ધરાવે છે, પરંતુ માણસજાત એટલી બધી અહેસાન ફરામોશ (નગુણી) થઈ ગઈ છે કે, અલ્લાહતઆલાની આ અતિ અમૂલ્ય તોહફા (ભેટ)નો ગેરલાભ ઉઠાવે છે. યાદ રાખવું ઘટે કે પશુ-પક્ષીઓ પણ અન્ન માટે જમીન પર પોતાનું મસ્તક (માથું) નમાવતા હોય છે અને જો હક અને અનહક, જાઈઝ અને નાજાઈઝને સમજવાની આટલી સમજ પ્રાણીમાત્રને આપવામાં આવી હોય તો અલ્લાહે ઈન્સાનને પોતાનો પ્રતિનિધિ બનાવીને આ દુનિયામાં મોકલ્યો છે તેને કેટલી – કેવી ઊંડી સમજશક્તિ પ્રદાન કરી હશે? પણ અફસોસ! આદમની ઔલાદ આ દેણગીને ભૂલી બેઠો છે અને રોશનીને બદલે અંધકાર તરફ ઘસડાતો જઈ રહ્યો છે.

માનવી કંઈ વાહન નથી કે કોઈના ચલાવ્યાથી તે ચાલે. તેને ખુદને જ પોતાનો માર્ગ પાર કરી લેવો પડશે અને મોમીન એજ મંઝિલ પર પહોંચશે જે તરફ તેનું રૂખ (કૂચ) હશે. આમીન – તથાસ્તુ (ઈશ્વર – અલ્લાહ સૌનું- જીવમાત્રનું ભલું કરે).

* * *

### સાપ્તાહિક સંદેશ

* તે મુસલમાન નથી, જેના ભયથી તેના પાડોશીઓ સુરક્ષિત ન હોય. મુસલમાન તે છે જેની જીભ અને હાથથી જીવમાત્ર સુરક્ષિત હોય.
* ઝુલ્મ, કયામત (આખર) નિર્ણય તથા ન્યાયનો દિવસ)ના દિવસે અંધકાર જ અંધકાર છે.
* મઝલૂમો અર્થાત્ પીડિતોની ફરિયાદથી બચો, કારણ કે તે ખુદા પાસે પોતાના હક માગે છે અને ખુદાતઆલા કોઈ હક્કદારનો હક રોકતો નથી.

(ભાવાનુવાદ) – અલ હદીસ

# ૨૬ રાફેલ-એમ જેટ માટે ₹ ૬૪૦૦૦ કરોડના સોદાને મંજૂરી

## સીસીએસે હજુ સુધી પ્રોજેક્ટને ક્લિયર કરવાનો બાકી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સુરક્ષા પરની કેબિનેટ કમિટી (સીસીએસ)એ બુધવારે એરક્રાફ્ટ કેરિયર આઈ.એન.એસ. વિક્રાંત પર તૈનાત કરવા માટે લગભગ ₹૬૪૦૦૦ કરોડના ખર્ચે ફ્રાન્સ પાસેથી રાફેલ ફાઇટર જેટના ૨૬ નેવલ વેરિઅન્ટ્સ ખરીદવાના પ્રસ્તાવને મંજૂરી આપી હતી, એમ સંરક્ષણ સંસ્થાનના સૂત્રોએ જણાવ્યું હતું.

ભારત અને ફ્રાન્સ વચ્ચેના આંતર-સરકારી માળખા હેઠળ કરાર પર હસ્તાક્ષર થયાના પાંચ વર્ષ પછી જેટની ડિલિવરી શરૂ થશે. જુલાઈ ૨૦૨૩માં, સંરક્ષણ મંત્રાલયે પ્લેટફોર્મની શ્રેણીબદ્ધ ચર્ચાઓ અને મૂલ્યાંકન પરીક્ષણો બાદ મેગા એક્વિઝિશન માટે પ્રારંભિક મંજૂરી આપી હતી.

આ સોદા હેઠળ, ભારતીય નૌકાદળને રાફેલ (મરીન) જેટના નિર્માતા ડેસોલ્ટ એવિએશન પાસેથી શસ્ત્ર પ્રણાલી અને સ્પેર સહિત સંકળાયેલ આનુષંગિક સાધનો પણ મળશે. ભારતીય વાયુસેનાએ ફ્લાય અવે કન્ડીશનમાં ૩૬ રાફેલ ફાઈટર એરક્રાફ્ટ ખરીદ્યા છે.

ભારતીય વાયુસેનામાં એક વિચાર છે કે તેણે રાફેલ જેટની ઓછામાં ઓછી બે વધુ સ્ક્વોડ્રન લેવી જોઈએ.

છેલ્લા કેટલાક વર્ષોમાં ભારત અને ફ્રાન્સ વચ્ચે સંરક્ષણ અને વ્યૂહાત્મક સંબંધોમાં ઉછાળો આવ્યો છે.

જુલાઈ ૨૦૧૩માં, ભારત અને ફ્રાન્સે જેટ અને હેલિકોપ્ટર એન્જિનના સંયુક્ત વિકાસ સહિત ગ્રાઉન્ડ બ્રેકિંગ સંરક્ષણ સહયોગ પ્રોજેક્ટ્સની જાહેરાત કરી હતી.

બંને વ્યૂહાત્મક ભાગીદારોએ ત્રીજા દેશોના લાભ સહિત અદ્યતન સંરક્ષણ તકનીકોના સહ-વિકાસ અને સહ-ઉત્પાદનમાં સહયોગ કરવાની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી હતી.

સંરક્ષણ મંત્રાલયે લગભગ બે વર્ષ પહેલા ભારતના નૌકાદળના પરાક્રમમાં વધારો કરવા માટે ત્રણ સ્કોર્પિન સબમરીન ખરીદવાના પ્રસ્તાવને પણ મંજૂરી આપી હતી.

જો કે, સીસીએસે હજુ સુધી પ્રોજેક્ટને ક્લિયર કરવાનો બાકી છે.

ભારતીય નૌકાદળના પ્રોજેક્ટ ૭૫ હેઠળ, મઝાગોન ડોક લિમિટેડ દ્વારા ફ્રાન્સના નેવલ ગ્રૂપના સહયોગથી ભારતમાં છ સ્કોર્પિન સબમરીનનું નિર્માણ કરવામાં આવ્યું છે.

## પહેલા પાનાનું ચાલુ

### રશિયાનું મોદીને

થઇ જવું જોઇએ. તેમને આમંત્રણ મળ્યું છે.

રશિયાએ આ વર્ષના વિજય દિવસ પરેડમાં હાજરી આપવા માટે ઘણા મિત્ર દેશોના નેતાઓને આમંત્રણ આપ્યું છે. જાન્યુઆરી ૧૯૪૫માં સોવિયેત સેનાએ જર્મની સામે આક્રમણ શરૂ કર્યું હતું. ૯ મેના રોજ કમાન્ડર-ઇન-ચીફે જર્મનીના બિનશરતી આત્મસમર્પણના કાયદા પર હસ્તાક્ષર કર્યા હતા. જેનાથી યુદ્ધનો અંત આવ્યો હતો.

વડા પ્રધાન મોદીએ જુલાઇ ૨૦૨૪માં રશિયાની મુલાકાત લીધી હતી, જે લગભગ પાંચ વર્ષમાં દેશની તેમની પ્રથમ મુલાકાત હતી. તેમણે ૨૦૧૯માં એક આર્થિક સંમેલનમાં હાજરી આપવા માટે દૂર પૂર્વીય શહેર વ્લાદિવોસ્તોકની મુલાકાત લીધી હતી. છેલ્લી મુલાકાત દરમિયાન મોદીએ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને ભારત આવવાનું આમંત્રણ આપ્યું હતું.

પુતિને મોદીના ભારત પ્રવાસના આમંત્રણનો પહેલા જ સ્વીકાર કરી લીધો છે. જો કે પુતિનની મુલાકાતની તારીખો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. પુતિન અને મોદી નિયમિત સંપર્કમાં રહે છે. દર બે મહિને એકવાર ટેલિફોનિક વાતચીત કરે છે. બંને નેતાઓ ખાસ કરીને આંતરરાષ્ટ્રીય કાર્યક્રમો દરમિયાન રૂબરૂ પણ મળતા રહે છે.

### વ્યાજદર ઘટાડાયો

વિકાસલક્ષી છે. શશિકાંતે જરૂરી ચીજવસ્તુના ભાવ કાબૂમાં રાખવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

દરમિયાન કોન્ફેડેરશન ઑફ રીયલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિયેશન ઑફ ઈન્ડિયા અને નેશનલ રીયલ એસ્ટેટ ડેવલપમેન્ટ કાઉન્સિલએ કહ્યું છે કે આરબીઆઈના રેપો વ્યાજદરમાં કપાતને લીધે હોમલોનના વ્યાજદર નીચે જશે

૧૬,૦૦૦થી વધારે ડેવલપર જેના સભ્ય છે એ બે સંગઠને રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટ ઘટાડવાનાં પગલાંને આવકાર્યું હતું. આનાથી રિયલ એસ્ટેટની ડિમાન્ડ વધશે. વૈશ્વિક અફડાતફડીને પગલે અમારી હિલચાલ વિકાસલક્ષી વલણ અપનાવવા તરફની છે. (એજન્સી)

### ડોમિનિકન

સેન્ટર (સીઓઇ)ના ડિરેક્ટર જુઆન મેન્યુઅલ મેન્ડેઝે જણાવ્યું કે નાઇટક્લબની તૂટી પડેલી છત નીચે દટાયેલા ઘણા લોકો હજુ પણ જીવિત હોવાની તેમને આશા છે. જેટ સેટ એ સાન્ટો ડોમિંગોની એક લોકપ્રિય નાઇટક્લબ છે. જે નિયમિતપણે સોમવારે સાંજે નૃત્ય સંગીત સમારોહનું આયોજન કરે છે. આ સમારોહમાં રાજકારણીઓ, રમતવીરો અને અન્ય અગ્રણી વ્યક્તિઓ હાજર હતા.

રાષ્ટ્રપતિ લુઇસ અબિનાડેરે જણાવ્યું કે પીડિતોમાં મોન્ટે ક્રિસ્ટી પ્રાંતના ગવર્નર નેલ્સી ક્રુઝ પણ સામેલ હતા. તે ભૂતપૂર્વ બેઝબોલ ખેલાડી નેલ્સન ક્રુઝની બહેન હતી. જે સાત વખત મેજર લીગ બેઝબોલ ઓલ-સ્ટાર રહી ચૂક્યા છે. ક્લબની અંદરના વીડિયો ફૂટેજમાં લોકો સ્ટેજની સામેના ટેબલો પર બેઠેલા જોવા મળે છે અને પાછળના ભાગમાં કેટલાક લોકો સંગીત પર નાચી રહ્યા છે, જ્યારે રુબી પેરેઝ ગાઇ રહ્યા છે.

રુબી પેરેઝના બેન્ડના એક સભ્યએ સ્થાનિક મીડિયાને જણાવ્યું કે જ્યારે રાત્રે ૧ વાગ્યે ઇમારત ધરાશાયી થઇ ત્યારે ક્લબ ભરેલી હતી. સંગીતકારે કહ્યું કે મને લાગ્યું કે ભૂકંપ આવ્યો છે. રુબી પેરેઝની પુત્રીએ જણાવ્યું કે કાટમાળમાં ફસાયેલા લોકોમાં તેના પિતા પણ હતા. રાષ્ટ્રપતિ અબિનાદરે અસરગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

### તહવ્વુર રાણા

એન્જલસમાં મેટ્રોપોલિટન ડિટેન્શન સેન્ટરમાં છે, તેણે ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ યુનાઇટેડ સ્ટેટ્સની સુપ્રીમ કોર્ટના એસોસિયેટ જસ્ટિસ એલિન્થના સર્કિટ જસ્ટિસ સમક્ષ 'સ્ટે પેન્ડિંગ લિટિગેશન ઑફ રિટ ઑફ હેબિયસ કોર્પસ' માટે ઇમરજન્સી એપ્લિકેશન સબમિટ કરી હતી.

કાગને ગયા મહિનાની શરૂઆતમાં અરજી નકારી હતી.

ત્યારપછી રાણાએ તેમની 'અગાઉ જસ્ટિસ કાગનને સંબોધવામાં આવેલી હેબિયસ કોર્પસની રિટ માટેની પિટિશનની સ્ટે પેન્ડિંગ લિટિગેશન માટેની ઇમરજન્સી અરજી' રિન્યૂ કરી હતી, અને વિનંતી કરી હતી કે રિન્યૂ અરજી યુએસ ચીફ જસ્ટિસ જ્હોન રોબર્ટ્સને નિર્દેશિત કરવામાં આવે.

સુપ્રીમ કોર્ટની વેબસાઈટ પરના આદેશમાં નોંધવામાં આવ્યું છે કે રાણાની અરજી ૪ એપ્રિલના રોજ 'કોન્ફરન્સ માટે વિતરિત' કરવામાં આવી હતી અને 'અરજી'ને 'કોર્ટમાં મોકલવામાં આવી હતી.'

સુપ્રીમ કોર્ટની વેબસાઇટ પર સોમવારે એક નોટિસમાં કહેવામાં આવ્યું છે કે 'કોર્ટ દ્વારા અરજી નકારી કાઢવામાં આવી છે.'

૨૦૦૮ના મુંબઈ આતંકવાદી હુમલામાં છ અમેરિકનો સહિત કુલ ૧૬૬ લોકો માર્યા ગયાં હતાં જેમાં ૧૦ પાકિસ્તાની આતંકવાદીઓએ ૬૦ કલાકથી વધુ સમય સુધી ઘેરો ઘાલ્યો હતો, મુંબઈમાં પ્રતિષ્ઠિત અને મહત્ત્વપૂર્ણ સ્થળોએ લોકોને હુમલો કરીને મારી નાખ્યા હતા.

# કૉંગ્રેસ અધિવેશનમાં રાહુલ ગાંધીએ જાતિ ગણતરીનો મુદ્દો ઉઠાવ્યો, વક્ફ કાયદાને બંધારણ પરનો હુમલો ગણાવ્યો

અમદાવાદઃ શહેરમાં કૉંગ્રેસનું ૮૪મું બે દિવસનું અધિવેશન યોજાયું હતું. બુધવારે અંતિમ દિવસે કૉંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ પાર્ટી કાર્યકર્તાઓને સંબોધિત કર્યા હતા. કાર્યક્રમમાં રાહુલ ગાંધીએ ફરી એકવાર જાતિ ગણતરીને મુદ્દે પોતાનો અવાજ ઉઠાવ્યો હતો. રાહુલે કહ્યું હતું કે, વક્ફ (સુધારો) કાયદો બંધારણ વિરોધી અને ધર્મની સ્વતંત્રતા પર હુમલો છે. રાહુલ ગાંધીએ પોતાના સંબોધનની શરૂઆત કરતા મહાત્મા ગાંધી અને સરદાર પટેલને યાદ કરતા કહ્યું હતું કે, ૧૦૦ વર્ષ પહેલા મહાત્મા ગાંધી કૉંગ્રેસના અધ્યક્ષ બન્યા હતા. સરદાર પટેલનો જન્મ ૧૫૦ વર્ષ પહેલા થયો હતો. ગાંધીજી, સરદાર પટેલ કૉંગ્રેસ પાર્ટીનો પાયો છે.

કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ચેતવણી આપી હતી કે ભાજપ-આરએસએસ ટૂંક સમયમાં ખ્રિસ્તીઓ અને શીખો જેવા અન્ય લઘુમતીઓના અધિકારો પર હુમલો કરશે. તેમણે આર્થિક મોરચે સરકારની ટીકા કરતા કહ્યું હતું કે, આર્થિક વાવાઝોડું નજીક આવી રહ્યું છે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર ટૅરિફ લાદવા અંગે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના દબાણને વશ થવાનો આરોપ મૂક્યો હતો. તેમણે સવાલ કર્યો હતો કે, શું તમે વડા પ્રધાન મોદીનો ટ્રમ્પને ગળે લગાડતો ફોટો જોયો છે? આ વખતે તેમણે મોદીજીને આદેશ આપ્યો હતો કે અમે ગળે નહીં લગાવીશું પણ નવી ટૅરિફ લગાવીશું. આ મુદ્દે મોદી એક શબ્દ પણ ન બોલ્યા. આના પરથી ધ્યાન હટાવવા માટે તેઓએ સંસદમાં બે દિવસ સુધી ડ્રામા ચલાવ્યો હતો.બાંગ્લાદેશના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસ સાથે પીએમ મોદીની તાજેતરની બેઠકનો ઉલ્લેખ કરતા ગાંધીએ કહ્યું હતું કે કે બાંગ્લાદેશી નેતા પ્રતિકૂળ ટિપ્પણી કરે છે અને તેઓ તેમની સાથે બેઠા છે. ગાંધીએ મોદી પર કટાક્ષ કરતા પૂછ્યું હતું કે, ૫૬ ઇંચની છાતી ક્યાં છે.

# રાજ્યમાં સિવિયર હિટવેવની અસર વર્તાઈઃ ૧૨ શહેરોમાં તાપમાનનો પારો ૪૧ ડિગ્રીને પાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં સૌરાષ્ટ્ર-કચ્છમાં સિવિયર હિટવેવની આગાહી વચ્ચે રાજકોટમાં તાપમાનનો પારો ૪૫.૨ ડિગ્રીએ પહોંચ્યો હતો. રાજકોટમાં આગઝરતી ગરમી પડતા શાળાઓનો સમય પણ સવારે ૭ થી ૧૧નો કરી દેવામાં આવ્યો છે. રાજકોટ સિવાય અન્ય ૧૨ શહેરોમાં પણ તાપમાન ૪૧ ડિગ્રીને પાર પહોંચ્યું હતું. પોરબંદરમાં તાપમાનનો પારો ૪૩ ડિગ્રીએ પહોંચ્યો હતો જે સામાન્ય કરતાં ૮.૮ ડિગ્રી નોંધાયું હતું.

હવામાન વિભાગ દ્વારા આવતીકાલ માટે રાજ્યના હવામાનની આગાહી કરવામાં આવી છે. એ મુજબ આગામી ૨૪ કલાકમાં તાપમાનમાં મોટો ફેરફાર જોવા નહીં મળે. ત્યાર બાદ તાપમાનમાં ૨થી ૪ ડિગ્રીનો ઘટાડો જોવા મળશે. આવતીકાલે બનાસકાંઠા, સાબરકાંઠા, રાજકોટ અને કચ્છમાં હિટવેવને પગલે યલો એલર્ટ આપવામાં આવ્યું હતું.

મોટાભાગનાં શહેરોમાં સામાન્ય કરતાં ૧ થી ૮.૮ ડિગ્રી વધુ નોંધાયું હતું. અમદાવાદ અને વડોદરામાં સામાન્ય કરતા ૪.૨ ડિગ્રી વધુ જ્યારે રાજકોટમાં સામાન્ય કરતાં ૬.૨ ડિગ્રી અને સુરતમાં સામાન્ય કરતાં ૪.૯ ડિગ્રી વધુ તાપમાન નોંધાયું હતું. સૌથી વધુ અસર પોરબંદરમાં જોવા મળી અને સામાન્ય કરતાં ૮.૮ ડિગ્રી વધુ તાપમાન નોંધાયું હતું.

# ફિક્સ પે કર્મચારીઓના દૈનિક ભથ્થામાં સરકારે વધારો કર્યો

અમદાવાદઃ ગુજરાત સરકારે ફિક્સ પે કર્મચારીઓને લગતી એક મોટી જાહેરાત કરી હતી, સરકારના નાણાં વિભાગે ફિક્સ પે કર્મચારીઓના દૈનિક ભથ્થામાં વધારો કરવાની જાહેરાત કરી હતી તે ઉપરાંત કામના કલાક સિવાય મુસાફરી ભથ્થા અંગે પણ નિર્ણય લેવામાં આવ્યો હતો. નાણાં વિભાગના નવા નિયમ મુજબ,ફિક્સ પે વેતન મેળવતા કર્મચારીઓને ૧૨ કલાકથી ઓછા સમયના રોકાણ માટે ભથ્થું રૂ. ૧૨૦થી વધારીને રૂ. ૨૦૦ કરવામાં આવ્યું છે, જ્યારે ૧૨ કલાકથી વધુ સમયના રોકાણ માટે ભથ્થું રૂ. ૨૪૦થી વધારીને રૂ. ૪૦૦ નક્કી કરાયું છે. આ ઉપરાંત, આ કર્મચારીઓને મુસાફરી ભથ્થા તરીકે બસ અને રેલવેના નિયમો અનુસાર ખર્ચ આપવામાં આવશે, જે તેમના માટે નોંધપાત્ર રાહતકારક રહેશે. ખાસ કરીને જે કર્મચારીઓ સરકારી કામગીરી માટે બહાર જાય છે, તેઓને હવે નવા ભથ્થા દરોનો લાભ મળશે. જો કોઈ કર્મચારી ૬ કલાકથી વધુ પરંતુ ૧૨ કલાકથી ઓછા સમય સુધી રોકાય છે, તો તેને રૂ. ૨૦૦નું ભથ્થું મળશે, જ્યારે ૧૨ કલાકથી વધુ સમયના કેસમાં રૂ. ૪૦૦ આપવામાં આવશે. આ ફેરફારથી ફિક્સ પે કર્મચારીઓની આર્થિક સ્થિતિમાં સુધારો થશે અને તેમની કાર્યક્ષમતા પણ વધશે. આ નિર્ણયને કર્મચારીઓએ સરકારનાં સકારાત્મક પગલાં તરીકે આવકાર્યો છે. નાણાં વિભાગે આ ભથ્થા વધારાને મંજૂરી આપીને ઔપચારિક જાહેરાત કરી હતી. ફિક્સ પે કર્મચારીઓ તરફથી રજૂઆતો થયા બાદ નાણાં વિભાગે આ પ્રસ્તાવને સ્વીકારી ઠરાવ પસાર કર્યો હતો. આ પહેલાં ડિસેમ્બર ૨૦૨૪માં ગુજરાત સરકારે સરકારી કર્મચારીઓ અને પેન્શનરો માટે મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કર્યો હતો, જે ૧ જુલાઈ ૨૦૨૪થી લાગુ થયો હતો.

# કૉંગ્રેસના ગુજરાતના કાર્યકર્તા ના વેચાયા છે, ના ડર્યા છેઃ શક્તિસિંહ ગોહિલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત કૉંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે કૉંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનમાં પ્રાસંગિક પ્રવચન કર્યું હતું, આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજી અને સરદાર સાહેબની આ જન્મભૂમિ પર હૃદયથી સ્વાગત કરું છું. તમારા આગમનથી અમને એક તાકાત મળી છે. હું ખડગે, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીનો આભાર માનું છું કે એક ઐતિહાસિક અવસર પર, જે આ ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના પ્રથમ અધ્યક્ષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી છે, તેના પર આપે અમને ગુજરાતમાં એઆઈસીસીનું સત્ર ઘણાં વર્ષો પછી મળ્યું છે. તેથી હું અમારા નેતાઓનો હૃદયથી આભાર માનું છું.

હું એ કહીશ કે તમારા બધાના આવવાથી, અમને નવી તાકાત મળી છે. આપ આએ બહારોને ખુશ્બુ લુટાઈ, આપ આએ બહારોને ખુશ્બુ લુટાઈ, અરે ફૂલ તો ફૂલ, કાંટો સે ભી અબ ખૂશ્બુ આને લગી છે. આ આપ સૌનો પ્રેમ છે. અંગ્રેજોની લાઠી અને ગોળી સામે અમારી વિચારધારા લડી હતી. મને ગર્વ છે, મને નાઝ છે ગુજરાત કૉંગ્રેસના ગામ-ગામમાં રહેલા મારા કૉંગ્રેસના કાર્યકર્તાઓ પર, ભલે અમે ૩૦ વર્ષથી શાસનમાં નથી રહ્યા, પણ રાહુલ ગાંધી કહે છે ને કે કૉંગ્રેસનો કાર્યકર બબ્બર શેર છે. મારા આ કૉંગ્રેસના ગુજરાતના કાર્યકર્તા ના વેચાયા છે, ના ડર્યા છે.

હા, એકાદ-બે કોઈ નેતા હશે જેને શૂન્યમાંથી કૉંગ્રેસે હીરો બનાવ્યા, તે ડરના માર્યા કે લાલચના માર્યા આમથી તેમ ગયા હશે, પણ હું સલામ કરું છું મારા કૉંગ્રેસના કાર્યકર્તાઓને. તેઓ ના વેચાયા છે, ના ડર્યા છે. આપ સૌની સેવામાં જે કંઈ પણ અમે કરી શક્યા છીએ, તે મારાથી નહીં, પણ આ કૉંગ્રેસના કાર્યકર્તાઓની મદદથી થયું છે.

આ ગુજરાતની તાકાત છે. દરેક ગામમાં કૉંગ્રેસનો કાર્યકર ઊભો છે અને માત્ર છેલ્લી ચૂંટણીને છોડી દો, હું મારા વ્હાલા ગુજરાતીઓનો પણ આભાર માનું છું કે એવો દરેક રસ્તો જે લોકશાહીમાં યોગ્ય નથી તે કરવા છતાં, એક છેલ્લી ચૂંટણીને છોડીને મારા વ્હાલા ગુજરાતીઓએ ૪૦ ટકા મત કૉંગ્રેસને આપ્યા છે. હવે થોડી મહેનત, તમારો આશીર્વાદ અને સેવાની સાધનાની યાત્રામાં અમે ચોક્કસ સફળ થઈશું.

# અમદાવાદ મનપાને એડવાન્સ ટેક્સ રિબેટ સ્કીમના પહેલા દિવસે ૧૬ કરોડથી વધુની આવક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મનપા દ્વારા તારીખ ૮ એપ્રિલથી તારીખ ૩૦ એપ્રિલ, ૨૦૨૫ના સમયગાળા દરમિયાન એડવાન્સ રિબેટ સ્કીમને અમલમાં મૂકવામાં આવી છે. આ સ્કીમના પ્રથમ દિવસે જ રૂપિયા ૧૬ કરોડ, ૧૦ લાખની આવક થઈ હતી અને પહેલા જ દિવસે ૨૦,૮૮૧ નાગરિકોએ આ સ્કીમનો લાભ લીધો હતો. શહેરના ઉત્તર-પશ્ચિમ ઝોનમાંથી સૌથી વધુ રૂપિયા ૪ કરોડ, ૫૩ લાખની આવક થઈ હતી અને પશ્ચિમ ઝોનમાંથી રૂપિયા ૪ કરોડ, ૨૭ લાખની આવક થઈ હતી. ગત વર્ષે એડવાન્સ રિબેટ સ્કીમનો ૫,૮૨,૮૬૪ કરદાતા એ લાભ લીધો હતો અને શહેરીજનોને રૂપિયા ૮૦.૭૫ કરોડ રિબેટ આપવામાં આવ્યું હતું અને આ સ્કીમ હેઠળ રૂપિયા ૭૭૬.૮૪ કરોડની આવક થઈ હતી. મનપા દ્વારા એક સપ્તાહ પહેલાં તારીખ ૮ એપ્રિલથી તારીખ ૩૦ એપ્રિલ, ૨૦૨૫ના દરમિયાન એડવાન્સ રીબેટ સ્કીમના અમલની જાહેરાત કરવામાં આવી હતી અને ૨૦૨૫-૨૬ના વર્ષ માટેનો એડવાન્સ પ્રોપર્ટી ટેક્સ ભરનારને ૧૨થી ૧૫ ટકા રિબેટ આપવામાં આવશે. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીએ આ સ્કીમ અંગે જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, ચાલુ નાણાકીય વર્ષનો એડવાન્સ ટેક્સ ભરનારને મિનિમમ ૧૨ ટકા રિબેટ મળશે.

# નર્મદા કમાન્ડ વિસ્તારના ખેડૂતોને સિંચાઈ માટે પાણી એક મહિનો વહેલું મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખેતી માટે પહેલા આવશ્યકતા સિંચાઈ માટેનાં પાણીની હોય છે. જેથી ખેડૂતો ખેતી માટે આગોતરૂ આયોજન કરી શકે તે માટે નર્મદા કમાન્ડ વિસ્તારના ખેડૂતો માટે સિંચાઈ માટેનું પાણી એક મહિલોનો વહેલું આપવા માટે ગુજરાત મુખ્યપ્રધાને નિર્ણય કર્યો હતો. સિંચાઈના પાણીની વાત કરવામાં આવે તો તારીખ ૧૫મી મે, ૨૦૨૫ થી પાણી આપી દેવામાં આવશે. મોટા ભાગે ખરીફ પાક માટે ૧૫મી જૂન પછી પાણી આપવામાં આવતું હોય છે પરંતુ આ વખતે ખેડૂતો આગોતરૂ આયોજન કરીને સારો પાક લઈ શકે તે માટે પિયતનું પાણી વહેલા આપવામાં આવશે. ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ધરતીપુત્રો પ્રત્યે સંવેદનશીલતાપૂર્વકનો અભિગમ રાખીને આ વર્ષે નર્મદા કમાન્ડ વિસ્તારમાં તારીખ ૧૫મી જૂનને બદલે ૧૫મી મે એટલે કે ૩૦ દિવસ વહેલું જરૂરિયાત મુજબ સિંચાઈનું પાણી આપવાનો નિર્ણય કર્યો હતો. જેના કારણે ખેડૂતો વહેલા પાક વાવીને પિયત કરી શકશે. આમ પણ આ વખતે ગરમી વધારે પડવાની છે એટલે એટલા માટે વહેલી તકે ખરીફ પાકની વાવણી કરવામાં આવે તે આવશ્યક છે.

મુખ્ય પ્રધાનનો આ નિર્ણય કિસાન હિતકારી રહેવાનો છે, જેથી ખેડૂતો ખાસ કરીને કપાસ જેવા પાકોનું આગોતરું આયોજન કરી શકશે. એટલું જ નહીં, ઉત્પાદન વધારા માટે આગોતરી વાવણી પણ કરી શકશે. આંકડાની વાત કરવામાં આવે તો, સરદાર સરોવર યોજનાના પિયત વિસ્તારના આશરે ૧૩ લાખ ધરતીપુત્રોને સિંચાઈ સુવિધાનો સીધો લાભ મળશે. ખેડૂતોને લાભ મળશે તો સ્વાભાવિક છે કે, ખેતી સાથે સંકળાયેલા અન્ય લોકોને પણ તેનો લાભ થવાનો છે. કારણ કે, જો પાક વહેલો વાવવામાં આવશે તો બજારમાં પણ વહેલો જ આવશે. જેથી ખેડૂતને બજાર કિંમત પણ સારી મળશે. મુખ્ય પ્રધાનના આ નિર્ણયના કારણે ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ છે.

# અમદાવાદ મનપાએ શહેરમાં ૬૦૦ પરબ શરૂ કરી, ૭૦ જેટલા સિગ્નલ બપોરના સમયે રહેશે બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં વધતી જતી કાળઝાળ ગરમીને ધ્યાનમાં રાખીને મનપા તંત્ર દ્વારા હિટ એક્શન પ્લાન અમલમાં મૂકવામાં આવ્યો છે. જે મુજબ શહેરીજનોને ધોમધખતી ગરમીથી રાહત આપવા માટે પગલાં લેવામાં આવી રહ્યાં છે. મનપા તંત્ર દ્વારા એનજીઓ, બિલ્ડર્સ સાથે સહયોગ કરીને શહેરમાં ૬૦૦થી વધુ પાણીની પરબો શરૂ કરવામાં આવી છે.

ટ્રાફિક પોલીસ સાથે સંકલન કરીને શહેરના ટ્રાફિક સિગ્નલ બપોરના સમયે બંધ કરવામાં આવ્યા છે, તથા મ્યુનિસિપલ સ્કૂલોના સમયમાં ફેરફાર કરી દર દોઢ કલાકે વોટર બેલની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત શારદાબેન, એલજી, એસવીપી અને વીએસ હોસ્પિટલ તથા સીએચસીમાં હીટ રિલેટેડ દર્દીઓ માટે અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે. તે ઉપરાંત અર્બન હેલ્થ સેન્ટર ખાતેથી સામાજિક સંસ્થાઓને ઓઆરએસના પેકેટસ વિના મૂલ્યે પૂરા પાડવામાં આવશે. બીઆરટીએસ-એએમટીએસ ડેપો પર પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે.

મેયર પ્રતિભા જૈનના અધ્યક્ષ સ્થાને હિટવેટ એક્શન પ્લાન અંગે યોજાયેલી બેઠકમાં ૧૦૦થી વધુ સંસ્થાઓના પ્રતિનિધિ ઉપસ્થિત રહ્યા હતા. મેયર કર્મચારીઓને વહેલી સવારે અને સાંજે કામગીરી કરાવવા બિલ્ડર્સને અપીલ કરી હતી.

# સુરતની લાજપોર મધ્યસ્થ જેલ બની શિક્ષણનું ધામઃ ૨૬૭ અભણ કેદીઓ શિક્ષિત બન્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતનાં બાળકોના શિક્ષણ માટે તો સરકાર ચિંતા કરે જ છે પરંતુ હવે રાજ્ય સરકાર કેદીઓને શિક્ષિત કરવા માટે પ્રયત્નો કર્યા છે. કેદીને શિક્ષિત કરવા માટે ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીના નેતૃત્વમાં બંદીવાન કેદીઓને શિક્ષણ આપવાનું ઉમદા કાર્ય જેલોમાં શરૂ કરવામાં આવ્યું છે. જે પાકા કામના કેદીઓ છે અને ભણવાની ઈચ્છા ધરાવે છે તેમના માટે લાજપોર મધ્યસ્થ જેલ, સુરત ખાતે મહાત્મા ગાંધી વિદ્યાલય બનાવવામાં આવ્યું છે.

આ જેલના કેદીઓમાં જે શિક્ષકો છે તેમના દ્વારા અશિક્ષિત કુલ ૨૬૭ કેદીઓને શિક્ષણ આપવામાં આવે છે, તેની સાથે સાથે તણાવમાં રહેતા અને જે કેદીઓને માનસિક સહકારની જરૂર હોય તેવા કુલ ૧૬ કેદીનું કાઉન્સેલીંગ પણ કરવામાં આવ્યું છે. આના માટે કરેલી વ્યવસ્થાની વાત કરવામાં આવે તો, મહાત્મા ગાંધી વિદ્યાલયમાં પાકા પાયાના કેદીઓને ગુણવત્તાયુક્ત અને સ્માર્ટ શિક્ષણ મળી રહે તે માટે વર્ષ ૨૦૨૪માં એલ એન્ડ ટી કંપનીના સહયોગથી રૂપિયા ૧૮ લાખના ખર્ચે ડિજિટલ સ્માર્ટ ક્લાસ રૂમ તૈયાર કરવામાં આવ્યા હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે, ડિજિટલ સ્માર્ટ ક્લાસનું અનાવરણ ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ કહ્યું હતું. આ જેલમાં ૨૦૨૪-૨૫માં ધોરણ ૧૦ના ૧૬, ધોરણ ૧૨ના ૯ અને ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સર્ટિફિકેટ કોર્ષમાં ૩૨ કેદીઓઓ મળીને કુલ ૫૭ કેદીઓ અભ્યાસ પૂર્ણ કર્યો હતો. આ જેલની શાળામાં વર્ષ ૨૦૨૨-૨૩ અને વર્ષ ૨૦૨૩-૨૪મા ધોરણ ૧૦ અને ૧૨માં પરીક્ષાનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું હતું.

પુરૂષ કેદીઓ અને મહિલા કેદીઓ માટે અલગ-અલગ લાઇબ્રેરીની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. લાઇબ્રેરી વિભાગમાં કેદીઓને બુક્સ ઇસ્યુ કરવા માટે એક સોફ્ટવેર પણ બનાવવામાં આવ્યું છે. જેમાં કેદી કેવાં પ્રકારના પુસ્તકો વાંચે છે? તેની વિગતો રાખવામાં આવે છે. વિદ્યાલયની લાઇબ્રેરીમાં કુલ ૧૮ હજારથી વધુ પુસ્તકો સાથે સાથે ૮૬૪ મેગેઝિન પણ ઉપલબ્ધ છે. છેલ્લાં બે વર્ષમાં ૨૦૬૨ જેટલાં કેદીઓએ ઓડીયો લાઇબ્રેરી સિસ્ટમનો લાભ લીધો. અત્યારે કેદીઓ દર મહિને આશરે ૨૨૦૦ થી ૨૫૦૦ પુસ્તકો વાંચે છે.

# ગુજરાતી યુવકની ઓસ્ટ્રેલિયામાં હત્યાઃ આરોપી ઝડપાયો, પરંતુ હત્યાનું કારણ અકબંધ

અમદાવાદઃ ગુજરાતમાંથી હજોરોની સંખ્યામાં લોકો વિદેશ રહેવા માટે જાય છે. પરંતુ ચિંતાની વાત એ છે કે, વિદેશીમાં ભારતીય લોકોની હત્યાના બનાવો વધારે બની રહ્યાં છે. વધુ એક ગુજરાતી યુવકની વિદેશમાં હત્યા થઈ હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. નવસારીના મિહિર દેસાઈ નામના યુવકની ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન શહેરમાં તેના જ રૂમ સાથીએ હત્યા કરી હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. આરોપીએ મિહિર દેસાઈની ચપ્પુના ઘા ઝીંકીને હત્યા કરી દીધી હતી. જો કે, અત્યારે ઓસ્ટ્રેલિયાની પોલીસે હત્યારાની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. હત્યાના કેસમાં પોલીસે દ્વારા કરવામાં આવેલી તપાસ પ્રમાણે આ હત્યા કોઈ વિદેશી વ્યકિતએ નહી પરંતુ ભારતીય માણસે જ તેમની હત્યા કરી હતી. પોલીસે આરોપીની અટકાયત કરીને વધુ તપાસ હાથધરી છે. એક ભારતીય યુવકે બીજા ભારતીય યુવકની હત્યા શા માટે કરી? આનું કારણ હજી અકબંધ છે અને પોલીસ તે દિશામાં તપાસ કરી રહી છે. મૃતક મિહિર દેસાઈ બીલીમોરાની યમુના નગર સોસાયટીનો રહેવાસી છે. અત્યારે તેના પરિવારમાં ભારે શોકનો માહોલ છવાયો છે. ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન શહેરમાં તેની મિહિર દેસાઈની હત્યા કરવામાં આવી હતી, જેથી ત્યાં જ તેના મૃતદેહનું પીએમ કરવામાં આવ્યું હતું. મિહિરના માતા બીલીમોરામાં એકલાં રહે છે અને મિહિરની બહેન આવતીકાલે જર્મનીથી ત્યાં જવાની છે.

# ગુજરાતમાં ધારાસભ્યોને ફાળવાતી ગ્રાન્ટમાં ૧ કરોડ રૂપિયાનો વધારો, ₹ ૫૦ લાખ જળ સંચય કામમાં વપરાશે

અમદાવાદઃ ગુજરાત સરકારે એક મહત્ત્વના નિર્ણય પર મહોર મારી હતી. ગુજરાતના ધારાસભ્યોને હાલ વાર્ષિક રૂ. ૧.૫૦ કરોડ ગ્રાન્ટ મળે છે, જેમાં રૂ. એક કરોડનો વધારો કરાયો છે. એટલે કે હવે ધારાસભ્યો વાર્ષિક રૂ. ૨.૫૦ કરોડ ગ્રાન્ટ મળશે. આ પૈકી તમામ ધારાસભ્યે પોતપોતાના વિસ્તારમાં વરસાદી પાણીના સંગ્રહના કામ માટે જળ સંચય અભિયાન હેઠળ રૂ. ૫૦ લાખ વાપરવાના રહેશે. વરસાદી પાણીના સંગ્રહથી ભવિષ્યની જળ સુરક્ષા સુનિશ્ચિત કરવા અને ભૂગર્ભ જળ સ્તર ઊંચા લાવવાના હેતુથી ગુજરાતમાં ૨૦૧૮થી દર વર્ષે સુજલામ સુફલામ જળ અભિયાન ચલાવે છે. આ અભિયાન અંતર્ગત તળાવો ઊંડા કરવા, ચેકડેમોનું ડિસિલ્ટિંગ, નહેરો તથા કાંસની મરામત-જાળવણી અને સાફસફાઈ, માટી પાળા તથા રેઈન વોટર હાર્વેસ્ટિંગ જેવા જળ સંચયના વિવિધ કામો જનભાગીદારીથી કરાય છે. આ અભિયાન થકી ગત સાત વર્ષમાં ૧,૧૯,૧૪૪ લાખ ઘનફૂટ જેટલી જળ સંગ્રહ ક્ષમતા વધી છે તેમજ ૧૯૯.૬૦ લાખ રોજગારી સર્જાઈ છે. ધારાસભ્યોને ફાળવવામાં આવનારી વિકાસ કામોની આ ગ્રાન્ટમાંથી રૂ. ૫૦ લાખ જળ સંચય - સુજલામ સુફલામ જળ અભિયાન ૨.૦ અંતર્ગત પોતાના મત ક્ષેત્રોમાં જળ સંચયના કામો માટે ઉપયોગમાં લેવાના રહેશે તેવું પણ સુનિશ્ચિત કરાયું છે. વરસાદી પાણીના સંગ્રહથી ભવિષ્યની જળ સુરક્ષા સુનિશ્ચિત કરવા અને ભૂગર્ભ જળ સ્તર ઊંચા લાવવાના હેતુથી રાજ્યમાં ૨૦૧૮થી દર વર્ષે સુજલામ સુફલામ જળ અભિયાન યોજાય છે.

# લાંચિયો આરોગ્ય અધિક સચિવ અને સરકારી ડેન્ટલ કોલેજનો નિવૃત્ત ડીન ૧૫ લાખની લાંચ લેતા ઝડપાયા

અમદાવાદઃ ગુજરાતમાં ફરી એકવાર કલાસ વન અધિકારી લાંચ લેતા એસીબીના હાથે રંગેહાથ ઝડપાયો હતો. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના આરોગ્ય અધિક સચિવ દિનેશ પરમાર અને અમદાવાદમાં અસારવાની સરકારી ડેન્ટલ કોલેજનો ડીન ગીરીશ જેઠાલાલ પારમાર ૧૫ લાખની લાંચ લેતા ઝડપાયા હતા. આ બંન્નેએ ફરિયાદી તથા સાથી ડોક્ટર પાસે ૩૦ લાખની લાંચ માંગી હતી. ફરિયાદની તરફેણમાં કામગીરી કરવા લાંચ માગી હતી.

આ અંગે મળતી વિગત મુજબ, ફરિયાદીની તરફેણમાં કામગીરી કરવા માટે સચિવ પરમાર અને ગિરીશ પરમારે ૩૦ લાખની લાંચ માગી હતી. આ મામલે ફરિયાદીએ એસીબીનેને ફરિયાદ કરી હતી. જેથી આ લાંચિયા અધિકારીઓને ઝડપી પાડવા માટે એસીબીએ છટકું ગોઠવ્યું હતું. નોંધનીય છે કે, લાંચની રકમના એડવાન્સ ૧૫ લાખ સ્વીકારતા લાંચિયા અધિકારીને એસીબીએ ઝડપી પાડ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ફરિયાદી અગાઉ ભાવનગર ખાતે નાયબ નિયામક તરીકે ફરજ બજાવતા હતા. આ દરમ્યાન તેઓના દ્વારા આરોગ્ય વિભાગનાં સ્ટાફ સામે બોગસ મેડિકલ પ્રેક્ટિસ બાબતે શીક્ષાત્મક કાર્યવાહી કરતા ફરિયાદી સામે ખંડણી માગણીની ફરિયાદ કમીશનર આરોગ્ય વિભાગને થયેલી હતી. જેથી ફરિયાદી તથા તેઓના સાથી ડોક્ટરને ફરજ મૌકુફી પર ઉતારેલા છે અને આરોગ્ય વિભાગ દ્વારા બન્ને ડોકટર સામે પ્રાથમિક તપાસ શરૂ કરવમાં આવી હતી, અને તપાસ અધિકારીએ આ ખાતાકિય તપાસ ઓક્ટોબર-૨૦૨૪માં પૂર્ણ કરી પોતાનો અહેવાલ જાન્યુઆરી-૨૦૨૫માં જમા કરાવ્યો હતો.

# ગૌમાંસ વેચાણ કેસમાં લીમખેડા સેશન્સ કોર્ટે આરોપીને ૭ વર્ષની જેલ અને ૧ લાખનો દંડ ફટકાર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ગૌમાંસ વેચવા પર પ્રતિબંધ છે, જેથી દાહોદની લીમખેડા સેશન્સ કોર્ટે આને લઈને મહત્ત્વનો ચુકાદો આપ્યો હતો. દેવગઢ બારીયામાં ગૌમાંસ વેચાણ કેસમાં લીમખેડા સેશન્સ કોર્ટે આરોપીને ૭ વર્ષની કેદ અને ૧ લાખનો દંડ ફટકાર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, આરોપી પાસેથી વર્ષ ૨૦૨૩માં ૧૫ કિલો ગૌમાંસ જપ્ત કરવામાં આવ્યું હતું. છેલ્લાં બે વર્ષથી આ કેસ કોર્ટમાં ચાલી રહ્યો હતો. હવે સેશન્સ કોર્ટે સુનાવણી દરમિયાન આરોપી વિરુદ્ધ ચુકાદો આપીને સજા અને દંડ ફટકાર્યો હતો.

પ્રતિબંધિત ગૌમાંસ વેચાણ કરવા બદલ દેવગઢ બારીયાના રિયાઝ અબ્દુલ રસીદ અને અરબાઝ અબ્દુલ રસીદને લીમખેડા સેશન્સ કોર્ટે ૭ વર્ષની સખત કેદ અને રૂપિયા ૧ લાખનો દંડ ફટકાર્યો. જો આરોપી દ્વારા આ દંડની રકમ ભરવામાં નહીં આવે તો તેની સજામાં વધારો થશે અને ૧ વર્ષ વધારે કેદ ભોગવવી પડશે. ૧ માર્ચ ૨૦૨૩ના રોજ ભે દરવાજા વિસ્તારમાંથી ૧૫ કિગ્રા ગૌમાંસ જપ્ત થયું હતું. આ મામલે દેવગઢ બારીયા પોલીસે આઈપીસી અને ગુજરાત ગૌવંશ પ્રતિબંધ અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

નોંધનીય છે કે, ગૌમાંસ વેચનારા અને ગૌહત્યાના આરોપીઓને ગૃહ પ્રધાન હર્ષ સંઘવીએ ચેતવણી આપી હતી. તેમણે કહ્યું હતું કે 'ગૌહત્યા એ માત્ર ફોજદારી ગુનો નથી, પરંતુ તે અમારી સર્વોચ્ચ આસ્થાની પણ વિરુદ્ધ છે. આવાં જઘન્ય કૃત્યોને સહન નહીં કરવામાં આવે અને કાયદો તોડનારા સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ગૌમાંસ વેચનારા અને ગૌ હત્યાના ગુનેગારોને હવે સજા અને દંડ બન્ને કરવામાં આવે છે. ગુજરાતમાં ગૌમાંસ વેચાણ પર કાયદેસર રીતે પ્રતિબંધ છે. ગૌમાંસ વેચાણ કરનારા ગુનામાં પકડાયેલ આરોપીએ કડક સજાઓનો સામનો કરવો પડે છે. લીમખેડા સેશન્સ કોર્ટે આપેલો ચુકાદો તેનું પ્રમાણ છે.

# કૉંગ્રેસ પ્રમુખ ખડગેની સ્પષ્ટ વાતઃ જે લોકો કામ કરવા માગતા નથી તેઓ નિવૃત્ત થઈ જાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં સાબરમતી નદીના કિનારે આયોજિત અખિલ ભારતીય કૉંગ્રેસ સમિતિના ૮૪મા અધિવેશન દરમિયાન કૉંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ પોતાના ભાષણમાં પાર્ટીમાં રહીને પાર્ટી માટે કામ ના કરતા નેતોની કડક શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. કૉંગ્રેસ પ્રમુખે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, જે લોકો પાર્ટીના કામમાં મદદ નથી કરતા તેમણે આરામ કરવાની જરૂર છે, એટલું જ નહીં, જે લોકોને પાર્ટી દ્વારા જવાબદારીઓ આપવામાં આવી છે, તે નિભાવતા નથી તેમને નિવૃત્ત થઈ જવું જોઈએ.

મલ્લિકાર્જુન ખડગેએ નવી રણનીતિની તો વાત કરતા કહ્યું હતું કે, કોઈ પણ પ્રકારના પક્ષપાત વિના ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. મહત્ત્વની વાત એ છે કે, કૉંગ્રેસ પાર્ટી હવે કામ કરતા લોકોને વધારે તક આપવાની વિચારણા કરી રહી છે. ખડગેએ એવું પણ કહ્યું હતું કે, કૉંગ્રેસ પાર્ટી મહાત્મા ગાંધી અને સરદાર પટેલના સિદ્ધાંતો પ્રમાણે ચાલે છે, એટલા માટે પાર્ટીના દરેક લોકોને કામ કરવા હાકલ કરી હતી.

મલ્લિકાર્જુન ખડગેએ વધુમાં કહ્યું હતું કે, સંગઠનમાં જિલ્લા પ્રમુખોની ભૂમિકા મહત્ત્વપૂર્ણ બનવાની છે.તેથી, તેમની નિમણૂક એઆઈસીસીની માર્ગદર્શિકા અનુસાર કડક અને નિષ્પક્ષ રીતે થવી જોઈએ. ખડગેએ કહ્યું હતું કે જિલ્લા પ્રમુખે તેમની નિમણૂકના એક વર્ષની અંદર શ્રેષ્ઠ લોકોને સમાવીને બૂથ સમિતિ, મંડલ સમિતિ, બ્લોક સમિતિ અને જિલ્લા સમિતિની રચના કરવાની રહેશે, જેમાં કોઈ પણ પ્રકારનો પક્ષપાત કરવામાં આવશે નહીં. અમે ભારતભરમાંથી જિલ્લા અધ્યક્ષોની બેઠક બોલવીને ચર્ચા કરી હતી. ભવિષ્યમાં ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયામાં જિલ્લા પ્રમુખોનો પણ સમાવેશ કરવામાં આવશે.

મલ્લિકાર્જુન ખડગેએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે પહેલા વિદેશીઓએ અન્યાય, ગરીબી અને અસમાનતાને વધારી હતી.

# ધનંજય મુંડે અને કરુણાના સંબંધ લગ્ન સમાન જ છે: કોર્ટ

## મહિલા અને બાળકોને પણ મુંડે જેવી લાઈફસ્ટાઈલ જીવવાનો અધિકાર છે એમ પણ કહ્યું

મુંબઈ: પ્રથમ પત્ની હોવાનો દાવો કરનારી મહિલા સાથે એનસીપીના નેતા ધનંજય મુંડેના સંબંધ પ્રથમદર્શી લગ્ન સમાન જ છે અને તેથી તે મહિલા ઘરેલુ હિંસા કાયદા હેઠળ રાહત માટે દાવો કરવા પાત્ર ઠરે છે, એમ સેશન્સ કોર્ટે જણાવ્યું હતું.

ભરણપોષણ આપવાના મેજિસ્ટ્રેટના આદેશ સામેની મુંડેની અરજીને શનિવારે સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. મુંડેએ પોતાની અરજીમાં દાવો કર્યો હતો કે તેમણે પ્રથમ પત્ની હોવાનો દાવો કરનારી મહિલા કરુણા મુંડે સાથે ક્યારેય લગ્ન કર્યા નથી.

મહિલા કાયદેસર પત્ની છે કે નહીં અને યોગ્ય તે ફોરમ નક્કી કરશે, પરંતુ ભૂતપૂર્વ પ્રધાનના તે મહિલા સાથે જે રીતના સંબંધ હતા તે લગ્ન જેવા જ હતા અને તેનાથી તેમને બે બાળક પણ જન્મ્યા છે. એક જ ઘરમાં સાથે રહ્યા વિના તે શક્ય નથી, એમ કોર્ટે કહ્યું હતું જેનો વિસ્તૃત આદેશ બુધવારે ઉપલબ્ધ થયો હતો.

જાણીતા રાજકારણીનું જીવનધોરણનો વિચાર કરીને મેજિસ્ટ્રેટે કરુણાને વચગાળાના ભરણપોષણની રાહત આપી તે યોગ્ય જ છે. જેવું જીવન મુંડે જીવી રહ્યા છે એવું જીવન જીવવા કરુણા અને બાળકોને પણ અધિકાર છે, એમ કોર્ટે વધુમાં જણાવ્યું હતું.

# બારામતીમાં રસ્તાનાં સમારકામ મુદ્દે સુપ્રિયા સુળે ધરણાં પર બેઠાં

પુણે: બારામતીના પોતાના મતક્ષેત્રમાં ૧.૫ કિલોમીટરના રસ્તાનું સમારકામ કરાવવાની માગણી સાથે એનસીપી-એસપીનાં સાંસદ સુપ્રિયા સુળે બુધવારે ધરણાં પર બેઠા હતા. પુણે ડિસ્ટ્રિક્ટ કલેક્ટરના કાર્યાલયની બહાર શ્રી ક્ષેત્ર બાનેશ્વર ગામના સ્થાનિકો સાથે સુળે બપોર સુધી ધરણાં પર બેઠા હતા. ભોર તહેસિલના નાસરાપુરથી બાનેશ્વર મંદિર વચ્ચેના ૧.૫ કિલોમીટરના રસ્તાની હાલત બહુ જ ખરાબ છે, પરંતુ તેના સમારકામ માટેની માગણી પર પ્રશાસન દ્વારા ધ્યાન આપવામાં આવી રહ્યું નથી, એમ સુળેએ પત્રકારોને જણાવ્યું હતું.

'અમે નવા રસ્તાની માગણી જ નથી કરી રહ્યા. અમારી માગણી છે કે ફક્ત મંદિર સુધી જતા માર્ગનું સમારકામ કરાવવામાં આવે, કારણ કે તેમાં ખાડાઓ પડી ગયા છે', એમ તેમણે કહ્યું હતું. આ માર્ગનું કોંક્રીટિકરણ કરાવવાની વારંવાર માગણી કરી છે.

# પ્રસિદ્ધ દેવગિરિ કિલ્લામાં આગ કેવી રીતે લાગી?: તપાસ શરૂ કરી દેવાઈ

છત્રપતિ સંભાજી નગર: મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજી નગરમાં આવેલા પ્રસિદ્ધ દેવગિરિ કિલ્લામાં લાગેલી આગ પાછળનું કારણ જાણવા માટે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (એએસઆઇ)ના સ્થાનિક સત્તાવાળાઓએ તપાસ શરૂ કરી હોવાનું એક અધિકારીએ બુધવારે જણાવ્યું હતું. દોલતાબાદ કિલ્લો તરીકે પણ ઓળખાતો દેવગિરિ જિલ્લાની મુલાકાતે આવતા પ્રવાસીઓમાં મુખ્ય આકર્ષણ ધરાવે છે. આ કિલ્લો છત્રપતિ સંભાજી નગર શહેરથી આશરે ૧૬ કિ.મી. દૂર સ્થિત છે. નવમીથી ૧૪મી સદી દરમિયાન એ યાદવ રાજવંશની રાજધાની હતો. માહિતી આપતા અધિકારીએ જણાવ્યું હતું કે 'આગ મંગળવારે સવારે ૧૦ વાગ્યાની આસપાસ લાગ્યા બાદ કિલ્લાની ચારે બાજુ ફેલાઈ ગઈ હતી. આગ કયા કારણસર લાગી તે જાણવા માટે અમે તપાસ શરૂ કરી છે. આ ઐતિહાસિક સ્મારકની ડિઝાસ્ટર મેનેજમેન્ટની દૃષ્ટિએ પણ તપાસ કરવામાં આવશે.

## સંસ્થા સમાચાર

### શાંતિ અને સુખના સર્જન માટે નવકાર મહામંત્ર: પૂ. ધીરગુરુદેવ



શ્રી સ્થાનકવાસી જૈન મોટા સંઘ-રાજકોટમાં પૂ. શ્રી ધીરગુરુદેવે વિશાળ ધર્મસભાને સંબોધતા જણાવ્યું હતું કે ''આજે સમગ્ર વિશ્વમાં શાંતિ અને સુખનું સર્જન થાય તે માટે નવકાર મહામંત્રનું આયોજન કરાયું છે. જે નવકાર ૧૪ પૂર્વનો સાર છે, જેનો એક શબ્દ બોલતાં ૫૦ સાગરોપમ દુ:ખનો નાશ થાય છે. નવકાર મહામંત્રમાં ગુણોની પ્રધાનતા છે. કોઈ પણ વ્યક્તિના ગુણગાન નથી. જેથી વિશ્વ મહામંત્ર છે. આજે નાભિના નાદથી એવા જાપ કરશો જેથી સાડા ત્રણ કરોડ રોમરાજી ખીલી ઊઠે અને આખું વરસ સફળ બની જાય.'' સમસ્ત પંચમહાવ્રતધારીઓની સમાધિ અને જીવોની શાંતિ માટે ધ્યાનપૂર્વક નવકાર મંત્રનું ધ્યાન કરાવાયું હતું. અંતમાં ગુરુદેવે જગતમાં મંગલરૂપ ચત્તારિ મંગલ સૂત્રનો પાઠ સંભળાવી શુભભાવના ભાવિ હતી.

# ખુલ્લામાં કચરો બાળવા બદલ બેસ્ટને ૧,૦૦૦ રૂપિયાનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગોરેગામ (પશ્ચિમ)માં રેલવે સ્ટેશન બહાર આવેલા બેસ્ટના ડેપોમાં સૂકો કચરો બાળવા બદલ મુંબઈ મહાનગરપાલિકાએ બેસ્ટ ઉપક્રમને ૧,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

ખુલ્લામાં કચરાને બાળવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, સાથે જ નિયમનું ઉલ્લંઘન કરનારાને દંડની જોગવાઈ પણ કરવામાં આવી છે. આ દરમ્યાન ગોરેગામ સ્ટેશન બહાર આવેલા બેસ્ટના ડેપોની ખૂલ્લી જગ્યામાં રોજ સૂકો કચરો બાળવામાં આવતા હોવાની ફરિયાદ પાલિકાને કરવામાં આવી હતી. તેની નોંધ લઈને પાલિકા દ્વારા ગોરેગામ(પશ્ચિમ)માં રેલવે સ્ટેશન બહાર આવેલા બેસ્ટ ડેપોના સુપરવાઈઝરને ઝાડના સૂકા કચરા બાળીને પ્રદૂષણ કરવા બદલ ૧,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

# રસ્તાના કૉંક્રીટીકરણની ૩૧ મેની મુદત પૂરી કરવા રેડી મિક્સ કૉંક્રીટની સપ્લાય ચેન મજબૂત કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં હાલ ઠેર ઠેર રસ્તાના કૉંક્રીટાઈઝેશનનાં કામ ચાલી રહ્યાં છે અને તમામ કામ પૂરાં કરવા માટે ૩૧ મેની મુદત આપવામાં આવી છે. મુદત પહેલા કામ ઝડપથી પૂરાં થઈ શકે તે માટે રેડી મિક્સ કૉંક્રીટનો પુરવઠો (સપ્લાય ચેન) વધુ મજબૂત કરીને કૉન્ટ્રેક્ટરને પ્રોજેક્ટ મેનેજર સાથે આપસમાં સમન્વય સાધીને કામ કરવાનો નિર્દેશ પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે આપ્યો હતો.

હાલ શહેરની સાથે જ ઉપનગરમાં રસ્તાના કૉંક્રીટાઈઝેશનના કામ ચાલી રહ્યા છે. આ કામ ઝડપથી પૂરાં થાય તે માટે રો મટિરિયલ ઝડપથી મળવું એટલું જ આવશ્યક છે. સાયનમાં રસ્તાના કામના ઈન્સ્પેક્શન સાથે જ એડિશનલ કમિશનર અભિજિત બાંગરે બીકેસીમાં આવેલા મિલન રોડ બિલ્ટેક એલએલપી આ રેડી મિક્સ કૉંક્રીટ પ્રોજેક્ટની પણ મુલાકાત લીધી હતી. અહીં રસ્તાના કૉંક્રીટાઈઝેશનના કામ માટે રેડીમિક્સનું મિશ્રણ બનાવવામાં આવે છે. તેથી અહી રેડી મિક્સ કેવી રીતે બને છે અને તેની ગુણવત્તા જળવાઈ રહે છે કે નહીં તેનું ઈન્સપેક્શન કર્યું હતું. એ સાથે જ અહીંથી તૈયાર મિશ્રણ લઈ જનારા વાહનોની સંખ્યા વધારવાની સાથે જ ગુણવત્તા જાળવીને સમયસર રસ્તાના કૉન્ટ્રેક્ટરને મોકલવાની સૂચના પણ આપી હતી, જેથી કરીને રસ્તાના કામ અટવાઈ પડે નહીં.

### રસ્તો બન્યા પછી યાદ આવ્યું, પાણીની પાઈપલાઈન નાખવાની રહી ગઈ, ફરી ખોદાયો રસ્તો

બોરીવલી (પશ્ચિમ)માં ગોરાઈ એકમાં પ્લોટ નંબર છ, ગોરાઈ અરિંહત કૉ.સોસાયટી નજીક રસ્તાનું કૉંક્રીટાઈઝેનનું કામ પૂરું થઈ ગયા બાદ પાણીની પાઈપલાઈન નાખવા માટે ફરી ખોદવામાં આવ્યો હોવાની ફરિયાદ ભૂતપૂર્વ નગરસેવિકા શીતલ મ્હાત્રેએ પાલિકા પ્રશાસનને કરી છે. શીતલ મ્હાત્રેએ નમુંબઈ સમાચારથને જણાવ્યું હતું કે પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીના આદેશ મુજબ એક વખત રસ્તાનું કૉંક્રીટાઈઝેશન થઈ ગયા બાદ તેને કોઈ પણ યુટીલિટિઝના કામ માટે ખોદવાની મંજૂરી આપવામાં આવશે નહીં. તે છતાં ગોરાઈ-એકમાં સોસાયટીની અંદર આવેલો આખો રસ્તો કૉંક્રીટનો બનાવ્યા બાદ તેની નીચે પાણીની પાઈપલાઈન નાખવાની બાકી રહી ગઈ હોવાનું કૉન્ટ્રેક્ટરને ધ્યાનમાં આવ્યું હતું અને હવે તેણે ફરી રસ્તા ખોદી નાંખ્યો છે, તેને કારણે સ્થાનિકો નાગરિકોને હેરાનગતી થઈ રહી છે.

# કેન્સર નિદાન સારવાર માટે રેફરલ સેવાઓ માટે પ્રક્રિયા નક્કી કરો: ફડણવીસનો અધિકારીઓને આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે વહીવટીતંત્રને કેન્સર નિદાન અને સારવાર માટેની રેફરલ સેવાઓ પૂરી પાડવા માટે રાજ્યભરની આરોગ્યસંભાળ સુવિધાઓને માર્ગદર્શન આપવા માટે અસરકારક પ્રક્રિયા ઘડી કાઢવા જણાવ્યું હતું.

ફડણવીસે જણાવ્યું હતું કે, કેન્દ્રે વધુ સારા નિદાન અને સમયસર સારવાર દ્વારા રોગનો સામનો કરવા માટે રાષ્ટ્રીય કેન્સર સારવાર નીતિને અમલમાં મૂકી છે, જેમાં તેમણે કહ્યું હતું કે કીમોથેરાપી અને રેડિયેશનનો સમાવેશ થવો જોઈએ.

આ સંદર્ભે નિર્ધારિત સમય મર્યાદામાં કાર્યવાહી કરવી જોઈએ, એમ તેમણે સ્પષ્ટ કર્યું હતું.

મુખ્ય પ્રધાને નિર્દેશ આપ્યો હતો કે રાજ્યમાં આરોગ્ય ઉપ-કેન્દ્રોથી લઈને રેફરલ હોસ્પિટલો સુધીની વિવિધ આરોગ્ય સંસ્થાઓને મજબૂત બનાવવા માટે વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ બનાવવામાં આવે. આ પ્રોજેક્ટને એશિયન ડેવલપમેન્ટ બેંક (એડીબી)ના સહયોગમાં નમિશનપ તરીકે અમલમાં મૂકવો જોઈએ, એમ તેમણે જણાવ્યું હતું.

# જાતિ અને ધર્મને આધારે લોકોને ઘર નકારવાનો ભેદભાવ ખતમ થવો જોઈએ: રાજ્યપાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના રાજ્યપાલ સી. પી. રાધાકૃષ્ણને કહ્યું હતું કે એવું સાંભળવા મળે કે લોકોને જાતિ અને ધર્મને આધારે ઘર નકારવામાં આવી રહ્યા છે તે અત્યંત નિરાશાજનક છે અને આ ભેદભાવ ખતમ થવો જોઈએ.

નલોકમત વર્લ્ડ પીસ એન્ડ હાર્મની થ્રૂ ઈન્ટરફેઈથ ડાયલોગથ પરિષદમાં બોલતાં રાજ્યપાલે મંગળવારે એવું કહ્યું હતું કે આંતરધર્મીય સંવાદનો વિચાર નવો નથી અને આ સંવાદ વિભાજિતને જોડવાનું અને પૂર્વગ્રહને ખતમ કરવાનું કામ કરી શકે છે.

બિહારના રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાન, રાજ્યસભાના ભૂતપૂર્વ સાંસદ વિજય દર્ડા, જેઓ લોકમત મીડિયા ગ્રુપના ચેરમેન પણ છે તેઓ હાજર હતા.

બહુભાષી અને સાંસ્કૃતિક વૈવિધ્ય ધરાવતા સમાજમાં આવશ્યક છે કે આપણે નાગરિકોને બધા જ ધર્મનું સન્માન કરતાં શીખવીએ. આની શરૂઆત સ્કૂલો અને કોલેજોમાંથી થવી જોઈએ, એમ રાધાકૃષ્ણને કહ્યું હતું.

# પુણેની દીનાનાથ મંગેશકર હૉસ્પિટલ પાસે જમાવબંધીના આદેશ

પુણે: અહીંની દીનાનાથ મંગેશકર હોસ્પિટલમાં એક ગર્ભવતી મહિલાના મૃત્યુ બાદ રાજકીય પક્ષોના વિરોધ પ્રદર્શનોને કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાઇ રહી હતી, જેને લીધે દર્દીઓને અસુવિધા થતી હોવાથી પુણે પોલીસે હોસ્પિટલ નજીક લોકોના ભેગા થવા પર પ્રતિબંધ મૂક્યો છે. તનિષા ભિસેને નામની મહિલાએ ૧૦ લાખ રૂપિયાની ડિપોઝિટ ન ચૂકવવાને કારણે સૌપ્રથમ દીનાનાથ મંગેશકર હોસ્પિટલમાં દાખલ કરવાના ઇનકાર કરાતાં તેનું મોત થતા વિવાદ થયો હતો.

પાંચમા પાનાનું ચાલુ

### ડિજિટલ અરેસ્ટનો ડર

હેરેસમેન્ટમાં ટ્રેસ થયો હોવાનું જુઠ્ઠાણું આરોપીએ ચલાવ્યું હતું. અંધેરી પોલીસ સ્ટેશનના અધિકારીના સ્વાંગમાં ફોન કરનારા શખસે આ કેસની તપાસ સીબીઆઈ દ્વારા કરવામાં આવી રહી હોવાનું કહ્યું હતું. બાદમાં સીબીઆઈના વકીલને પણ કોન્ફરન્સ કૉલ પર જોડવામાં આવ્યા હતા.

સીબીઆઈ તમારી કસ્ટડી લેવાના છે. તમારી ડિજિટલ અરેસ્ટ કરવામાં આવી છે. સહકાર નહીં કરો તો દસ મિનિટમાં પોલીસ ઘરે આવીને તમને લૉકઅપમાં લઈ જશે. વળી, આ કાર્યવાહી ગુપ્ત નહીં રાખો તો પાંચ વર્ષની વધુ સજા થઈ શકે છે, એવો ભય ફરિયાદીને બતાવાયો હતો. આ મિશન સિક્રેટ નહીં રહે તો આરોપીઓએ ફરિયાદીની દીકરીને તકલીફ પહોંચવાની પણ ધમકી આપી હતી. ફરિયાદીને તેમના બૅન્ક ખાતામાંની રકમ આરોપીઓએ અલગ અલગ બૅન્ક ખાતાંમાં ટ્રાન્સફર કરવાની ફરજ પાડી હતી. આ રકમ તપાસ પૂરી કરીને ૧૦ માર્ચ, ૨૦૨૫ સુધીમાં પાછી આપવાની ખાતરી આરોપીએ આપી હતી. જોકે નાણાં પાછાં ન મળતાં પોતે છેતરાયા હોવાની જાણ ફરિયાદીને થઈ હતી. પોલીસના જણાવ્યા મુજબ ત્રણ આરોપીને અંકલેશ્વર, ચારને નાગપુર અને એકને બિહારથી તાબામાં લેવાયો હતો. આરોપીઓને કોર્ટે ૧૧ એપ્રિલ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ તેમની વધુ પૂછપરછ કરી રહી છે.

### લાતુરમાં ધમધમતી

પ્રમાણમાં જપ્ત કરાયો હતો. એ સિવાય લૅબોરેટરીનાં સાધનો અને અન્ય સામગ્રી પણ મળી આવી હતી. મેફેડ્રોન બનાવવામાં સંડોવાયેલા પાંચ જણની લાતુરમાંથી ધરપકડ કરવામાં આવી હતી, જેમાં એક પોલીસ કોન્સ્ટેબલનો સમાવેશ થાય છે.

પકડાયેલાઓની પૂછપરછમાં મળેલી માહિતીને આધારે ડ્રગ્સ ડિસ્ટ્રિબ્યુટર અને ફાઈનાન્સરને મુંબઈથી પકડી પાડવામાં આવ્યા હતા. ધરપકડ કરાયેલા સાતેય આરોપી વિરુદ્ધ એનડીપીએસ ઍક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ કેસમાં ખાસ કરીને પોલીસ કૉન્સ્ટેબલની સંડોવણીથી પોલીસ દળમાં સનસનાટી ફેલાઈ છે.

## જૈન મરણ

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

ચૂડા નિવાસી હાલ પુના અ. સૌ. સરલાબેન અજમેરા (ઉં.વ. ૮૩) તા. ૬-૪-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે સુરેશભાઈ જયંતિલાલ અજમેરાના ધર્મપત્ની. ધનેશભાઈ, સિદ્ધાર્થભાઈ, સેજલબેનના માતુશ્રી. કુંજલબેન, નેહલબેન, કુંદરોડીના જતિન વાલજીભાઈના સાસુજી. રાહુલ, ધ્વની, ક્રિષા, તનિશાના દાદી. પુષ્પાબેન હસમુખલાલ, પ્રવિણાબેન બિપીનચંદ્ર, સ્વ. ભુપતભાઈના ભાભી. ધનબાઈ કુંવરજી ધરમશી શાહના પુત્રી. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૦-૪-૨૫ના ૪ થી ૬ શ્રી માટુંગા કચ્છી શ્વે. મૂ. જૈન સંઘની નારાણજી શામજી વાડી, ૪૫૨/૫૩, ભાઉદાજી રોડ, મદ્રાસ કેફેની સામે, માટુંગા સેં. રે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ડોળિયા (સાયલા) નિવાસી હાલ બોરીવલી સ્વ.મનસુખલાલ ઠાકરશીભાઈ શાહના ધર્મપત્ની ઉષાબેન (ઉં.વ. ૮૫) મંગળવાર, તા. ૮-૪-૨૫ના મંગળવારે નાંણદેવીશરણ પામેલ છે. અ. સૌ. વંદનાબહેન, અ. સૌ. બેલાબેન, નિલેશભાઈના માતુશ્રી. હેમેનભાઈ અજમેરા, સંજયભાઈ ગોયાણી, અ. સૌ. ચૈતાલીબેન શાહના સાસુમા. શારદાબેન ભોગીલાલ શાહના ભાભી. લિંબડી નિવાસી હાલ અંધેરી સ્વ. શાંતિલાલ ત્રિકમલાલ શેઠની પુત્રી. ભૂમિના દાદીમા. લૌકિક વ્યવહાર અને પ્રાર્થનાસભા રાખેલ નથી. રહેઠાણ: ૬૦૪, ગુરુશાંતિ નિવાસ, દૌલત નગર રોડ નં. ૭, બોરીવલી ઈસ્ટ.

**સુરત વિશા ઓસવાલ શ્વે. મૂ. જ્ઞાતિ જૈન**

હાર્દિક જવેરી (ઉં.વ. ૩૫) રવિવાર, તા. ૩-૪-૨૫ના મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તે જાગૃતિબેન ચંદ્રજીતભાઈના સુપુત્ર. પુજાબેનના પતિ. સમર્થના પિતા. રોહનના ભાઈ. જીનલના જેઠ. અમીતાબેન પ્રફુલભાઈ શાહના જમાઈ. (પાંચોટ) તેમની પ્રાર્થનાસભા-સંયુક્ત બંને પક્ષે સોમવાર, તા. ૧૪-૪-૨૫ના સોમવારે ભારતીય વિદ્યાભવન, ચોપાટી ૩.૩૦થી ૫.૩૦.

**ઝાલાવાડી વિશાશ્રીમાળી મૂર્તિપૂજક જૈન**

વિંછીયા નિવાસી, હાલ ઘાટકોપર તા. ૮-૪-૨૫ મંગળવારના રોજ સ્વ. શાંતીલાલ મગનલાલ શાહના ધર્મપત્ની સુશીલાબેન શાહ (ઉં. વ. ૮૪) અરિહંતશરણ પામેલ છે. તે ભરત, રાજેશ, બીનાના માતુશ્રી. વીણા, પલ્ના, રાજેશ દોશીના સાસુ. તે મીહીર, નીયતી મીહીર, જીગીશ, મૈત્રીના દાદી. ભવ્યના નાની. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બગસરા નિવાસી, હાલ નાશિક દિનેશભાઈ પ્રભુદાસ ઘેલાણી (શાહ) (ઉં. વ. ૭૨) તા. ૭-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ભાવનાબેનના પતિ. જયશ્રીબેન કિશોરભાઈ, દક્ષાબેન જીતુભાઈ, હીનાબેન લલીતભાઈ, જગદીશભાઈના ભાઈ. જીગ્નેશ તથા કલ્પેશના પિતા. સ્વ. મગનલાલ કુંવરજી હેમાણીના જમાઈ. શિરીષભાઈ કામદાર તથા સ્વ. નરેશભાઈ તુરખીયાના વેવાઈ. જીગીશા તથા વિધીના સસરા. ધર્મસભાનું આયોજન તા. ૧૩-૪-૨૫ના રવિવારે સવારે ૧૦:૩૦ થી ૧૨:૩૦. ધી વન હૉટેલ, પ્લોટ નં. ૧૮, આર ડી ની નજીક, નાશિક-૪૨૨૦૦૮. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી શ્વે. મૂ.પૂ.જૈન**

રામપુરા ભંકોડા નિવાસી હાલ કાંદિવલી, સુભદ્રાબેન ચંદુલાલ મહેતાના સુપુત્રી. કિર્તીકુમાર વાડીલાલ શાહના ધર્મપત્ની. અ.સૌ. અલકાબેન (ઉં.વ. ૭૧) હાલ અમદાવાદ તા. ૪-૪-૨૫ના શુક્રવારના રોજ અરિહંતશરણ પામ્યા છે. તે જયેન્દ્ર, સ્મિતાના બહેન, ભારતીના નણંદ, દિક્ષિત, અંકિતના ફૈબા. વૈભવી, પાયલ, આકાશના માસી. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી શ્વે. મૂ.પૂજક જૈન**

મુળી નિવાસી- હાલ મુંબઈ, સ્વ. સમતાબેન હરિલાલ શાહની સુપુત્રી તથા સુરેન્દ્રનગર નિવાસી-હાલ આણંદ સ્વ. પ્રભાબેન ડૉ. મહાસુખભાઈ જગજીવનદાસ શાહની પુત્રવધૂ. બેન જ્યોત્સના (ઉં.વ. ૭૯) તે સ્વ. કીરીટકુમાર મહાસુખભાઈ શાહની ધર્મપત્ની. હિતેશના માતુશ્રી. સ્વ. જશવંતભાઈ પ્રબોધભાઈ, જયેન્દ્રભાઈ તથા સ્વ. તારાબેન (રેખાબેન) મહેન્દ્રકુમાર મહેતાના બેન તા. ૭-૪-૨૫ના સોમવારે આણંદ ખાતે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થના રાખેલ નથી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાગલપુરના વસંત નાનજી શાહ (છેડા) (ઉં.વ. ૮૦) તા. ૮-૪-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. સુંદરબેન નાનજી વેલજીના પુત્ર. શીલાના પતિ. પરેશ, કલ્પેશ, શિતલના પિતાશ્રી. મણીલાલ, નેમચંદ, અમૃત, રસિકબેન, વિમળાબેનના ભાઇ. ભુજપુરના કુંવરબાઇ કાકુભાઇ લીલાધર દેઢીયાના જમાઇ. પ્રાર્થના સભા રાખેલ નથી. ઠે. વસંતલાલ નાનજી શાહ, એ-૫૦૩, જય હનુમાન સોસાયટી, કુરાર વિલેજ, મલાડ (ઇસ્ટ).

કોટડા (રોહા)ના ખીમજી (બાબુભાઈ) જીવરાજ વિસરીયા (ઉં.વ. ૮૬) ૭-૪ના અવસાન પામેલ છે. હીરબાઈ જીવરાજ ભાણજીના પુત્ર. સુંદરબેનના પતિ. ઉત્તમ, મીના, સ્વ. રાજેશના પિતા. મોરારજી, તારાચંદ, તેજબાઈ, નેણબાઈ, જવેરબાઇ, સુંદરબેન, દમયંતી, મુલબાઇના ભાઈ. ગઢશીશા ખેતબાઈ મણશી કરમશીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ઉત્તમ વિસરીયા, એ-૩૦૨, મલ્હાર પેલેસ નં. ૨. માનપાડા રોડ, ડોંબીવલી (ઇ).

મો. આસંબીયાના ગં.સ્વ. સાકરબેન રાંભીયા (ઉં.વ. ૮૭) તા. ૮-૪-૨૫ના અરિહંત શરણ પામેલ છે. સ્વ. લક્ષ્મીચંદના ધર્મપત્ની. માતુશ્રી કુંવરબેન કાનજી હરશીના પુત્રવધૂ. સ્વ. જયપ્રકાશ, નયના, નીતા, રાજેશના માતુશ્રી. મો.આસંબીયા કંકુબેન હેમરાજ છેડાના સુપુત્રી. રામજી, લક્ષ્મીચંદ, ભાઇલાલ, ફરાદી રતનબેન પ્રેમજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. રાજેશ લક્ષ્મીચંદ, ૪૫/૫૧, ૮મી ગલી, એમ.આર. રોડ, કામાઠીપુરા, મું. ૮.

ભુજપુર (ભાટીયા શેરી)ના કેશવજી મેઘજી દેઢિયા (ઉં.વ. ૮૯) તા. ૮-૪-૨૫ના દેવલોક પામ્યા છે. દેવકાબેન મેઘજી ભારમલના સુપુત્ર. જવેરબેનના પતિ. જેવંતી, દિલીપ, કલાના પિતા. જવેરબાઈ, શીવજી, રતનશી, તલકશીના ભાઈ. બિદડાના દેવકાબાઈ દેવરાજના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. પિયુષ કુંવરજી શાહ: ૫૫૪, એ-૩૧, શલાકા, સેક્ટર-૫, ચારકોપ, મું. ૬૭.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મોટા ખૂંટવડાવાળા હાલ બોરીવલી, દોશી પોપટલાલ પ્રેમચંદના ધર્મપત્ની સુશીલાબેન (ઉં.વ. ૮૧) તે પરેશ, પ્રકાશ, વિપુલ, રિટા નિતેશકુમાર, કલ્પના દિનેશકુમાર, જાગૃતિ મનીષકુમારના માતુશ્રી. હિના, ભાવના, અમી, માયાના સાસુ. પિયરપક્ષે મણિલાલ માણેકચંદ શેઠ ગાધકળાના દીકરી. ૬/૪/૨૫ના સ્વર્ગવાસ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી જૈન**

ધોરાજી નિવાસી હાલ મુંબઈ, સ્વ. કૃષ્ણકાંત હરિદાસ પારેખનાં ધર્મપત્નિ, ગં.સ્વ. રંજનબેન પારેખ (ઉં.વ. ૯૨) તા. ૬-૪-૨૫ના રવિવાર અરિહંતશરણ પામેલ છે. તે પરેશભાઈ, સ્મિતાબેન, વર્ષાબેનનાં માતુશ્રી. અ.સૌ. મમતાબેન, ચેતનકુમાર પ્રવિણચંદ્રનાં સાસુ. જામકંડોરણા નિવાસી, સ્વ. કમળાબેન ખોડીદાસ દેસાઈનાં સુપુત્રી. મનોજભાઈ, કૌશિકભાઈ દેસાઈનાં બહેન. ચિ. કૃતિ જયદેવ, ચિ. શ્રુતિ રોનકનાં દાદી. પ્રાર્થનાસભા ગુરૂવાર તા. ૧૦-૪-૨૫ના ૪ થી ૬. ઈન્ડિયન મેડિકલ એસોસિએશન હૉલ, આઈ. એ. એમ. બિલ્ડીંગ, જે.આર. મ્હાત્રે માર્ગ. જુહુ પી.વી.આરની બાજુમાં જે.વી.પી.ડી. સ્કીમ. વિલે પાર્લે- મું.૫૯.

**ઝા. દશા. સ્થાનકવાસી જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ સાન્તાક્રુઝ, સ્વ. સમતાબેન પ્રાણલાલ શાહના સુપુત્ર બકુલભાઈ (ઉં.વ. ૭૧) તા. ૯-૪-૨૫ના અરિહંતચરણ પામેલ છે. તે સંગીતાબેનના પતિ. ક્ષમિક તથા બિન્દીબેનના પિતા. હિમાંશુભાઈ તથા અંકિતાબેનના સસરા. સ્વ. દિનેશભાઈ, સ્વ. ગીરીશભાઈ, સ્વ. કુસુમબેન, હંસાબેન, સુરેખાબેનના ભાઈ. પિયરપક્ષે સ્વ. લલીતાબેન નાનાલાલના જમાઈ. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ ભચાઉ/નવાગામના સ્વ. હરીલાલ ધનજી ખુધીયા (ઉં.વ. ૬૯) તા. ૭-૪-૨૫ સોમવારના શ્રીજી ચરણ પામેલ છે. સ્વ. જીવાબેન ધનજીના સુપુત્ર. ગં.સ્વ. જમનાબેનના પતિ. વિમલ, વંદનાના પિતાશ્રી. રીટા, ભદ્રેશના સસરા. વીર, તક્ષના દાદા. જય, જાનવીના નાના. ભચાઉના સ્વ. લક્ષ્મીબેન/ગં.સ્વ. દિવાળીબેન ખીમજી પુનશી નિસરના જમાઈ. પ્રાર્થના સભા ગુરુવાર તા. ૧૦-૪-૨૫. સમય બપોરે ૪ થી ૫.૩૦ સ્થળ. યોગીગૃહ સભા દાદર, નિવાસ સ્થાન. ૭૦૧, આકૃતિ એપાર્ટમેન્ટ, ઘાટકોપર-વેસ્ટ.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ લાકડીયાના સ્વ. રાજીબેન દેવજી રાયશી છેડા (ઉં.વ. ૧૦૧) રવિવાર તા. ૬-૪-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. દેવજી રાયશીના ધર્મપત્ની. સ્વ. દામજી, ચંદ્રકાંત, સ્વ. ધનવંતી, સ્વ. રંજન, ગં.સ્વ. માલતી, મંજુલા, ભારતીના માતુશ્રી. ગં.સ્વ. ભાનુમતી, જવેર, દામજી નિસર, સ્વ. મોતીલાલ ગાલા, સ્વ. અમરશી ગાલા, અરજણ ગાલા, શામજી ગાલા, દામજી ગાલાના સાસુ. લલીત, વિપુલ, ધર્મેશ, દિપ, કાશ્મીરા, ભાવિકાના દાદી. પ્રાર્થના સભા ગુરુવાર તા. ૧૦-૪-૨૫ના સમય બપોરે ૩.૦૦ થી ૪.૩૦ સ્થળ. પરમ કેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર-વેસ્ટ, મુંબઈ. નિવાસ સ્થાન. એ-૪૦૧, રાજશ્રી રોયલ, કારાણી લેન, ઘાટકોપર-વેસ્ટ.

## હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ ખરસાડ હાલ મલાડ નિવાસી સ્વ. નરોત્તમભાઈ સુખાભાઈના ધર્મપત્ની ગં.સ્વ. કમળાબેન (ઉં.વ. ૮૧) સોમવાર, તા. ૭-૪-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે બિપિનભાઈ, ગીતાબેન, કલ્પનાબેનના માતુશ્રી. સૌ. રીટાબેનના સાસુમા. વિધિ, ધાર્મિક, ધ્રુવીના દાદી. સ્વ. જીવીબેન ડાહ્યાભાઈના દીકરી. વૈશાલી, યશ્વીના નાની. મયૂરના દાદી સાસુ. બંને પક્ષનું બેસણું તા. ૧૧-૪-૨૫ના ૨થી ૫. પુચ્છપાણીની વિધિ ગુરુવાર, તા. ૧૭-૪-૨૫ના ૩થી ૫. નિવાસસ્થાન: ૫૦૧, ત્રિમૂર્તિ કો.ઓ.હા. સોસાયટી, જૈન મંદિરની સામે, કુરાર વિલેજ, મલાડ (ઈ). લૌકિક વ્યવહાર બંધ છે.

**ઈડર ઔદિચ્ય સત્તાવીસ જ્ઞાતિ બ્રાહ્મણ**

ગામ વસાઈ હાલ ઘાટકોપર ગં. સ્વ. શારદા જટાશંકર ઉપાધ્યાય (ઉં.વ. ૮૯) તા. ૫-૪-૨૫ના શનિવારે દેવલોક થયેલ છે. તે સ્વ. નયનાબેન, જયશ્રીબેન, વિજયભાઈ, બિમલભાઈના માતુશ્રી. સ્વ. ચક્ષુ, કાજલ કરણ પટેલના દાદી. નેહાબેન, દિનેશકુમાર, પંકજકુમારના સાસુ. પિયર પક્ષમાંથી સોમનાથ મગનલાલ ભટ્ટ તથા નબૂબેનના પુત્રી. સ્વ. જયંતીભાઈ ભટ્ટના બેન. બંને પક્ષની સાદડી સાથે રાખેલ છે. લૌકિક વહેવારની પ્રથા બંધ છે. તા. ૧૧-૪-૨૫, શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ, સમાજ ભવન, શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ ચોક, જોષી લેન, એમ. જી રોડ, ઘાટકોપર (પૂર્વ). સમય ૪ થી ૬.

**ભટ્ટ મેવાડા બ્રાહ્મણ**

ઓઢા નિવાસી હાલ અમદાવાદ - ગાંધીનગર, ગં. સ્વ. જ્યોત્સનાબેન પુરોહિત (ઉં.વ. ૭૪) તા. ૬-૪-૨૫, રવિવારે એકલિંગજી શરણ થયા છે. તે મનહરલાલ આદિતરામ પુરોહિતના ધર્મપત્ની. હિમાંશુભાઈ, અંશુમાનભાઈ, પ્રિયદર્શનાબેન, હેતલબેનના માતુશ્રી. ચાંદરણી નિવાસી હાલ મુંબઈ સ્વ. નર્મદાશંકર દલસુખરામ વ્યાસ અને સ્વ. આનંદગૌરી નર્મદાશંકર વ્યાસની પુત્રી. પદમાબેન, સદાશિવભાઈ, પ્રતાપભાઈ, પંકજભાઈ, રામેશ્વરભાઈ, જગદીશભાઈ, ગણપતિભાઈના મોટા બેન. પિયર પક્ષ તરફથી મુંબઈ મુકામે પ્રાર્થનાસભા સ્થળ: શ્રી ભાટીયા ભગીરથી ટ્રસ્ટ, ૮૮ દાદીશેઠ અગિયારી લન, મુંબઈ-૨એ તા. ૧૦-૪-૨૫, ગુરુવારે ૪ થી ૬ તથા દેશ ખાતે બંને પક્ષ તરફથી બેસણું તા. ૧૩-૪-૨૫, રવિવારે સવારે ૧૦ થી ૧. સ્થળ: ઓઢા હાઈસ્કૂલ, ઓઢા, તાલુકો બાયડ, જિલ્લો અરવલ્લી.

## પારસી મરણ

પરવીન અદી મિસ્ત્રી તે મરહૂમ અદીના ધન્યાની તે મરહૂમો શીરીન ખોદાયાર સોતુદીયનના દીકરી. તે ફરોખ ને ખોદાયારના માતાજી. તે જેસમીન ને નફીસાના સાસુજી. તે નેગાદર, માવશ ને મરહૂમ સઈરૂઝના બહેન. તે પરલ, દીનાઝ, નીલુફર, યઝદના બપઈજી. (ઉં.વ.૭૭) રે.ઠે. ફકીર મનઝીલ, ત્રીજે માળે, રૂમ નં. ૪૪, શંકર શેઠ રોડ, ગ્રાન્ડ રોડ, મુંબઈ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા: તા. ૧૧.૦૪.૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની બેનેત નં.૬માં ડુંગરવાડી પર.

પરવીન રતન લાલકાકા તે મરહૂમ રતનના ધન્યાની. તે મરહૂમો જાલુ અદી ગઝદરના દીકરી. તે નાહીદ ને ઝરીરના માતાજી. તે હોરમઝદના સાસુજી. તે હોમી ને યાસમીનના બહેન. તે ઝયાન ને અરદેશીરના મમઈ. (ઉં.વ. ૮૮) રે.ઠે. ૨૭-એ, વેસ્ત હીલ, ૨૭૪ નેપીયનસી રોડ, મુંબઈ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયા: તા. ૧૧.૦૪.૨૦૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની હોડીવાલા બંગલીમાં છેજી.

**કપોળ**

મહુવાવાળા સ્વ. તુલસીદાસ મગનલાલ પારેખના ધર્મપત્ની મંજુલા (ઉં.વ. ૮૧) સોમવાર, તા. ૮-૪-૨૫ના નવી મુંબઈ મુકામે શ્રીજીચરણ પામેલ છે. તે મયુર, કમલેશ, સોનલબેન સુનીલકુમાર મહેતા, રૂપા પંકજકુમાર વળીયા, રાગિની ઉમેશકુમાર ગોરડિયાના માતુશ્રી. ઉર્વશી, ભાવનાના સાસુ. પિયર પક્ષે સ્વ. નંદલાલ દામોદરદાસ સંઘવીના પુત્રી. જશ - પ્રિયંકા - આર્યા, શિવાની-દેવાંગ, જીલ, શુભમના દાદી. નિશા, જય, શ્રુતિ, સાગર, સલોની, અસ્મિતાના નાની. સાદડીની પ્રથા બંધ છે.

**સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

હાલ મુલુંડ નિવાસી દિનકરરાય પંડ્યા (ઉં.વ. ૮૧) તા. ૫-૪-૨૫ના કૈલાસવાસી થયા છે. તે સ્વ. પ્રભાબેન તથા સ્વ. જગજીવન પ્રભાશંકર પંડયાના પુત્ર. સ્વ. અ. સૌ. ઉમાબેનના પતિ. નરેન, ચેતના, અ. સૌ. મીના સંજીવ વ્યાસના પિતા. અ. સૌ. હેમલ નરેન પંડયા, સંજીત વ્યાસના સસરા. શિવાંગીના દાદા. હિમાંશી, ઈશાનના નાના. પ્રાર્થનાસભા ગુરૂવાર, તા. ૧૦-૪-૨૫ના ૫ થી ૭. સ્થળ: પદમાવતી બેન્કવેટ હોલ, બી-૫૦૧, પાંચમા માળે, એમ. જી. રોડ, મુલુંડ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ ભાટિયા**

પંકજ જયહિંદ સંપટના ધર્મપત્ની હર્ષા સંપટ (ઉં.વ. ૬૩) તે સ્વ. યશવંતી તથા જયસિંહ રામદાસ સંપટના વહુ. સ્વ. ચંપાબેન તથા ત્રિકમદાસ હંસરાજ સ્વાલીના પુત્રી. પ્રણવના માતુશ્રી. પૂજાના સાસુજી. જયેશ, રાજેશ, સંધ્યા, રીટાના ભાભી તા. ૪-૪-૨૫ના રોજ વેનકુંવર, કેનેડા મુકામે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

સ્વ. જ્યોતિબેન અને સ્વ. સુરેશભાઈ માધવદાસ શેઠના પુત્ર ધીરેન (ઉં. વ. ૫૯) ઘોઘા નિવાસી, હાલ વિરાર તા. ૮-૪-૨૫, મંગળવારે શ્રીજીચરણ પામ્યા છે. તે રૂપાના પતિ. વિજય, અજયના પિતા. મલ્લિકા ભાવેશ મહેતાના ભાઈ. કરણના મામા. મોસાળ પક્ષે રાજુલાવાળા સ્વ. ચંપકલાલ પ્રેમજી મહેતાના ભાણેજ. સર્વ લૌકિક રિવાજ બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળગામ પોરબંદરવાળા હાલ બોરીવલી, સ્વ. નટવરલાલ પોપટલાલ ગોકાણીના ધર્મપત્ની ગં.સ્વ. પ્રભાબેન ગોકાણી (ઉં.વ. ૭૭) તે સખપુર નિવાસી સ્વ. સંતોકબેન વૃજલાલ દેવચંદ રાયચુરાના દીકરી. કિરણ-હેમાલી, ચેતના મુકેશકુમાર માણેક, કીર્તિ દિલીપકુમાર રાયઠઠ્ઠાના માતુશ્રી. સ્વ. વનીતાબેન માધવજી કોઠારી, સ્વ. ચંદુલાલ, કાંતિલાલ, સ્વ. લક્ષ્મીદાસ, સુભાષચંદ્રના ભાભી. સ્વ. લલીતાબેન ચંદ્રકાંત અઢિયા, વલ્લભદાસ, ધીરજલાલ, સ્વ. નંદલાલના બહેન. ૫/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**નૂતન સાડત્રીસ જૈન સમાજ**

બજાણા નિવાસી હાલ બોરિવલી સ્વ. ડાહીબેન ખીમચંદ છગનલાલ દોશીના સુપુત્ર વસંતલાલ (ઉં.વ. ૮૨) તા. ૫/૪/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મૃદુલાબેનના પતિ. સ્વ. ધર્મેન્દ્ર, ડિમ્પલ મેહુલકુમાર બાવીશી, વર્ષાબેન હિતેષકુમાર શેઠના પિતા. સ્વ. સુશીલાબેન, સ્વ. જયંતિલાલ, સ્વ. શાંતાબેનના ભાઈ. સ્વ. કમળાબેન ચીમનલાલ હટીસીંગ દોશીના જમાઈ. લૌકીક વ્યવહાર બંધ છે. ઠે. ૨૦૨, પટકેશ્વર બિલ્ડિંગ, બાભઈ નાકા, ટીપીએસ રોડ, બોરીવલી વેસ્ટ.

**સિહોર સંપ્રદાય ઔદિચ્ય ૧૧૦૦ બ્રાહ્મણ**

ભડી ભંડારીયા હાલ વિલેપાર્લે, ગં.સ્વ. તારામતી ભટ્ટ તે સ્વ. (નટવરલાલ) ચંદ્રશંકર રતીલાલ ભટ્ટના ધર્મપત્ની. પિયરપક્ષે સ્વ. અમૃતલાલ મણીશંકર જોશીના કમલૅજ દીકરી. સ્વ. જગદીશચંદ્ર રતીલાલ ભટ્ટના ભાભી. યોગેશ, અશ્વીન, કિશોર, ભાવના, નીતાના માતૃશ્રી. તા. ૮-૪-૨૫ મંગળવારના દેવલોક પામ્યા છે. બન્ને પક્ષની લૌકિક પ્રથા બંધ છે.

**ઝાલાવાડી સઇ સુતાર જ્ઞાતિ**

ઉગામેડી નિવાસી હાલ બોરીવલી, વ્રજલાલ રવજીભાઈ પરમાર (ઉં.વ. ૮૦) ૫/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે દુર્ગાબેનના પતિ. પ્રવીણભાઈ, વર્ષાબેન, ભાવનાબેન, મનીષાબેન, દિમ્પીબેનના પિતા. ચંદ્રકાંત વાઘેલા તથા ધર્મિષ્ઠાના સસરા. તુલસીદાસ ગોહેલના જમાઈ. બાબુભાઇ, ચુનીભાઇ, નરેશભાઈના બનેવી. સ્વ. મહેન્દ્રભાઈ, ઇન્દુબેન ચૌહાણ, શારદાબેન સોલંકીના ભાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૧/૪/૨૫ના ૫ થી ૭. લુહાર સુથાર વાડી, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી પૂર્વ.

**દશા સોરઠીયા વણિક**

કાનપર નિવાસી હાલ બોરીવલી, ગં.સ્વ. વત્સલાબેન જયંતીલાલ હીરાચંદ સાંગાણી (ઉં.વ. ૮૮) તા. ૬/૪/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે જયેશ, મયુરી, મુકેશના માતુશ્રી. સુરભી. હીના, શૈલેષ અમીચંદ કાચાલીયાના સાસુ. ગં.સ્વ. હસુમતીબેન વૃજલાલના દેરાણી, પિયરપક્ષે સ્વ. મનહરલાલ, સ્વ. રસીલાબેન નટવરલાલ, સ્વ. ઉષા રમણીકલાલ, શશીકાંતભાઈ, મહેન્દ્રભાઈ, ભારતી કાંતિલાલ, પૂર્ણિમા હર્ષદરાય, સ્વ. શોભનાબેન નરેન્દ્રના બહેન, અમી શૈલેષ, માનસી મિહિર, ધવલ, રવીના ધવલ, પૂજા ધવલ, રિધ્ધિના દાદી. સાદડી તા. ૧૧/૪/૨૫ના ૫ થી ૭. કોરાકેન્દ્ર હોલ, ૐ સત્યમ નિવાસની બાજુમાં, ઈસ્ટ એશિયા રેસ્ટોરન્ટની બાજુમાં, દળવીનગર, શિંપોલી રોડ, બોરીવલી પશ્ચિમ.

**કપોળ**

શીહોરવાળા હાલ કાંદિવલી, સ્વ. મધુબેન જયંતભાઈ બાબુરાય સંઘવીના પુત્ર રૂપેન (ઉં.વ. ૫૫) તા. ૬-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે દિપાલીના પતિ. ચાંદની અને સલોનીના પિતા. અ.સૌ. રીના શશીભાઇ પનીકર, હેમેનના ભાઈ. પૂજાના જેઠ, ગં.સ્વ. કલાબેન હિમ્મતલાલ કાંતિલાલ જોશીના જમાઈ. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# કાંદિવલીની એસવીપી સ્કૂલ ફી વધારા વિશે ફેરવિચાર કરશે

**વાલીઓના વિરોધ પછી મેનેજમેન્ટની ખાતરીઃ ઈન્ટરનેશનલ સ્કૂલ જેવી સુવિધાઓ ૧૦,૦૦૦ રૂપિયાની ફીમાં આપવા કટિબદ્ધ છે કેઈએસ દ્વારા સંચાલિત આ શાળા**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના કાંદિવલીની અત્યંત પ્રતિષ્ઠિત કાંદિવલી એજ્યુકેશન ટ્રસ્ટ (કેઈએસ) દ્વારા સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ વિવિધલક્ષી વિદ્યાલય (એસવીપી) સ્કૂલની ફીમાં આગામી શૈક્ષણિક વર્ષથી ફીમાં થઈ રહેલા વધારાનો વિરોધ કરવા માટે મોટી સંખ્યામાં વાલીઓ સ્થાનિક રાજકારણી સાથે બુધવારે શાળામાં પહોંચ્યા હતા. આ વાલીઓના પ્રતિનિધિમંડળને મળ્યા બાદ શાળાના સંચાલકો દ્વારા તેમની માગણીઓ પર વિચાર કરવાની ખાતરી આપવામાં આવી હતી.

વાલીઓ દ્વારા 'મુંબઈ સમાચાર'ને એવી માહિતી આપવામાં આવી હતી કે ૨૦૨૪-૨૫માં શાળા દ્વારા ફીમાં વધારો કરીને વાર્ષિક ૫,૦૦૦ રૂપિયાની ફીને વધારીને પ્રાઈમરી સેક્શનમાં ૬,૦૦૦ રૂપિયા અને સેકેન્ડરીમાં ૬,૬૦૦ રૂપિયા કરવામાં આવી હતી. એ જ વખતે વાલીઓને એવું આશ્વાસન આપવામાં આવ્યું હતું કે દરવર્ષે ફીમાં ફક્ત ૧૦ ટકાનો વધારો કરવામાં આવશે. આમ છતાં ૨૦૨૫-૨૬ના વર્ષ માટે ફી માળખાની જાહેરાત કરવામાં આવી ત્યારે ફી વધારીને સીધી ૧૦,૦૦૦ રૂપિયા કરી નાખવામાં આવી હોવાનું જાણવા મળતાં અનેક વાલીઓને આઘાત લાગ્યો હતો.

અચાનક ફીમાં કરવામાં આવેલા જંગી વધારા સામે પોતાની નારાજગી વ્યક્ત કરવા માટે સેંકડો વાલીઓ બુધવારે બપોરે શાળા પાસે એકઠા થયા હતા. કાંદિવલી વિસ્તારની આ જાણીતી સ્કૂલમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ નિમ્ન મધ્યમ-વર્ગ અને ગરીબ વર્ગમાંથી આવે છે અને આટલો જંગી ફી-વધારો તેમને પરવડી શકે તેમ ન હોવાથી આ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ■

## મેનેજમેન્ટનું શું કહેવું છે?

શાળા દ્વારા કરવામાં આવેલા ફી-વધારા અંગે પૂછવામાં આવતા સંચાલક મંડળમાં રહેલા મહેશ ચંદારાણાએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે વાલી મંડળની બેઠકમાં ફી-વધારાના પ્રસ્તાવને ૯૯:૦૧ના તફાવતથી મંજૂરી આપવામાં આવી હતી. અત્યારે જે ફી વધારો કરવામાં આવી રહ્યો છે તે માસિક ૩૦૦ રૂપિયા જેટલો થવા જાય છે. કેઈએસની સ્કૂલમાં વાર્ષિક ૧૦,૦૦૦ રૂપિયામાં જે સુવિધા આપવામાં આવી રહી છે એવી સુવિધા અન્ય સ્કૂલોમાં એક-દોઢ લાખની ફી લઈને આપવામાં આવે છે.

અમારો સંકલ્પ છે કે અમારી સ્કૂલમાં ગરીબમાં ગરીબ વિદ્યાર્થી પણ વૈશ્વિક સ્તરનું શિક્ષણ મેળવે એટલા માટે જ અમે પ્રાઈમરીમાં ગ્રાન્ટ ન મળતા વર્ગોના વિદ્યાર્થીઓને પણ ગ્રાન્ટ મેળવતા વર્ગો જેટલી જ ફીમાં પણ એટલી જ સુવિધા આપી રહ્યા છીએ. અમારી સ્કૂલમાં વિદ્યાર્થીઓનું ઓવરઓલ ડેવલપમેન્ટ કરવામાં આવે છે, એમ પણ મહેશ ચંદારાણાએ જણાવ્યું હતું. ■


## અત્યારે વર્ષે દોઢ કરોડનું નુકસાન

કેઈએસના સંચાલકમંડળના બિજલ દત્તાણીએ મુંબઈ સમાચારને જણાવ્યું હતું કે કેઈએસ સ્કૂલમાં જે રીતની ઓવરઓલ ડેવલપમેન્ટ માટે જે પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે તેની સરખામણી અન્ય સ્કૂલો સાથે કરવામાં આવે તો માસિક બે-ચાર હજારનો ખર્ચ થતો હોય છે, પરંતુ આપણી સ્કૂલમાં આવો કોઈ વધારાનો ખર્ચ વિદ્યાર્થીઓ પર નાખવામાં આવતો નથી. અત્યારે સ્કૂલ દરવર્ષે લગભગ એક-દોઢ કરોડની ખોટમાં ચાલી રહી છે, આમ છતાં સંચાલકો વિદ્યાર્થીઓના હિતને વરેલા હોવાથી આ બોજ વિદ્યાર્થીઓ પર નાખવામાં આવ્યો નથી. પ્રાઈમરી વિભાગમાં કેટલાક વર્ગોને સરકાર તરફથી મંજૂરી આપવામાં વિલંબ કરવામાં આવતો હોવા છતાં એ વર્ગોના વિદ્યાર્થીઓ પાસેથી નોન-એઈડેડની ફી લેવાને બદલે બાકીનો બોજ સંસ્થા અત્યારે ઉઠાવી રહી છે. સ્કૂલ નુકસાનમાં હોવા છતાં વિદ્યાર્થીઓની સુવિધામાં વધારો જ કરવામાં આવી રહ્યો છે. અમારા અગાઉના સંચાલકો વિદ્યાર્થી હિતને વરેલા હતા અને અમે તેમનો વારસો આગળ લઈ જઈશું. વિદ્યાર્થીઓ અને વાલીઓએ કોઈ ચિંતા કરવાની આવશ્યકતા નથી. વાલીઓની માગણી પર સંસ્થાની સંચાલક મંડળની બેઠકમાં ચોક્કસ વિચાર કરવામાં આવશે. ■

## ઈન્ટરનેશનલ સ્કૂલોની સુવિધા

સમગ્ર સંકુલમાં સીસીટીવી કેમેરા, સ્વચ્છતા માટે હાઉસકિપીંગ સ્ટાફ, સિક્યોરીટ સ્ટાફ ૨૪ કલાક માટે, ત્રણ મોટી અને એક નાની લિફ્ટ, ડિજિટલ ક્લાસરૂમ, કમ્પ્યુટર લૅબ, સ્પીચ-ડ્રામા ટ્રેનિંગ, મ્યુઝિક, ડાન્સ, મલ્લખાંબ, સ્પોર્ટ્સ કોચિંગ, ફૂટબોલ ટીમ, દિવાળી અને ક્રિસમસમાં વિદ્યાર્થીઓને ભેટ, વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા માટે તાલીમ, યોગા અને કરાટેની તાલીમ, ક્રિકેટ અને વોલીબોલની તાલીમ આ બધી સુવિધા વિદ્યાર્થીઓને આપવામાં આવી રહી છે. ■

# એલ્ફિન્સ્ટન બ્રિજ આજથી બંધ



(જયપ્રકાશ કેળકર)

મુંબઈઃ મુંબઈમાં પૂર્વ-પશ્ચિમ વિસ્તાર જોડવામાં મહત્વની કડી ધરાવતો એક સદી જૂના એલ્ફિન્સ્ટન રોડ ઓવરબ્રિજ (આરઓબી)નું પુનર્નિર્માણ કરવાનું હોવાથી ગુરુવારથી બે વર્ષ માટે વાહનવ્યવહાર માટે બ્રિજ બંધ રહેશે એમ અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું.

મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)ના શિવડી - વરલી એલિવેટેડ કનેક્ટર પ્રોજેક્ટના ભાગરૂપે મધ્ય મુંબઈમાં પરેલ અને પ્રભાદેવી વિસ્તારોને જોડતી આરઓબીના તોડકામ અને પુનઃ નિર્માણ માટે બંધ કરવામાં આવશે. આ બંધને કારણે વિશેષ રૂપે મધ્ય મુંબઈના દાદર, લોઅર પરેલ, કરી રોડ અને ભારતમાતા વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યા સર્જાશે. તોડી પાડવામાં આવનારો હાલનો એલ્ફિન્સ્ટન પુલ ૧૩ મીટર પહોળો છે અને આજની તારીખમાં દરેક દિશામાં માત્ર ૧.૫ લેનનો ટ્રાફિક ધરાવે છે.

એમએમઆરડીએના અધિકારીઓના જણાવ્યા મુજબ ૧૦૦ વર્ષથી વધુ જૂના બ્રિજને સમયસર તોડી પાડવો એક પડકાર છે. ચોમાસુ શરૂ થવા પહેલા કામ પૂરું કરવાની ધારણા છે. બ્રિજના તોડકામ પછી આધુનિક ડબલ-ડેકર માળખા માટે માર્ગ મોકળો થશે, જે મહાનગરમાં પૂર્વ-પશ્ચિમ કનેક્ટિવિટીમાં નોંધપાત્ર સુધારો થશે તેવી અપેક્ષા છે.

નવા ડબલ ડેકર બ્રિજના પ્રથમ લેવલમાં ડો.બાબાસાહેબ આંબેડકર રોડ અને સેનાપતિ બાપટ રોડ વચ્ચેના ટ્રાફિક માટે ટૂ પ્લસ ટૂ લેનનો કેરેજ વે હશે, જ્યારે બીજા લેવલમાં મુંબઈ ટ્રાન્સ હાર્બર લિંક (એમટીએચએલ, જે અટલ સેતુ તરીકે પણ ઓળખાય છે) થી બાંદ્રા વર્લી સી લિન્ક (બીડબલ્યુએસએલ) સુધીના ટ્રાફિક માટે ટૂ પ્લસ ટૂ લેનનો કેરેજ વે હશે. શિવડી-વરલી એલિવેટેડ કનેક્ટર ૪.૫ કિલોમીટર લાંબો હશે અને તેમાં ફોર-લેન (ટૂ પ્લસ ટૂ) આવનજાવન માટે હશે. આને પગલે મુસાફરીના સમયમાં ઘટાડો થશે. (પીટીઆઈ)■

# સૈફ પર હુમલાના ત્રણ મહિને આરોપનામું નોંધાવાયું

મુંબઈઃ અભિનેતા સૈફ અલી ખાનના ઘરે ઘૂસી તેના પર હુમલો કરવાના જાન્યુઆરીના કેસમાં પોલીસે મુંબઈની કોર્ટમાં ત્રણ મહિના બાદ હાલમાં ચાર્જશીટ ફાઇલ કરી છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

બાન્દ્રા પોલીસે બાંગ્લાદેશી આરોપી મોહમ્મદ શરીફુલ ઇસ્લામ સામેના પુરાવાઓનો સમાવેશ કરતી ચાર્જશીટ ફાઇલ કરી છે, એમ એક અધિકારીએ વધુ વિગત ન આપતા જણાવ્યું હતું.

૧૬મી જાન્યુઆરીએ શરીફુલ સૈફના ઘરે ઘૂસ્યો હતો અને તેના પર ચાકુ વડે ઘણા વાર કર્યા હતા. આ ઘટનામાં સૈફ ગંભીર રીતે ઘાયલ થયો હતો અને તેને તાકીદે સર્જરી કરાવવાની ફરજ પણ પડી હતી. હોસ્પિટલમાં પાંચ દિવસ સારવાર લીધા બાદ તેને ડિસ્ચાર્જ આપવામાં આવ્યો હતો.

૧૯મી જાન્યુઆરીએ પોલીસે શરીફુલ ઇસ્લામ (૩૦)ની થાણેથી ધરપકડ કરી હતી. અભિનેતા પર જે હથિયારથી હુમલો કરાયો હતો અને આરોપી પાસેથી જે હથિયાર જપ્ત કરાયું હતું બન્ને સરખા હોવાનું પોલીસે ગયા અઠવાડિયે કોર્ટને જણાવ્યું હતું. ■

# કેન્સરના દર્દીઓ માટેના આશ્રયસ્થાનનું ડિમોલિશન અયોગ્યઃ કોર્ટે પાલિકાને ફટકારી

**સુધરાઈના અધિકારીઓને ફરિયાદીને બે લાખ રૂપિયા ચૂકવવા આદેશ**

મુંબઈઃ ટાટા મેમોરિયલ હોસ્પિટલ (ટીએમએચ)માં સારવાર લેતા કેન્સરના દર્દીઓને ભોજન અને રહેઠાણ પૂરું પાડનાર એક ચેરિટેબલ ટ્રસ્ટના બાંધકામને તોડી પાડવાની કાર્યવાહીને આપખુદ અને અયોગ્ય ગણાવતા બૉમ્બે હાઇ કોર્ટે મુંબઈ પાલિકાને બે લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

ચોથી એપ્રિલના આદેશમાં કોર્ટે નોંધ્યું હતું કે તે આશ્રયસ્થાનમાં જે લોકો રહેતા હતા તેમને કોઇ પણ પ્રકારની જાણ કર્યા વગર અને યોગ્ય તે કાર્યવાહી વગર મુંબઈ પાલિકા દ્વારા આ તોડકામ હાથ ધરવામાં આવ્યું હતું.

કોઇ પણ પ્રકારની સંવેદનશીલતા ન દાખવવા માટે પાલિકાના અધિકારીઓની ઝાટકણી કાઢતા કોર્ટે ચાર અઠવાડિયામાં ફરિયાદીને બે લાખ રૂપિયા ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

પાલિકાની તોડકામ કાર્યવાહી સામે ચેરિટેબલ સંસ્થા દ્વારા કોર્ટમાં અરજી કરવામાં આવી હતી.

ટાટા હોસ્પિટલની બાજુમાં આવેલી સંસ્થા શિક્ષણ, સંશોધન અને કેન્સરના દર્દીઓની દેખરેખ રાખવા માટે પરેલ વિસ્તારમાં બહુ પ્રખ્યાત છે અને તેનું બાંધકામ પાલિકા દ્વારા તોડવામાં આવ્યું હતું.

કોર્ટે નોંધ્યું હતું કે ફરિયાદી મેસર્સ મહેતા એન્ડ કં.ને ઘણું મોટું નુકસાન થયું છે તેથી તે જ વિસ્તારમાં જેટલું બાંધકામ (૧,૩૧૯ ચો. ફૂટ) તોડી પાડવામાં આવ્યું છે એટલી જ જગ્યા હંગામી ધોરણે આપવાનો પાલિકાને નિર્દેશ કર્યો હતો. (પીટીઆઇ)■

**બદલાપુર કેસ**

# સમિતિની ભલામણોના અમલમાં વિલંબ કેમ?ઃ હાઇ કોર્ટે ઝાટકી નાખી સરકારને

મુંબઈઃ બદલાપુર જાતીય સતામણી કેસમાં સ્કૂલો અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં ભણતાં બાળકોની સુરક્ષા માટે બનાવવામાં આવેલી સમિતિની ભલામણોને અમલમાં મૂકવામાં થઇ રહેલા વિલંબ માટે બૉમ્બે હાઇ કોર્ટે બુધવારે મહારાષ્ટ્ર સરકારની ઝાટકણી કાઢી હતી. આવી ઘટનાઓ ફરી ન બને તથા તેનો સામનો કરવા માટે સરકારની ગંભીરતા પર પણ કોર્ટે પ્રશ્ન ઉઠાવ્યો હતો.

જો સરકારની મનથી ઇચ્છા હશે તો તે આ માટે દિવસ-રાત કામ કરશે, એવું નોંધતા કોર્ટે આવી ઘટનાઓ બાબતે સંવેદનશીલતા દાખવવાની સરકારને વિનંતી કરી હતી.

ઓગસ્ટ, ૨૦૨૪માં બદલાપુરની સ્કૂલમાં બે સગીરાની જાતીય સતામણી કરવામાં આવી હતી. આ ઘટના પર લોકોએ ઘણો રોષ વ્યક્ત કર્યો હતો. તેના આરોપી અક્ષય શિંદેનું પણ કસ્ટડી દરમિયાન એન્કાઉન્ટરમાં મોત થયું હતું.

સ્કૂલો અને શૈક્ષણિક સંસ્થાઓમાં બાળકોની સુરક્ષા પર અહેવાલ તૈયાર કરવા હાઇ કોર્ટના બે નિવૃત્ત જજ અને અન્ય નિષ્ણાતો સહિતની સમિતિની ભલામણો પરની અરજીની હાઇ કોર્ટે આપમેળે નોંધ લીધી હતી. આ સમિતિએ તેની ભલામણો ફેબ્રુઆરી, ૨૦૨૫માં રજૂ કરી હતી અને હાઇ કોર્ટે સરકારને આ ભલામણો રાજ્યની સ્કૂલોમાં અમલમાં મૂકવા માટે જરૂરી સરકારી ઠરાવો બહાર પાડવાનો નિર્દેશ કર્યો હતો. ■

# સોલાપુરમાં કેદીઓ પાસે રસ્તો ખોદાવ્યો

સોલાપુરઃ સોલાપુર જિલ્લા કારાગૃહના કેદીઓ વિશે એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. જાણવા મળ્યા અનુસાર આ ઘટનામાં કારાગૃહ પ્રશાસન જવાબદાર છે. જેલમાં સજા ભોગવી રહેલા કેદીઓને રસ્તા પર લઈ જઈ તેમની પાસે ખોદકામ કરાવવામાં આવ્યું હતું. કારાગૃહમાં ધીમા દબાણે પાણી આવતું હોવાથી આવું કર્યું હોવાની કબૂલાત જેલ પ્રશાસને કરી છે. જેલ પ્રશાસનના અધિકારી પ્રદીપ બાબરે જણાવ્યું કે કેદીઓને રસ્તા પર મોકલી ખોદકામ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન જો કોઈ કેદી નાસી છૂટ્યો હોત, તો તેના માટે જવાબદાર કોણ હોત? તેવો પ્રશ્ન પુછાઈ રહ્યો છે. એબીપી માઝા નામની મરાઠી ટીવી ચેનલે સવાલ ઉઠાવ્યા બાદ આ રસ્તાનું ખોદકામ બંધ કરી દેવામાં આવ્યું છે અને કેદીઓને પાછા જેલમાં મોકલી દેવામાં આવ્યા છે. ■

# લાતુરમાં ધમધમતી ડ્રગ્સ ફૅક્ટરીનો થયો પર્દાફાશ

**કોન્સ્ટેબલ સહિત સાત પકડાયા**

**ડીઆરઆઈએ ૧૭ કરોડનું એમડી પણ જપ્ત કર્યું**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ડિરેક્ટરેટ ઑફ રેવેન્યૂ ઈન્ટેલિજન્સે (ડીઆરઆઈ) લાતુરના સૂમસામ પહાડી વિસ્તારમાં ધમધમતી ગુપ્ત ડ્રગ્સ ફૅક્ટરીનો પર્દાફાશ કરી ૧૭ કરોડ રૂપિયાનું મેફેડ્રોન (એમડી) જપ્ત કર્યું હતું. ડ્રગ્સનું ઉત્પાદન કરવા શરૂ કરાયેલી આ ફૅક્ટરી સાથે સંકળાયેલા પોલીસ કોન્સ્ટેબલ સહિત સાત જણની ધરપકડ કરવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

અધિકારીના જણાવ્યા મુજબ ડીઆરઆઈના મુંબઈ યુનિટના અધિકારીઓએ તેમના રિજનલ યુનિટના અધિકારીઓ સાથે મંગળવારે આ કાર્યવાહી કરી હતી. ડ્રગ્સનું ઉત્પાદન કરતી સિન્ડિકેટમાં એક પોલીસ કોન્સ્ટેબલની પણ સંડોવણી હોવાની માહિતી અધિકારીને મળી હતી. માહિતીને આધારે મંગળવારની વહેલી સવારે ડીઆરઆઈના અધિકારીઓએ લાતુરમાં રોહિના ગામના સૂમસામ પહાડી વિસ્તારમાં આવેલી છૂપી ફૅક્ટરી પર રેઇડ કરી હતી. તપાસ કરતાં આ ફૅક્ટરીમાં મેફેડ્રોન ડગ બનાવવામાં આવતું હોવાનું જાણવા મળ્યું હતું.

સર્ચ દરમિયાન ફૅક્ટરીમાંથી ૮.૪૪ કિલો એમડી પાઉડરના અને ૨.૯૨ કિલો પ્રવાહીના સ્વરૂપમાં મળી આવ્યું હતું. જપ્ત કરાયેલા ડ્રગ્સની કિંમત ૧૭ કરોડ રૂપિયા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

ફૅક્ટરીમાંથી ડ્રગ્સ બનાવવા વપરાતો કાચો માલ મોટા

(જુઓ પાનું ૪) ▸▸

# દક્ષિણ મુંબઈમાં અતિક્રમણનો સફાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)



મુંબઈઃ દક્ષિણ મુંબઈના ફોર્ટ પરિસરમાં આવેલા મુખ્ય રોડ, સ્ટેશન રોડ તથા હૉસ્પિટલની બહાર અડિંગો જમાવીને અતિક્રમણ કરનારા ફેરિયાઓ સામે પાલિકાના 'એ' વોર્ડ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.

'એ' વોર્ડમાં સાબુ સિદ્દીક રોડથી કર્ણાક બંદર રોડ સુધીના રોડ પર અતિક્રમણ કરેલી લગભગ પચીસ દુકાનો બુધવારે તોડી પાડવામાં આવી હતી. એ સિવાય સીએસટી સ્ટેશ બહાર આવેલી જીપીઓની ઓફિસ બહાર તથા સેન્ટ જ્યોર્જ હૉસ્પિટલની બહારના પરિસરમાં અતિક્રમણ કરનારી દુકાનો તથા ફેરિયાઓ સામે પણ કાર્યવાહી તથા જપ્તીનાં પગલાં લેવામાં આવ્યા હતા. સાબુ સિદ્દીક માર્ગથી કર્ણાક બદંર પુલ સુધીના રસ્તાના પર ગેરકાયદે વ્યવસાય કરીને રસ્તો રોકીને રાહદારીઓની સાથે જ વાહનચાલકોને પણ અડચણ આવી રહી હોવાની અનેક વખત ફરિયાદો આવી હતી. તેથી 'એ'વોર્ડના આસિસ્ટન્ટ કમિશનર જયદીપ મોરેના નેતૃત્વમાં અતિક્રમણ નિર્મૂલન વિભાગ દ્વારા પચીસ દુકાનો બુધવારે તોડી પાડવામાં આવી હતી. એ સિવાય જીપીઓની સામે ૧૨થી ૧૩ અને સેન્ટ જયોર્જ હૉસ્પિટલની ગલીમાં લગભગ ૨૦ લાઈસન્સવાળા દુકાનદારોએ તેમની જગ્યા કરતા વધુ જગ્યા લઈને તેના પર અતિક્રમણ કર્યું હતું. તેથી તેમના બાંધકામ પણ તોડી પાડવામાં આવ્યા હતા. ■

# ડિજિટલ અરેસ્ટનો ડર બતાવી ૩.૫૬ કરોડ રૂપિયા પડાવ્યાઃ ભરૂચના ત્રણ સહિત આઠની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ડિજિટલ અરેસ્ટનો ડર બતાવી બોઈસરના સિનિયર સિટિઝન પાસેથી ૩.૫૬ કરોડથી વધુ રૂપિયા પડાવવાના કેસમાં પાલઘર પોલીસે ગુજરાતના ભરૂચ જિલ્લામાં રહેતા ત્રણ યુવાન સહિત આઠ જણની ધરપકડ કરી હતી.

બોઈસર પોલીસ અને પાલઘર સાયબર પોલીસે સંયુક્ત તપાસ હાથ ધરી ઝકરિયા અસરાર ઝોયા (૨૫), શોએબ મોહમ્મદ હનીફ શાહ (૨૯), રિઝવાન સાબીર હુસેન મલિક (૩૪), મોહમ્મદ સૈફ રિઝવાન અહમદ અન્સારી (૨૬), મોહમ્મદ ફૈઝ રિઝવાન અહમદ અન્સારી (૨૫), મોહમ્મદ ઝોએબ રિઝવાન અહમદ અન્સારી (૨૦), ગુણવંત રામરાવ મતે (૩૩) અને બાબર મોહમ્મદ સિરાઝ ખાન (૩૦)ની ધરપકડ કરી હતી. ઝકરિયા, શોએબ અને રિઝવાન ગુજરાતના ભરૂચ જિલ્લાના અંકલેશ્વરમાં રહેતા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

સાયબર ફ્રોડ કરનારી ટોળકીએ ૧૮ ડિસેમ્બર, ૨૦૨૪થી ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન બોઈસરમાં રહેતા અનિલકુમાર આરેકર પાસેથી ૩.૫૬ કરોડ રૂપિયા પડાવ્યા હતા. આ પ્રકરણે બોઈસર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી, જેની સમાંતર તપાસ સાયબર પોલીસે હાથ ધરી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર આરોપીઓએ અલગ અલગ સમયે ફરિયાદીને વૉટ્સઍપ કૉલ્સ કર્યા હતા. ફરિયાદીનો મોબાઈલ નંબર ગેરકાયદે એડ્વર્ટાઈઝિંગ અને

(જુઓ પાનું ૪) ▸▸

# પ્રધાનોને ત્રીજી ભૂલ માફ નહીંઃ અજિતદાદાની ચેતવણી

મુંબઈઃ સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે એનસીપીના અજિત પવાર જૂથની રણનીતિને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર સોમવાર, મંગળવાર અને બુધવારે મુંબઈમાં સરકારી કામકાજની દેખરેખ રાખશે. અજિત પવાર બાકીના ચાર દિવસ મહારાષ્ટ્રની મુલાકાત લેશે.

અજિત પવારે એનસીપીના પ્રધાનો અને વિધાનસભ્યોને પણ રાજ્યભરમાં પ્રવાસના સમયપત્રક તૈયાર કરવા અને પક્ષના પ્રદેશ પ્રમુખ સુનિલ તટકરેને તાત્કાલિક જાણ કરવા જણાવ્યું છે. અજિત પવારે આ મુલાકાતો દરમિયાન પદાધિકારીઓની બેઠકો, સભ્યોની નોંધણી, બૂથ નિર્માણ અને સંગઠન વધારવાની સૂચના પણ આપી છે. અજિત પવારે મંગળવારે (૮ એપ્રિલ) યોજાયેલી વિધાનસભ્યો અને પદાધિકારીઓની બેઠકમાં આ સૂચનાઓ આપી હતી. એ સિવાય વિવાદાસ્પદ નિવેદનો કરનાર પ્રધાન એક-બે વાર ભૂલ કરે ચલાવી લેવાશે પણ ત્રીજી વાર માફી નહીં આપવામાં આવે અને પ્રધાન બદલી નાખવામાં આવશે એમ પણ અજિત પવારે જણાવ્યું છે.

શિસ્તનો ભંગ કરવા બદલ અજિત પવારે કૃષિ પ્રધાન માણિકરાવ કોકાટેને આડે હાથ લીધા હોવાનું જાણવા મળ્યું છે. મીડિયામાં પાર્ટી માટે સમસ્યારૂપ હોય તેવા નિવેદનો કરવા અને પાર્ટી કાર્યાલયમાં જનતા દરબારમાં ભાગ ન લેવા બદલ પવારે કોકાટેની ખબર લીધી છે. મણિકરાવ કોકાટે બુધવારે બેઠક માટે અડધો કલાક મોડા પડતા અજિત પવારે નારાજગી વ્યક્ત કરી હતી.

અજિત પવારની આગેવાનીમાં એનસીપીની લઘુમતી પાંખના પદાધિકારીઓ ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરશે. ■

# પ્રધાનો-અમલદારો માટે સરકાર ૧.૧૬ કરોડ રૂપિયાના આઈ-પેડ ખરીદશે

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકાર રાજ્યમાં ઈ-કેબિનેટ સિસ્ટમને અમલ કરવા માટે રાજ્યના બધા જ પ્રધાનો અને પસંદગીના સિનિયર અધિકારીઓ માટે એપલના આઈપેડ ખરીદવા માટે ૧.૧૬ કરોડ રૂપિયાનો ખર્ચ કરશે, એમ બુધવારે બહાર પાડવામાં આવેલા સરકારી આદેશ (જીઆર)માં જણાવવામાં આવ્યું છે.

ટચસ્ક્રીન ટેબલેટ પીસી ખરીદવાના પગલાંથી વહીવટી કાર્યક્ષમતામાં વધારો થશે અને કેબિનેટની બેઠકો પેપરલેસ પદ્ધતિએ આયોજિત કરવામાં મદદરૂપ થશે, એમ તેમાં જણાવવામાં આવ્યું છે.

સામાન્ય વહીવટ ખાતા દ્વારા ત્રીજી એપ્રિલે બહાર પાડવામાં આવેલા આદેશમાં જણાવવામાં આવ્યું છે કે મુખ્ય સચિવે પચાસ આઈપેડની ખરીદી માટે એક પ્રસ્તાવ મોકલી આપ્યો છે. આ ઉપકરણોની ખરીદી ઊદ્યોગ, ઊર્જા અને શ્રમ ખાતા દ્વારા નિર્ધારિત માપદંડોને આધારે કરવામાં આવશે, એમ પણ તેમાં જણાવવામાં આવ્યું છે. આઈપેડ એક્સેસરીસ અને ટેક્સ સહિત ૧,૧૬,૬૫,૦૦૦ની કિંમતમાં ખરીદવામાં આવશે. આ ઉપકરણોની ખરીદી કેબિનેટ પ્રધાનો અને પ્રધાનમંડળના સભ્યો માટે કરવામાં આવશે, એમ તેમાં કહેવામાં આવ્યું છે. નાણાં ખાતાના સૂત્રો દ્વારા એવી માહિતી આપવામાં આવી હતી કે આઈપેડ એપલની મોંઘી શ્રેણીના અને એક કે બે ટીબીની સ્ટોરેજ ધરાવતા હોવાની શક્યતા છે. (પીટીઆઈ)■

# ટેરિફ વોર વધુ વકરવાના ભયે બેન્ચમાર્ક રેટકટની રાહત વિસારીને વધુ નીચી સપાટીએ ગબડ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકન ટેરિફના નુકસાનકારક દબાણનો સામનો કરીને અર્થતંત્રને મજબૂત બનાવવાના પ્રયાસના ભાગરૂપે રિઝર્વ બેંકે સતત બીજી વખત પોલિસી રેટમાં ઘટાડો કર્યો હોવા છતાં ટેરિફ ટેરરને કારણે ગ્લોબલ ઇક્વિટી માર્કેટમાં સર્જાયેલા મંદીના માહોલને કારણે સ્થાનિક બેન્ચમાર્ક ઇક્વિટી ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી બુધવારે નેગેટિવ ઝોનમાં વધુ ઊંડા ઉતર્યા હતા.

ત્રીસ શેરો ધરાવતો બીએસઇ બેન્ચમાર્ક સેન્સેક્સ ૩૭૯.૯૩ પોઈન્ટ અથવા ૦.૫૧ ટકા ઘટીને ૭૩,૮૪૭.૧૫ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૫૫૪.૦૨ પોઈન્ટ અથવા ૦.૭૪ ટકા ઘટીને ૭૩,૬૭૩.૦૬ પોઇન્ટની નીચી સપાટીએ અથડાયો હતો.

એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ઇન્ડેક્સ ૧૩૬.૭૦ પોઈન્ટ અથવા ૦.૬૧ ટકા ઘટીને ૨૨,૩૯૯.૧૫ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો. દિવસ દરમિયાન, તે ૧૮૨.૬ પોઈન્ટ અથવા ૦.૮૧ ટકા ઘટીને ૨૨,૩૫૩.૨૫ પોઇન્ટની નીચી સપાટીએ અથડાયો હતો. યુએસ દ્વારા ચીની આયાત પર ૧૦૪ ટકાનો ભારે વેરા સહિત નવા ટેરિફ લાદવામાં આવ્યા પછી, એશિયન ઇક્વિટીમાં નબળા વલણોને પ્રતિબિંબિત કરતા સ્થાનિક બજારોમાં પણ નકારાત્મક સેન્ટિમેન્ટ જોવા મલ્યું હતું.

રેસિપ્રોકલ ટેરિફ લાગુ થયા પછી વૈશ્વિક નાણાકીય બજારોમાં વેચાણનું દબાણ ફરી જોવા મળી રહ્યું છે. વેપાર યુદ્ધ વૈશ્વિક જોખમ વધારી રહ્યું છે, યુએસ બોન્ડ યીલ્ડમાં વધારાને કારણે વિશ્વની સુરક્ષિત ટ્રેઝરી સંપત્તિમાં વેચાણ થઈ રહ્યું છે. એકંદરે વૈશ્વિક સ્તરે મંદીનું જોખમ વધી રહ્યું છે.

સેન્સેક્સના શેરોમાં સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, ટેક મહિન્દ્રા, લાર્સન એન્ડ ટુબ્રો, ટાટા સ્ટીલ, સન ફાર્મા, ઇન્ફોસિસ, એચસીએલ ટેક, એક્સિસ બેંક, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ અને એનટીપીસી સૌથી વધુ ગબડનારા શેરોની યાદીમાં હતા. જ્યારે નેસ્લે, હિન્દુસ્તાન યુનિલિવર, ટાઇટન, પાવર ગ્રીડ, અલ્ટ્રાટેક સિમેન્ટ અને આઇટીસી ટોપ ગેઇનર રહ્યાં હતાં.

કોર્પોરેટ હલચલમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર કંપની એચઇસી ઇન્ફ્રા પ્રોજેક્ટ્સ લિમિટેડને મેસર્સ બ્રિક્સો ઇન્ડસ્ટ્રીઝ તરફથી રૂ. ૧૫.૬૮ કરોડનો વર્કઓર્ડર મળ્યો છે. આ કરાર હેઠળ, કંપની પ્લાન્ટ ઇલેક્ટ્રિફિકેશન માટે સંપૂર્ણ ઇપીસી સ્કોપ ડિઝાઇન, સપ્લાય, ઇન્સ્ટોલેશન, પરીક્ષણ અને કમિશનિંગ અને ૬૬ કેવી લાઇનનું સ્થળાંતરનું કાર્ય હાથ ધરશે.

વારી રિન્યુએબલ એનર્જીનો શેર એનએસઇ પર લિસ્ટેડ થયો છે. ઝોમેટોએ સ્ટોક એક્સેચેન્જમાં બુધવારથી તેનું નામ સત્તાવાર રીતે બદલીને એટર્નલ લિમિટેડ કરી નાંખ્યું છે. ડિક્સોન ટેકનોલોજીએ ચેન્નઇ પાસે રૂ. ૧૦૦૦ કરોડના રોકાણ સાથે ઉત્પાદન સવલત સ્થાપવાની જાહેરાત કરી છે. ઇન્ફોસિસે યુકે અને આયર્લેન્ડમાં હાજરી ધરાવી એઆઇબી સાથે ડિજીટલ ટ્રાન્સફોર્મેશન ક્ષેત્રની ભાગીદારીનું વિસ્તરણ કર્યું છે.

એશિયન બજારોમાં, ટોક્યિોનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને દક્ષિણ કોરિયાનો કોસ્પી નીચા સ્તરે સ્થિર થયો જ્યારે શાંઘાઈ એસએસઈ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ ઊંચો રહ્યો. ટોક્યોનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ લગભગ ચારેક ટકા ઘટ્યો. યુરોપમાં બજારો ઝડપથી નીચે ટ્રેડ થઈ રહ્યા હતા. મંગળવારે યુએસ બજારો નોંધપાત્ર રીતે નીચા સ્તરે બંધ થયા.

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ બુધવારે સતત બીજી વખત વ્યાજ દરોમાં ઘટાડો કર્યો અને યુએસ ટેરિફના નુકસાનકારક દબાણનો સામનો કરીને અર્થતંત્રને મજબૂત બનાવવા માટે વધુ રાહત આપવાનો સંકેત આપ્યો. ત્રણ સેન્ટ્રલ બેંક સભ્યો અને સમાન સંખ્યામાં બાહ્ય સભ્યો ધરાવતી નાણાકીય નીતિ સમિતિએ સર્વસંમતિથી પુનઃખરીદી અથવા રેપો રેટમાં




૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરીને ૬ ટકા કરવાનો નિર્ણય લીધો. આરબીઆઇએ ૨૦૨૫-૨૬ માટે આર્થિક વૃદ્ધિનો અંદાજ અગાઉના ૬.૭ ટકાથી ઘટાડીને ૬.૫ ટકા કર્યો હતો. ફુગાવાનો અંદાજ પણ ૪.૨ ટકાથી ઘટાડીને ૪ ટકા કરવામાં આવ્યો હતો.

એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ મંગળવારે રૂ. ૪,૯૯૪.૨૪ કરોડના ઇક્વિટી વેચ્યા હતા. ગ્લોબલ ક્રૂડ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૪.૨૩ ટકા ઘટીને ૬૦.૧૬ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. સોમવારના ઘટાડા પછી, બીએસઇ બેન્ચમાર્ક મંગળવારે ૧,૦૮૯.૧૮ પોઈન્ટ અથવા ૧.૪૯ ટકા વધીને ૭૪,૨૨૭.૦૮ પર બંધ થયો. નિફ્ટી ૩૭૪.૨૫ પોઈન્ટ અથવા ૧.૬૯ ટકા વધીને ૨૨,૫૩૫.૮૫ પર બંધ થયો હતો.

નોંધવા જેવી બાબત એ રહી કે, રિઝર્વ બેન્કે અપેક્ષા અનુસાર જ વ્યાજ દરમાં ઘટાડો કર્યો હોવા છતાં શેરબજારમાં ઘટાડો ચાલુ રહ્યો છે. રિઝર્વ બેન્કે રેપો રેટ ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરીને છ ટકા જાહેર કર્યો તે અગાઉ પણ બજારમાં સાવચેતીનું માનસ જોવા મળ્યું હતું. સેન્સેકસ સવારના સત્રમાં જ ૪૫૦ પોઈન્ટ્સથી વધુ ઘટ્યો હતો અને નિફ્ટી ૨૨,૪૦૦ની નીચે સરકી ગયો હતો.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ વ્યાજ દરોમાં ઘટાડો કર્યો અને તટસ્થથી અનુકૂળ તરફ તેનું વલણ બદલ્યું હોવા છતાં બેન્ચમાર્ક ઈક્વિટી ઇન્સેંડેક્સ સેન્સેક્સ અને નિફ્ટીએ બુધવારે નીચા સ્તરે ગબડી ગયા છે. બજારના સાધનો અનુસાર રેટ કટને કારણે બજારને થોડું કુશન જરૂર મળ્યું છે, પરંતુ વૈશ્વિક ટ્રેડ સામે ઊભા થયેલા પડકારોને કારણે રોકાણકારોનું સેન્ટિમેન્ટ ડહોળાયેલુ રહ્યું છે.

બજારના નિષ્ણાતો જણાવે છે કે, જ્યાં સુધી ટેરિફનો મામલો સ્પષ્ટ નહિ થાય અને આંતરરાષ્ટ્રીય સ્તરે શરૂ થયેલી ઊથલપાથલ થાળે નહીં પડે ત્યાં સુધી શેરબજારમાં અફડાતફડી ચાલુ રહેશે. વાસ્તવમાં યુ.એસ. ટેરિફ દ્વારા ઊભા કરાયેલા વધારાના પડકારોનો સામનો કરવા માટે આરબીઆઈએ આ વર્ષે બીજી વખત તેના મુખ્ય રેપો રેટમાં ઘટાડો કર્યો છે.

જોકે સાથે આર્થિક વિકાસ ધીમો પડવાની શક્યતાના પણ સંકેત મળી રહ્યા છે. રિઝર્વ બેન્કતના ગવર્નર સંજય મલ્હોત્રાએ જાડીપી અને જીડીપી ગ્રોથના અંદાજ ઘટાડાવા સાથે એ કબૂલ કર્યું છે કે અમેરિકાએ શરૂ કરેલી ટેરિફ વોરને કારણે આર્થિક વિકાસની ગતિ રૂંધાશે. આને કારણે બજારમાં વ્યાપક-આધારિત સાર્વત્રિક વેચાણ ચાલુ રહ્યું અને જેમાં ૧૩ મુખ્ય ક્ષેત્રોમાંથી ૧૨માં ઘટાડો થયો અને સ્મોલકેપ અને મિડકેપ બંને ઇન્ડેક્સ માં ૧.૩૦ ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. અમેરિકાની નિકાસ આવક પર ભારે આધાર રાખતા આઇટી શેરો મંદીની ચિંતાને કારણે ભારે વેચવાલી અને ધોવાણ જોવા મળ્યા હતા, ઉપરાંત ફાર્માસ્યુટિકલ આયાત પર પણ ટેરિફના સંકેત આપ્યા પછી ફાર્મા ઇન્ડેક્સ ૧.૮૦ ટકા તૂટ્યો હતો. ગ્લોબલ માર્કેટમાં પણ ઘટાડાનો દોર પણ ચાલુ રહ્યો છે. યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના ચીન પર દબાણ વધારવા અને વ્યાપક ગ્લોબલ ટેરિફ સાથે આગળ વધવાના નિર્ણયને પગલે નાણાકીય બજારોએ નવી ઉથલપાથલનો સામનો કર્યો હોવાથી સ્ટોક્સ ઘટી ગયા હતા.

એસએન્ડપી ૫૦૦ ફ્યુચર્સ ટોકિયો ઇન્ડેક્સમાં સવારે ૧૦:૨૪ વાગ્યા સુધીમાં ૧.૯૦ ટકા સુધીનો કડાકો હતો. જાપાનનો ટોપિક્સ ત્રણ ટકા તૂટ્યો હતો. ઓસ્ટ્રેલિયાનો એસએન્ડપી, એએસએક્સ ૨૦૦ બેન્ચ માર્ક ૧.૫૦ ટકા તૂટ્યો હતો. હોંગકોંગનો હેંગસેંગ ૩.૧૦ ટકા અને યુરો સ્ટોક્સ ૫૦ ફ્યુચર ચાર ટકા તૂટ્યો હતો. જોકે, જેના પર સૌથી વધુ દબાણ આવવું જોઈએ તે શાંઘાઈ કમ્પોઝિટ ૧.૬૦ ટકા વધ્યો હતો.

પ્રાઇમરી માર્કેટમાં સન્નાટો છે, મેઇનબોર્ડમાં કોઇ હલચલ નથી. કેટલાક મોટા આઇપીઓની યોજના પાછળ ઠેલાઇ રહી છે. રિસોર્સિસ ગ્રુપ ઓફ એજ્યુકેશન એન્ડ એડવોકેસી ફોર કોમ્યુનિટી હેલ્થ, રીચ દ્વારા નોન કોમ્યુનિકેબલ ડીસીઝ (એનસીડી) અંગે રાઉન્ડ ટેબલ યોજી હતી અને તેમાં ભારત પર વધતા એનસીડીના જોખમ અંગે જાગરૂકતા માટે પ્રસાર માધ્યમોની ભૂમિકા સાથે રોગના વહેલા નિદાન અને મેડિસિનની શોધ માટે સંશોધન ક્ષેત્રે રોકાણ વધારવાની આવશ્યકતા પર પર ભાર મૂકાયો હતો.

દરમિયાન, બુધવારે અમેરિકા દ્વારા કુલ ૧૦૪ ટકાના ટેરિફ લાગુ થયા બાદ ચીને પોતાના હિતોનું રક્ષણ કરવા માટે દૃઢ અને મજબૂત પગલાં લેવાનો હૂંકાર જાહેર કર્યો હતો, પરંતુ અમેરિકા પર કોઈપણ નવા આયાત વેરાની જાહેરાત કરી નહોતી. અમેરિકા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ૬૦ દેશો પર નવા વિસ્ફોટક ટેરિફ બુધવારે યુએસ સમય મુજબ મધ્યરાત્રી પછી અમલમાં આવ્યા છે. નવા ટેરિફમાં કડક નવા ટેરિફનો સમાવેશ થાય છે જે ચીની માલ પર આયાત વેરામાં ઓછામાં ઓછા ૧૦૪ ટકાનો વધારો કરશે. બીજીંગ ટ્રમ્પ દ્વારા અમેરિકા પરના પોતાના બદલો લેવાના વેરા પાછા ખેંચવાની સમયમર્યાદા પૂરી કરવાનો ઇનકાર કર્યા પછી ચીન પર વધારાના ટેરિફ લાદી છે. અમેરિકાએ ચીન પર ૩૪ ટકાની રેસિપ્રોકલ ટેરિફ જાહેર કર્યાના ૪૮ કલાકમાં ચીને અમેરિકા પર ટેરિફનો પ્રતપ્રિહાર શરૂ કરી દીધો હતો.

## શૅરબજારમાં ઘટાડાના દોર વચ્ચે માર્કેટ કેપમાં ₹ ૨.૭૫ લાખ કરોડનું ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારમાં ટેરિરફના ટેરર વચ્ચે જારી રહેલા ઘટાડામાં બુધવારના સત્રમાં ખાસ કરીને ફોકસ્ડ આઈટી, આઈટી, રિયલ્ટી અને કેપિટલ ગુડ્સ શેરો ગબડ્યા હતા, જોકે એફએમસીજી અને ઓટો ઈન્ડેક્સ વધ્યા હતા. બુધવારે બીએસઈ સેન્સેક્સ ગત મંગળવારના ૭૪,૨૨૭.૦૮ના બંધથી ૩૭૯.૯૩ પોઈન્ટ્સ (૦.૫૧ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૭૪,૧૦૩.૮૩ ખૂલીને નીચામાં ૭૩,૬૭૩.૦૬ સુધી જઈને અંતે ૭૩,૮૪૭.૧૫ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૩૯૬.૫૭ લાખ કરોડથી રૂ. ૨.૭૫ લાખ કરોડ ઘટીને રૂ.૩૯૩.૮૨ લાખ કરોડ રહ્યું હતું. બીએસઈ સેન્સેક્સની ૧૨ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૧૮ સ્ક્રિપ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૦૩૦ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૫૨૯ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૩૫૯ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૪૨ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૫૭ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૭૮ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૭૩ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૧.૦૮ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૮૭ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૨૦ ટકા ઘટ્યો હતો.

સેકટરલ ઈન્ડાયસીસમાં એફએમસીજી ૧.૫૧ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૩૨ ટકા અને ઓટો ૦.૦૭ ટકા વધ્યા હતા, જ્યારે ફોકસ્ડ આઈટી ૨.૧૯ ટકા, આઈટી ૨.૦૧ ટકા, રિયલ્ટી ૨ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૬૫ ટકા, ટેક ૧.૫૭ ટકા, મેટલ ૧.૪૪ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૪૨ ટકા, હેલ્થકેર ૧.૨ ટકા, બેન્કેક્સ ૦.૮૬ ટકા, કોમોડિટીઝ ૦.૭૨ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૭૧ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૫૨ ટકા, એનર્જી ૦.૫ ટકા, પાવર ૦.૪૬ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૪૨ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૩૬ ટકા, યુટિલિટીઝ ૦.૩૪ ટકા અને સર્વિસીસ ૦.૦૨ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે નેસ્લે ૩.૨૪ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૨.૬૩ ટકા, ટાઈટન ૧.૬૬ ટકા, પાવર ગ્રીડ ૧.૫૬ ટકા, અલ્ટ્રાકેટ સિમેન્ટ ૧.૦૩ ટકા, આઈટીસી ૦.૮૭ ટકા અને એશિયન પેઈન્ટ ૦.૬૭ ટકા વધ્યા હતા, જ્યારે સ્ટેટ બેન્ક ૩.૪૩ ટકા, ટેક મહિન્દ્ર ૩.૩૫ ટકા, લાર્સન ૩.૨૩ ટકા, તાતા સ્ટીલ ૨.૩૦ ટકા, સન ફાર્મા ૨.૧૮ ટકા, ઈન્ફોસિસ ૧.૭૬ ટકા, ઈટરનલ ૧.૭૪ ટકા, એચસીએલ ટેકનોલોજી ૧.૬૫ ટકા, એક્સિસ બેન્ક ૧.૪૭ ટકા અને તાતા કન્સલ્ટન્સી ૧.૪૪ ટકા ઘટ્યા હતા.


## બુલિયન માર્કેટમાં ચમકારોઃ સ્ટાન્ટર્ડ સોનું ₹ ૧૬૦૫ના ઉછાળા સાથે ફરી ₹ ૯૦,૦૦૦ તરફ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ટેરિફ વોર વધુ વકરવાની સંભાવના વચ્ચે સેફ હેવન ગોલ્ડમાં ફરી એક વખત માગ વધતા તેના ભાવમાં ઉછાળો જોવા મળ્યો હતો. જોકે સામે વૈશ્વિક આર્થિક વિકાસ ઘટવાની સંભાવના વચ્ચે ઓદ્યોગિક વિકાસ પણ ધીમો પડવાની ધારણાએ ચાંદીમાં માગ ઘટતા તેની ચમક થોડી ઝાંખી પડી હતી. ખૂલતા સત્રમાં જ શુદ્ધ સોનાએ રૂ. ૮૯,૩૫૦ની સપાટી વટાવી નાંખી હતી, જોકે ચાંદી થોડી પીછેહઠ સાથે રૂ. ૯૦,૦૦૦ની લગોલગ આવી ગઇ હતી.

સ્થાનિક ઝવેરી બજારમાં ખૂલતા સત્રમાં ૯૯૯ ટચનું શુદ્ધ સોનું રૂ. ૮૮,૫૫૦ના પાછલા બંધ સામે રૂ. ૮૦૮ પ્રતિ દસ ગ્રામના ઉછાળા સાથે રૂ. ૮૯,૩૫૮ની સપાટીએ ખૂલ્યા હતું.

સત્રને અંતે શુદ્ધ સોનું ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૬૧૧ના ઉછાળા સાથે રૂ. ૯૦,૧૬૧ સ્થિર થયું હતું. એ જ રીતે, ૯૯૫ ટચનું



સ્ટાન્ડર્ડ સોનું રૂ. ૮૮,૧૯૫ના પાછલા બંધ સામે રૂ. ૮૦૫ પ્રતિ દસ ગ્રામના ઉછાળા સાથે રૂ. ૮૯,૦૦૦ની સપાટીએ પહોંચી ગયું હતું અને સત્રને અંતે આ કિંમતી ધાતુનો ભાવ ૧૦ ગ્રામે કુલ ૧૬૦૫ના ઉછાળા સાથે રૂ. ૮૯,૮૦૦ની સપાટીએ બંધ થયો હતો. જ્યારે હાજર ચાંદી ઓદ્યોગિક અને સટ્ટાકીય માગના અભાવ વચ્ચે રૂ. ૯૦,૩૬૩ના પાછલા બંધ ભાવ સામે રૂ. ૩૫૩ પ્રતિ એક કિલોના ઘસરકા સાથે રૂ. ૯૦,૦૧૦ની સપાટીએ ખૂલી હતી. જોકે, નીચા ભાવે લેવાલી નીકળતા સત્રને અંતે ચાંદી કિલોદીઠ રૂ. ૩૦૬ના સુધારા સાથે રૂ. ૯૦,૬૬૯ની સપાટીએ સ્થિર થઇ હતી.

## મલ્હોત્રાના નિવેદનથી ગોલ્ડ ફાઈનાન્સ કંપનીઓના શેરમાં ૧૦ ટકા સુધીના કડાકા

મુંબઇઃ આરબીઆઈના ગવર્નર સંજય મલ્હોત્રા દ્વારા ગોલ્ડ લોન પર વ્યાપક અને આકરી ગાઈડલાઈન્સ જારી કરવાની જાહેરાત સાથે ગોલ્ડ લોન કંપનીઓના શેર આજે કડડભૂસ થયા હતા. મુથૂટ ફાઈનાન્સ અને આઈઆઈએફએલ ફાઈનાન્સના શેર ૧૦ ટકા સુધી તૂટ્યા હતા. મણપ્પુરમ ફાઈનાન્સ અને ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટના શેર્સ પણ ત્રણ ટકાથી પાંચ ટકા સુધી તટ્યા હતા. આરબીઆઈ ગવર્નરે ગઈકાલે જણાવ્યું હતું કે, કો-લેન્ડિંગનો વિસ્તાર વધારવામાં આવશે તેમજ તમામ રેગ્યુલેટેડ સંસ્થાઓને તેમાં આવરી લેવામાં આવશે. સાથે ગોલ્ડ લોન અને નોન-ફંડ આધારિત કંપનીઓ માટે ઝડપથી એક વિસ્તૃત ગાઈડલાઈન્સ જારી કરવામાં આવશે. સોનાના બદલામાં આપવામાં આવતી લોનનો ઉપયોગ માત્ર વપરાશ માટે નહીં, પરંતુ કમાણીના સાધન તરીકે થઈ રહ્યો છે. એવામાં વિભિન્ન પ્રકારની સંસ્થાઓ માટે એક સમાન માપદંડ નિશ્ચિત કરવાની જરૂર છે. જેથી તેમની જોખમ ઉઠાવવાની ક્ષમતાના આધારે નિયમો લાગુ કરી શકાય. આરબીઆઈનાં ગોલ્ડ ફાઈનાન્સ મુદ્દે આકરા વલણની અસર શેરબજારમાં જોવા મળી હતી. સવારે ૧૧.૦૫ વાગ્યે મુથુટ ફાઈનાન્સનો શેર ૧૦ ટકા ઘટી ૨૦૬૩ પર ટ્રેડ થઈ રહ્યો હતો. આઈઆઈએફએલના શેર ૮ ટકા અને મણપ્પુરમ ફાઈનાન્સના શેરમાં ૩ ટકાનો કડાકો નોંધાયો હતો. ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટનો શેર ૪.૭ ટકા તૂટ્યો હતો. માર્કેટના ક્લોઝિંગ સેશનમાં પણ આ તમામ શેર્સ કડાકા સાથે ટ્રેડ થઈ રહ્યા હતા. ગોલ્ડ લોનનું એક્સપોઝર ધરાવતી અમુક બેન્કો પર પણ અસર જોવા મળી હતી.

## ટ્રમ્પના ટેરિફના આક્રમણ સામે ચીન ચલણને શસ્ત્ર બનાવશેઃ ડ્રેગન યુઆનને ડોલર સામે ૧૯ મહિનાના તળિયે લઈ ગયું

નવી દિલ્હીઃ અમેરિકન પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે આદરેલા ટેરિફ વોર સામે ડ્રેગન લડી લેવાના મૂડમાં છે. પીપલ્સ બેંક ઓફ ચાઈનાએ સત્તાવાર રેફરન્સ રેટ ૭.૨૦૩૮ જાહેર કર્યો છે, જે સપ્ટેમ્બર ૨૦૨૩ બાદનો સૌથી નીચો દર છે. આ રીતે ટ્રમ્પને ઝુકાવવા ચીન પોતાના ચલણ યુઆનને ડોલર સામે ૧૯ મહિનાના તળિયે લઈ ગયું છે.

વાસ્તવમાં અમેરિકાના ટેરિફ આતંક સામે નિકાસને આંચ ન આવે એ માટે ચીને નવું શસ્ત્ર ઉગામ્યું છે. ટ્રમ્પ ટેરિફ મામલે વિશ્વના અન્ય દેશો સાથે સમજૂતીના મૂડમાં આવ્યા હોવાના સંકેત આપી રહ્યા છે, પરંતુ ડ્રેગન ચાઈનાને હંફાવવાની જીદમાં હવે ચાઈના ૩૪ ટકા ટેરિફ પાછી નહીં ખેંચે તો વધુ ૫૦ ટકા ચાઈના પર ટેરિફ લાદવાની આપેલી ચેતવણીથી અમેરિકા અને ચાઈના વચ્ચેનું યુદ્ધ આક્રમક બનવાના સંકેત છે. અમેરિકાએ આ ધમકીને વાસ્તવ બનાવીને ચીન પર કુલ ૧૦૪ ટકા ટેરિફ ઠોકી દીધી છે અને ચીને તેનો મજબૂત વળતો જવાબ આપવાની સામી ચીમકી આપી છે. ચાઈનાએ અમેરિકાની ટેરિફ ચેતવણીને બ્લેકમેઈલ ગણાવીને અંત સુધી લડી લેવાનો સંકેત આપીને હવે તેની નિકાસોને ઊંચા ટેરિફની અસર ઓછી થાય એ માટે તેના ચલણ યુઆનને નબળો પડવા દઈ ૧૯ મહિનાની નીચી સપાટીએ લાવી મૂક્યો છે.

મંગળવારે ચાઈનાના પોતાના અત્યંત અંકુશ હેઠળના ચલણ યુઆનને તૂટવા દઈ ૧૯ મહિનાની નીચી સપાટીએ લાવી મૂકાયો છે. બેઈજિંગે યુનાઈટેડ સ્ટેટ્સ સાથે વધતા ટ્રેડ ટેન્શન વચ્ચે રેનમિન્બી, જેને ચાઈનીઝ યુઆન તરીકે પણ ઓળખવામાં આવે છે, તેને વધુ નીચે જવા દીધો છે. આ પગલું ચીનની ચલણ નીતિમાં પરિવર્તનનો સંકેત આપે છે, જેનો હેતુ નિકાસકારોને વધતા ટેરિફની અસરથી બચાવવાનો છે. ચાઈનાએ આ ડિવેલ્યુશનથી દેશમાંથી મૂડી પાછી ખેંચાવાના કે નાણાકીય અસ્થિરતાના જોખમ, ચિંતાને પણ અવગણ્યા છે.

ઓનશોર યુઆન યુ.એસ. ડોલર સામે ૭.૩૪ને સ્પર્શયો છે, જે સપ્ટેમ્બર ૨૦૨૩ પછીનો સૌથી નીચો દર છે, જ્યારે વધુ મુક્ત રીતે વેપાર થતો ઓફશોર યુઆન ૭.૩૫૨ની આસપાસ રહેતો હતો.

આજે દિવસના આરંભમાં પીપલ્સ બેંક ઓફ ચાઈના (પીબીઓસી)એ સત્તાવાર રેફરન્સ રેટ જેની આસપાસ બે ટકાના બેન્ડમાં વધઘટને માન્ય કરી આ રેટ ૭.૨૦૩૮ પ્રતિ ડોલર નક્કી કર્યો હતો. સપ્ટેમ્બર ૨૦૨૩ પછી આ પહેલી વખત બન્યું છે કે, યુઆનને સત્તાવાર રીતે મનોવૈજ્ઞાનિક રીતે મહત્વપૂર્ણ ૭.૨ સ્તરની ઉપર નક્કી કરાયો છે. ઉલ્લેખનીય છે કે, જો અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ચાઈનીઝ ચીજોની અમેરિકામાં આયાત પર વધુ ૫૦ ટકા ટેરિફ નાખવાની ધમકીમાં આગળ વધ્યા હોવાથી, એને ધ્યાનમાં લઈ બેઈજિંગ તેના વળતાં પગલાંની શરૂઆત યુઆનને નબળો પાડવાથી કરી છે. મહિનાઓ સુધી પીબીઓસીએ ચલણ સ્થિરતાને પ્રાથમિકતા આપીને યુઆનને ૭.૨ની ઉપર નબળો પડવા દેવાનો પ્રતિકાર કર્યો હતો. પરંતુ મંગળવારનું પગલું સંભવિત નીતિગત પરિવર્તન સૂચવે છે. ટ્રેડ વોરમાં નબળો યુઆન વ્યુહાત્મક ફાયદો આપે છે. જે ડોલરની દ્રષ્ટિએ ચીની માલના ભાવ ઘટાડે છે, નિકાસને વધુ સ્પર્ધાત્મ બનાવે છે અને યુ.એસ. ટેરિફની અસરને સરભર કરવામાં મદદ કરે છે.

## ક્રૂડ ઓઈલના વૈશ્વિક ભાવ ૪૦ ડોલરની અંદર ઊતરી જવાની ગોલ્ડમેનની આગાહી

મુંબઈઃ અમેરિકાના ટ્રમ્પ વહીવટીતંત્રે વિશ્વ વેપાર યુદ્ધ છેડયું હોઈ હવે ચાઈના સહિતના કેટલાક દેશો સામે પડીને વળતા ટેરિફ લાદતા હવે આ યુદ્ધ તીવ્ર બનતાં વૈશ્વિક મંદીના સર્જાયેલા જોખમે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ઓઈલના ભાવોમાં પણ તાજેતરના દિવસોમાં કડાકો બોલાયો છે. આ ધબડકાની સાથે એક તરફ માંગની મંદીની શકયતા અને ઓપેક દ્વારા સાઉદી અરેબિયાની આગેવાનીમાં ક્રુડના ઉત્પાદનમાં વધારો કરવાના આપેલા સંકેત વચ્ચે હવે ક્રુડ ઓઈલના ભાવ ૪૦ ડોલર પ્રતિ બેરલ સુધી ગબડી જવાની આગાહી થવા લાગી છે. વૈશ્વિક બ્રોકિંગ જાયન્ટ ગોલ્ડમેન સેશે એક અઠવાડિયામાં બીજી વખત ક્રુડ ઓઈલના ભાવના અંદાજ ઘટાડયા બાદ હવે આજે મંગળવારે પણ વર્લ્ડ ટ્રેડ વોર વધુ આક્રમક બનતા અને વૈશ્વિક ક્રુડનો પુરવઠો વધવાને કારણે બ્રેન્ટ ક્રુડના ભાવ પ્રતિ બેરલ ૪૦ ડોલરનું લેવલ પણ ગુમાવી શકે છે એવી આગાહી કરી છે.

ગોલ્ડમેન સેશનું કહેવું છે કે આત્યંતિક સંજોગોમાં આ પરિસ્થિતિ જોવાઈ શકે છે. ગોલ્ડમેનના વિશ્લેષકોએ ઓઈલના ભાવ કેટલા નીચા જઈ શકે છે? એ શીર્ષકવાળી નોંધમાં જણાવ્યું છે કે, સામાન્ય યુ.એસ. મંદી અને પુરવઠા માટેની બેઝલાઈન અપેક્ષાઓ ધારીને, આ ડિસેમ્બરમાં બ્રેન્ટ પ્રતિ બેરલ ૫૮ ડોલર અને આગામી વર્ષે તે જ મહિનામાં ૫૦ ડોલર જોવા મળી શકે છે. વૈશ્વિક જીડીપી મંદી અને ઓપેક સહિતના દેશો દ્વારા ઉત્પાદન કાપ સંપૂર્ણ પાછો ખેંચવાની સ્થિતિમાં વધુ આત્યંતિક અને ઓછી સંભાવનાવાળી પરિસ્થિતિમાં, જે બિન ઓપેક પુરવઠાને શિસ્તબદ્ધ કરવાની સ્થિતિમાં ગોલ્ડમેનનો અંદાજ બ્રેન્ટ વર્ષ ૨૦૨૬ના અંતમાં ૪૦ ડોલર પ્રતિ બેરલથી નીચે આવી જશે, એવું યુલિયા ગ્રિગ્સબી સહિતના વિશ્લેષકોએ એક નોંધમાં જણાવ્યું હતું. વૈશ્વિક સ્તરે ક્રુડ ઓઈલના ભાવમાં સતત ઘટાડો જોવા મળ્યો છે, જે ગત અઠવાડિયે ૭૫ ડોલરની નજીક હતો, જે હવે ૬૦ ડોલર પ્રતિ બેરલની સપાટીએ આવી ગયો છે.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા વર્લ્ડ ટ્રેડ વોરનું દબાણ, અમેરિકામાં મંદીની વધતી જતી આશંકા, વૈશ્વિક માગનો અભાવ સહિતના પરિબળોએ તાજેતરના દિવસોમાં ઓઈલ માટે અવરોધરૂપ ભૂમિકા ભજવી છે. આટલું પૂરતું નહોતું ત્યાં જ લાંબા સમયગાળા સુધી પુરવઠા પર નિયંત્રણ પછી ઓપેક પ્લસ દેશોએ બજારમાં અપેક્ષા કરતાં વધુ બેરલ ઉત્પાદન-સપ્લાય કરવાના આપેલા સંકેતે તૂટતાં ભાવોને ઢાળ આપ્યો છે.

## કરવેરાના લાભને કારણે એસઆઇપી પ્રવાહ ₹ ૪૦,૦૦૦ કરોડ સુધી પહોંચવાની સંભાવના

મુંબઇઃ નાણાં પ્રધાને કરવેરામાં નવા નાણાંકીય વર્ષ માટે જાહેર કરેલા લાભ સાથે હાલના અનુકૂળ વેલ્યુએશને જોતા યુનિયન મ્યુચ્યુઅલ ફંડે તેના તાજેતરના ત્રિમાસિક સ્ટેટ ઓફ ધ માર્કેટ રિપોર્ટમાં, ભારતીય ઇક્વિટી બજારોને તેમના ફેર વેલ્યુ સ્પેક્ટ્રમ સૂચકમાં આકર્ષક ઝોનમાં અપગ્રેડ કર્યા છે. ફંડ હાઉસનો અંદાજ છે કે, કરમુક્તિને કારણે વધતી વધારાની આવક અને શિસ્તબદ્ધ રોકાણ અંગે વધુ જાગૃતિને કારણે, મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગમાં માસિક એસઆઇપી પ્રવાહ આગામી ૧૮થી ૨૪ મહિનામાં રૂ. ૪૦,૦૦૦ કરોડ સુધી વધી શકે છે. લાંબા ગાળાના રોકાણના મહત્વ પર ભાર મૂકતા યુનિયન એએમસીના પ્રવકતાએ જણાવ્યું હતું કે ટૂંકા ગાળાની અસરને વધુ પડતું અને લાંબા ગાળાની સંભાવના તરફ ઓછું ધ્યાન આપવું એ માનવ સ્વભાવ છે. જોકે, રોકાણકારોએ ૧૦થી ૧૫ વર્ષોમાં ભારતીય અર્થતંત્ર અને ઇક્વિટી બજારોની લાંબા ગાળાની સંભાવનાઓ ધ્યાનમાં રાખવી જોઇએ.

પુરુષ

# AI પર વધુ પડતો આધાર આપણને મનોરોગી બનાવી દેશે?

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@



આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ AI એ આજના યુગની ક્રાંતિકારી ટેકનોલોજી છે. રોજિંદા જીવનના લગભગ દરેક પાસામાં તેની હાજરી વધી રહી છે. સ્માર્ટફોનના આસિસ્ટન્ટથી લઈને નેવિગેશન એપ્સ સુધી, સ્વાસ્થ્ય સંભાળથી લઈને મનોરંજન સુધી, AI આપણને અભૂતપૂર્વ સગવડ અને કાર્યક્ષમતા પ્રદાન કરી રહ્યું છે. તે આપણું કામ સરળ બનાવે છે, સમય બચાવે છે અને જટિલ સમસ્યાઓ ઉકેલવામાં મદદ કરે છે, પરંતુ, જેમ દરેક સિક્કાની બે બાજુ હોય છે, તેમ AI પરની આપણી વધતી જતી નિર્ભરતા કેટલીક ચિંતા પણ ઊભી કરે છે. સૌથી મહત્ત્વનો પ્રશ્ન એ છે કે, શું આવો વધુ પડતો આધાર લાંબા ગાળે આપણા માનસિક સ્વાસ્થ્ય માટે હાનિકારક તો નહીં થાયને? શું તે આપણને માનસિક રીતે નિષ્ક્રિય અને કદાચ, મનોરોગી બનાવી શકે છે?

આપણા મગજને સતત કસરતની જરૂર હોય છે, જેમ શરીરના સ્નાયુઓને હોય છે. જ્યારે આપણે નાની નાની સમસ્યાઓ જાતે ઉકેલીએ છીએ, માહિતી યાદ રાખવાનો પ્રયાસ કરીએ છીએ, ગણતરીઓ જાતે કરીએ છીએ કે રસ્તો શોધવા માટે આસપાસનાં ચિહ્નો પર ધ્યાન આપીએ છીએ, ત્યારે આપણું મગજ સક્રિય રહે છે. તેની ન્યુરલ કનેક્શન્સ મજબૂત બને છે, યાદશક્તિ તેજ રહે છે અને સમસ્યા હલ કરવાની ક્ષમતા વિકસે છે, પરંતુ AI ના આગમનથી આ પ્રક્રિયામાં મોટો ફેરફાર આવ્યો છે.

હવે આપણે સામાન્ય ગણતરી માટે કેલ્ક્યુલેટર એપનો ઉપયોગ કરીએ છીએ, ફોન નંબર યાદ રાખવાને બદલે કોન્ટેક્ટ લિસ્ટ પર નિર્ભર રહીએ છીએ, જોડણી અને વ્યાકરણ ચકાસવા માટે AI ટૂલ્સનો ઉપયોગ કરીએ છીએ, અને રસ્તો શોધવા માટે સંપૂર્ણપણે GPS પર આધાર રાખીએ છીએ. આ બધી સુવિધા નિઃશંકપણે ઉપયોગી છે, પરંતુ તે અજાણતાં જ આપણા મગજને મળતી રોજિંદી કસરત ઘટાડી રહી છે. જેમ નિયમિત કસરતના અભાવે શરીરના સ્નાયુઓ નબળા પડી જાય છે તેમ માનસિક કસરતના અભાવે આપણી જ્ઞાનાત્મક ક્ષમતાઓ જેમ કે યાદશક્તિ, ધ્યાન કેન્દ્રિત કરવાની શક્તિ, અને તાર્કિક વિચારસરણી કુંઠિત થઈ શકે છે.

આ એક પ્રકારની 'માનસિક આળસ' તરફ દોરી જાય છે, જ્યાં આપણે વિચારવાનું અને પ્રયત્ન કરવાનું ટાળીએ છીએ, કારણ કે AI તરત જ જવાબ આપી દે છે.

બીજી મહત્ત્વની વાત પરિશ્રમની છે. AI આપણો ઘણો સમય અને શ્રમ બચાવે છે. જે કાર્યો પહેલાં કલાકો માંગી લેતા હતા, તે હવે મિનિટોમાં થઈ જાય છે. રિસર્ચ કરવું, ડેટા એનાલિસિસ કરવાં, ભાષાંતર કરવું કે પછી ઈમેલનો મુસદ્દો તૈયાર કરવો આ બધું કામ AI સરળતાથી કરી આપે છે. આનાથી આપણને જે સમય મળે છે, તે સૈદ્ધાંતિક રીતે તો સારી વાત છે, પરંતુ, ઘણીવાર પરિશ્રમનો અભાવ આપણને માનસિક સંતોષથી વંચિત રાખે છે. કોઈ પડકારજનક કાર્ય જાતે પૂર્ણ કર્યા પછી જે સિદ્ધિની ભાવના અને આત્મવિશ્વાસ જાગે છે તે કદાચ AI દ્વારા સરળતાથી કામ પતાવી દેવાથી નથી મળતો.

પરિશ્રમ માત્ર શારીરિક જ નહીં, માનસિક પણ હોય છે. જ્યારે આપણે કોઈ સમસ્યા પર વિચાર કરીએ છીએ, સંઘર્ષ કરીએ છીએ અને અંતે ઉકેલ શોધી કાઢીએ છીએ, ત્યારે તે પ્રક્રિયા આપણને વધુ સક્ષમ બનાવે છે. AI આ સંઘર્ષ અને પરિશ્રમને બાયપાસ કરી દે છે, જે લાંબા ગાળે આપણી સહનશક્તિ અને સમસ્યાનો સામનો કરવાની ક્ષમતાને ઘટાડી શકે છે.

ટૂંકમાં, આ બધા સાથે જોડાયેલો એક વધુ ગંભીર મુદ્દો છે મનનું વહેલું ફ્રી થઈ જવું અને પછી શરૂ થઈ જાય છે આપનું ઓવર થિંકિંગ. AI આપણું કામ ઝડપથી પતાવી દે પછી આપણું મન અપેક્ષા કરતાં વહેલું 'ફ્રી' અથવા 'નવરું' થઈ જાય છે. સામાન્ય રીતે, જ્યારે આપણે કોઈ કાર્યમાં વ્યસ્ત હોઈએ છીએ, ત્યારે આપણું મન તેમાં કેન્દ્રિત રહે છે, પરંતુ જ્યારે આપણી પાસે કરવા માટે કશું ન હોય (અથવા AI એ બધું સંભાળી લીધું હોય) ત્યારે આપણું મન ભટકવા લાગે છે. કહેવત છે કે 'નવરું મન નખ્ખોદ વાળે'. આ કિસ્સામાં, ખાલી પડેલું મન ઘણીવાર ઓવર થિંકિંગનો શિકાર બને છે. તે ભૂતકાળની ઘટનાઓ, ભવિષ્યની ચિંતાઓ અથવા નકારાત્મક વિચારોના ચક્રમાં ફસાઈ જાય છે. જે કામ પહેલા આપણને વ્યસ્ત રાખતું હતું અને માનસિક રીતે રોકાયેલું રાખતું હતું, તેના અભાવે મન વિચારોના એવા વમળમાં અટવાઈ જાય છે જે તણાવ, ચિંતા અને ઉદાસીનતા તરફ દોરી શકે છે. આ સતત ઓવર થિંકિંગ માનસિક સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક છે અને લાંબા ગાળે ગંભીર માનસિક સમસ્યાઓનું કારણ બની શકે છે.તો શું આનો અર્થ એ છે કે આપણે AI નો ઉપયોગ કરવાનું બંધ કરી દેવું જોઈએ? બિલકુલ નહીં. AI એક શક્તિશાળી સાધન છે અને તેનો સમજદારીપૂર્વક ઉપયોગ આપણા જીવનને વધુ સારું બનાવી શકે છે. સમસ્યા AI માં નથી, પરંતુ તેના પરની આપણી આંધળી અને વધુ પડતી નિર્ભરતામાં છે. આપણે સંતુલન શોધવાની જરૂર છે. આપણે AI નો ઉપયોગ એક સહાયક તરીકે કરવો જોઈએ, આપણા વિકલ્પ તરીકે નહીં.

આપણે સભાનપણે કેટલીક બાબત જાતે કરવાનો પ્રયાસ કરવો જોઈએ. નાની ગણતરીઓ મનમાં કરવી, ક્યારેક GPS વગર રસ્તો શોધવાનો પ્રયાસ કરવો, મહત્ત્વની માહિતી યાદ રાખવાનો પ્રયાસ કરવો અને કોઈ વિષય પર વિચારતા પહેલા સીધા AI ને પૂછવાને બદલે જાતે મંથન કરવું આવી નાની નાની આદત આપણા મગજને સક્રિય રાખવામાં મદદ કરી શકે છે. AI દ્વારા બચાવેલા સમયનો ઉપયોગ આપણે રચનાત્મક કાર્યો, શોખ કેળવવા, શારીરિક કસરત કરવા, સામાજિક સંબંધો મજબૂત કરવા અથવા નવી કુશળતા શીખવામાં કરવો જોઈએ, નહીં કે માત્ર નવરા બેસીને ઓવર થિંકિંગ કરવામાં.

AI પરની વધુ પડતો આધાર આપણને સીધા મનોરોગી બનાવી દેશે તેમ કહેવું પણ કદાચ અતિશયોક્તિભર્યું હશે. આમ છતાં તે ચોક્કસપણે આપણા માનસિક સ્વાસ્થ્ય માટે જોખમો ઊભાં કરે છે એ હકીકત છે. લાંબા ગાળે આપણી જ્ઞાનાત્મક ક્ષમતાઓ અને માનસિક સુખાકારી પર નકારાત્મક અસર કરી શકે છે તેથી, ટેકનોલોજીના આ યુગમાં, આપણે AI નો ઉપયોગ સંતુલિત અને સભાન રીતે કરવો અત્યંત જરૂરી છે, જેથી આપણે તેના લાભો માણી શકીએ અને સંભવિત નુકસાનથી બચી શકીએ. આપણું માનસિક સ્વાસ્થ્ય આપણી પોતાની જવાબદારી છે, અને ટેકનોલોજીનો સમજદારીપૂર્વક ઉપયોગ તેમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ■



## ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## મા - બાળક ને મોબાઈલ

ડિયર હની,

હું કોઈ પણ બાળક, એની માતા અને મોબાઈલ એમ ત્રણેયને સાથે જોઉં છું ત્યારે મને આપણી દીકરીનું બાળપણ યાદ આવી જાય છે.

આજે કોઈ પણ ઘરમાં જાવ , એક દૃશ્ય સામાન્ય બની ગયું છે. મા બાળકને જમાડતી હશે તો સામે મોબાઈલ રાખ્યો હશે એમાં કોઈ કાર્ટૂન ચાલતું હશે કે પછી કોઈ રાઈમ્સ-જોડકણાં વાગતા હશે. કારણ કે, મોબાઈલ ચાલુ હોય અને એમાં એને ગમતું કૈક આવતું ના હોય તો બાળક જમતું નથી. માની પરેશાની વધી જાય છે. બાળક જમી લે એ માટે એની મમ્મી સામે મોબાઈલ ફોન ચાલુ કરી દે છે તો જ બાળક જમે છે. આજની મમ્મીઓની આ જાણે મજબૂરી બની ગઈ છે.

એ જ રીતે બાળક રડે કે તોફાને ચઢે તો મા કે બાપ એની સામે મોબાઈલ ચાલુ કરી દે છે. અથવા તો એના હાથમાં મોબાઈલ પકડાવી દે . બાળકો પણ હવે નાની ઉંમરમાં જ મોબાઈલનો ઉપયોગ કેમ કરવો એ શીખી ગયા છે, પણ મા-બાપ બાળકને શું શીખવવું જોઈએ એ ભૂલી ગયા છે.

બાળકોની તો કેટકેટલી રમતો છે એ આપણે પણ ભૂલી ગયા છીએ. ઘરમાં અને ઘર બહાર રમાતી રમતોનો પાર નથી. મને આ તકે રાજકોટનાં પર્યાવરણ પ્રેમી વી. ડી. બાલા યાદ આવે છે, પોતાની ટીમ સાથે એ શાળાએ શાળાએ જાય છે અને શેરી રમતો રમાડે છે. પછી એમાં લીંબુ દોડ કે કોથળા દોડ કે બે ચાર પૈડું ચલાવું ...એવી દસ બાર રમતો રમાડે છે અને બાળકોને એમાં એટલી મજા આવે છે કે, કલાક ક્યાં ચાલ્યા જાય છે એની એમને ખબર પડતી નથી. એમાં એમને થાક લાગતો નથી.

આવી રમતો કેમ મા બાપ રમાડતા નથી. પરિણામે બાળકો ઘરઘુસલ-ઘરકૂકડો બની જાય છે. એમને બહાર જવું ગમતું નથી. એ ઘરમાં એકાદ રૂમમાં પડ્યા રહે છે. બહુ બહુ તો વીડિયો ગેમ્સ રમ્યા કરે છે. આપણી દીકરી નાની હતી ત્યારે તું કે હું જમાડતા હોય તો ક્યારેય મોબાઈલ ફોનની જરૂર જણાઈ નહોતી. ત્યારે ય મોબાઈલ ફોન હતા, છતાં પણ સારું હતું કે, બાળકને મોબાઈલ ફોનની ટેવ પાડી નહોતી.

આજે મા- બાપ બહુ નાની ઉંમરમાં બાળકને મોબાઈલના આદી બનાવી દે છે. બાળકનો પણ શું વાંક કાઢવો? મા-બાપ ખુદ મોબાઈલ ફોનમાં વ્યસ્ત રહે છે.

મને બરાબર યાદ છે કે, 'હબુક કોળીયો...' કહી દીકરીને ખવડાવતા. કોઈ નાની-મોટી વાત કરી જમાડી દેતા. હા, ક્યારેક એ વધુ લાડ કરે, ઊભી થઇ જાય તો એની પાછળ જવું પડતું, પણ એને જમાડવા માટે ફોનનો ઉપયોગ કરવો પડ્યો નહોતો. અને બા તો એને વાર્તા સંભળાવતા ત્યારે દીકરી એ રસપૂર્વક સાંભળતી. એને એ કેટલું સમજાતું તો એની તો ખબર નથી, પણ જમી જરૂર લેતી.

અરે! આજે તો બાળકને સુવડાવવું હોય તો પણ મોબાઈલ ચાલુ કરી એને પસંદ હોય એવી કોઈ ચીજ સંભળાવવી પડે છે. આ બધું જોઉં છું ત્યારે બા યાદ આવી જાય છે. એ કેવું મજાનું હાલરડું ગાતી.

આજની માતાને હાલરડાં આવડતા નથી અને પિતાને કોઈ બાળવાર્તા યાદ નથી. શેરી રમતો તો ભૂતકાળ થઇ ગઈ છે. એ કારણે બાળક એકલવાયું થઇ જાય છે. એનો સ્ક્રીન ટાઈમ વધતો જાય છે . આખરમાં પરિણામે

મા-બાપ અને સંતાનો વચ્ચે દૂરી વધતી જાય છે. બાળકનો સ્વભાવ ચીડિયો બની જાય છે. એની સર્જનાત્મકતા પર પણ અસર થાય છે. આ અંગેના અનેક વૈજ્ઞાનિક અભ્યાસો થયા છે. બધાનાં તારણ તો એ જ છે કે, બાળકને મોબાઈલનું વ્યસન ન લગાડો.. એ ખતરનાક બની શકે છે.

આનો ઉપાય સાવ સામાન્ય છે. બાળક સાથે વાતો કરો. બાળકને વાર્તા સંભળાવો. બાળગીતો ગાવ. ના આવડતા હોય તો બાળગીતોની કેસેટ લાવો કે પછી ઈન્ટરનેટ પર એ સંભળાવો. કૃષ્ણ દવેએ કેવી મજાની બાળ કવિતા લખી છે.

કહે ટમેટું મને ફ્રિજમાં બહુ લાગે છે ઠંડી દૂધીમાશી દૂધીમાશી ઝટ પહેરાવો બંડી

કે પછી ...

એક બિલાડી જાડી પાડી એ તો પહેરે જીન્સ

એના બે નાનકડા બચ્ચા બ્લેક એન્ડ વ્હાઇટ ટવિન્સ...

રમેશ પારેખનાં પણ બાળ ગીતો છે. એ વાંચો અને ગાવ ... બાળકોને મજા પડશે એની ગેરેંટી. મા-બાપે એના બાળકને મોબાઈલના વ્યસનથી બચાવવું હશે તો આવું કરવું પડશે. બીજો કોઇ વિકલ્પ નથી. આ વિકલ્પ અપનાવી લો, આખરે તો બાળક અને મા-બાપ બધા માટે ફાયદો જ ફાયદો છે, કારણ કે, આવું થયું તો ઘરમાં કલબલાટ વધશે,પણ એ મીઠો કલબલાટથી હૃદય પણ બાગ બાગ થઇ જશે.

તારો બન્ની

# મા-બાપને સાચવીએ એમનાં ભાઈ-બહેનને નહીં !

સંધ્યા છાયા
feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

તાજેતરમાં કોલેજ ફ્રેન્ડસનું ગેટ-ટુગેધર હતું. વર્ષો પછી બધી સખીએ મળી રહી હતી. અમને બધાંને ભેગાં કરવાનું કામ તો અમારી HP (હરખ પદૂડી !) સખી નેહાએ કર્યું.

એ દિવસે અમે પંદર સખીઓ મળી આનંદ આનંદ છવાઇ ગયો. એક-બેને બાદ કરતાં લગભગ બધી સખીનું વજન વધી ગયું હતું. રૂપેરી વાળમાં કરેલો ક્લેપ ઉંમર વધવાની ચાડી ખાતો હતો. કોઇના વાળ પાંખા થઇ ગયા હતા તો કોઇના ચહેરા પર પિગમેન્ટેશને કારણે કાળા દાગ-ધબ્બા થઇ ગયા હતા. આ બધો ઉંમરનો તકાજો હતો, પણ સરસ વાત એ હતી કે બધાંના ચહેરા પરનું મધુર હાસ્ય અકબંધ હતું. બધાં એકબીજાને ભેટી ભેટીને મળ્યાં. મળ્યાં એટલે ખાવાના સાથે ગોલ-ગપ્પાં પણ ચાલુ થયા. સૌ પોતપોતાના સંસારની વાત કરી રહ્યાં હતાં. જેને સવાલ પુછાય તે પોતાની, પોતાનાં પતિની-સંતાનોની-પરિવારની વાત કરે. બહુ મજા આવી રહી હતી.

મને અચાનક યાદ આવ્યું કે નીતાના લગ્ન થયા ત્યારે એના જેઠ કુંવારા હતા, એ લગ્ન કરવાના ન હતા. તેથી મેં નીતાને પૂછ્યું :


'નીતા, કેમ છે તારા જેઠ? તેમણે પછી લગ્ન કર્યા કે નહીં? હજુ તારી સાથે જ રહે છે કે નહીં?'

'અરે, એક સાથે કેટલા પ્રશ્નોનો મારો ચલાવે છે તું ? તું હજુ એવી જ રહી કોલેજમાં હતી એવી જ. અને તારી પાસે પ્રશ્નો જ બહુ હોય હંમેશાં તારી આ જ ટેવને કારણે તું પત્રકારત્વ અને લેખન ક્ષેત્રે છે એવું મને લાગે છે' નીતાએ કહ્યું.

'અરે, નીતા મને મનમાં પ્રશ્ન ઊગ્યો છે તો હવે તેનો સંતોષકારક જવાબ નહીં મળે ત્યાં સુધી મને શાંતિ નહીં થાય. તું તારા જેઠ વિશે વાત કર.'

'હા, સાંભળો, બધાં. લગભગ બધી બહેનપણીઓ જાણે છે કે મારાં નરેશ સાથે લવ-મેરેજ હતાં. અમારાં લગ્ન થયા ત્યારે નરેશના પરિવાર એના મોટાભાઇના એટલે કે મારા જેઠના લગ્ન થયા ન હતા. નરેશનો પરિવાર મોટો નરેશને ત્રણ ભાઇ અને બે બહેન. નરેશથી બે મોટાભાઇ અને એક નાનો ભાઇ બે મોટાભાઇમાંથી એક ભાઇ પરણેલા અને બીજા નીતિનભાઇ અપરિણીત નાનાભાઇના લગ્ન બાકી હતા. મારાં સાસુ-સસરા પણ હયાત હતાં. આટલો મોટો પરિવાર એક છત નીચે રહેતો હતો. પરિવાર આર્થિક રીતે સમૃદ્ધ હતો. એટલે ઘરમાં નોકર-ચાકર હતા. ઘરની વહુઓ પણ નોકરી કરવા જતી ન હતી. ઘર સંભાળતી હતી. સાસુજીના નેતૃત્વ નીચે ઘર-પરિવાર સંપથી રહેતો હતો.

'અમારો સંસાર સરસ ચાલતો હતો. દિયરના પણ લગ્ન થઇ ગયા, ત્રણેય ભાઇને ત્યાં બાળકો પણ થઇ ગયા. પછી સાસુ-સસરાનું અવસાન થયું. પરિવાર મોટો થવાને કારણે સંકડાશ થવા માંડી અને સાસુના ગયા પછી દેરાણી-જેઠાણીઓમાં પણ ચણભણ થવા માંડી. એટલે નક્કી થયું કે આ બંગલો વેચીને જે પૈસા આવે તેના ભાગ પાડીને સૌએ પોતાની માટે ફ્લેટ લઇ લેવા. ત્રણ ભાઇના તો પરિવાર હતા. પણ પ્રોબ્લેમ મોટા જેઠનો હતો. એ એકલા કેવી રીતે રહે?



પ્રતીકાત્મક તસવીર

તેથી નક્કી કર્યું કે જેઠ મારી સાથે રહે. દેરાણીના સંતાન નાના હતા તેથી આવી વ્યવસ્થા કરી કરી. હવે જે પૈસા ભાગમાં આવ્યા એમાંથી અમને એક બેડરૂમ હોલ કિચનનું ઘર મળ્યું. અમારે થોડા પૈસા બચાવવા પણ હતા, કારણ કે મારાં બાળકો મોટા થઇ ગયા હતા. એમના લગ્ન માટે પૈસાની જરૂર પડવાની હતી. અમે તો ફ્લેટમાં રહેવા ગયા. શરૂઆતમાં થોડાં વર્ષો તે બહુ વાંધો ન આવ્યો, કારણકે હું અને નરેશ બેડરૂમમાં અને મારા જેઠ તેમ જ મારાં બન્ને પુત્ર દીવાનખંડમાં સૂઇ જતા. થોડા વર્ષો પછી મોટા પુત્રના લગ્ન થયાં. બેડરૂમ એને ફાળવવામાં આવ્યો. હવે હું અને નરેશ દીવાનખંડમાં આવી ગયા. મારા જેઠને અમે સમજાવતા કે તમે પ્લીઝ કિચનમાં સૂઇ જાઓ, પણ એ ના પાડતા. કિચનમાં સૂવાનું ફાવતું નહીં. મારા જેઠને ખાવા-પીવાના બહુ જ શોખ. એમને રસોઇ એકદમ ચટાકેદાર જોઇએ. વળી જમવા બેસે ત્યારે ગરમાગરમ તવા પરથી ઊતરેલી રોટલી જ જોઇએ. આટલાં વર્ષથી હું તો એમના બધાં નખરાં ઉઠાવતી હતી, પણ હવે નવી આવેલી વહુને આ બધું વધારે પડતું લાગતું હતું.

પુત્રવધૂનું કહેવું હતું કે મોટા કાકાએ થોડું એડજસ્ટ કરવું જોઇએ. આવાં બધાં નખરા ન ચાલે. ઘરમાં વહુના આગમનને કારણે હું અને નરેશ પણ થોડા છૂટાં થયાં હતાં. તેથી સિનેમા જોવા, હરવા ફરવા કે બહારગામ જવાના પ્રોગ્રામ બનાવતા અને લાઇફને એન્જોય કરતા હતા.

બંને પુત્ર અને વહુ પણ કહેતા હતા કે આટલા વર્ષ બહુ કર્યું. મમ્મી તો બિચારી ઘરમાં જ ગોંધાઇ રહી. આટલી ભણેલી હોવા છતાં ગૃહિણી બનીને રહી. હવે તમે બન્ને જિંદગીની મજા લો. અને મમ્મી, તારો સંગીતનો શોખ તું એ પૂરો કર. સંગીત કલાસમાં જા. કરાઓ કે ગ્રૂપ જોઇન કર તને મજા આવશે. આમ હું ઘરની બહાર નીકળતી થઇ. પણ આ બધું બિલકુલ એમનું સાંભળે નહીં. બન્ને પુત્રના લગ્ન પણ નક્કી થયા. છોકરાઓ કમાતા થયા હતા એટલે બે-બેડરૂમનો ફ્લેટ લીધો પણ હવે બધાં મોટા કાકાથી કંટાળ્યા હતા. એમની તબિયત પણ કથળતી જતી હતી તેથી એ ક્યાંય ઘરની બહાર જતા નહીં. આખો દિવસ ઘરમાં જ રહે અને કચકચ કર્યા કરે. એમને થોડા દિવસ બીજા ભાઇને ઘેર જવા કહ્યું તો એ જવા તૈયાર નહીંઃ આખરે પરિવારની મીટિંગ કરીને નક્કી કર્યું કે મોટાભાઇને વૃદ્ધાશ્રમમાં મૂકી દેવા. ભાઇની તો બિલકુલ ઇચ્છા ન હતી. વૃદ્ધાશ્રમમાં જવાની પણ અમારી પછીની પેઢી પોતાનાં માતા-પિતાને સાચવવા તૈયાર હતી. એમનાં ભાઇ-બહેનને નહીં. પરિવારજનો તો આ વાત સમજી શકયા તેથી બધાંએ મળીને જેઠજી માટે સરસ વૃદ્ધાશ્રમની શોધ આદરી. અંતે મુંબઇનાં જ એક વૃદ્ધાશ્રમ ગમ્યો અને ભાઇને ત્યાં મૂકયા. મુંબઇમાં જ હોવાને કારણે બહોળા પરિવારમાંથી વારાફરતી કોઇને કોઇ એમને મળવા જાય છે. તેમને જોઇતી ચીજ વસ્તુ આપી આવે છે. ત્યાં તેમને ગરમાગરમ ચા-નાસ્તો અને ગરમાગરમ જમવાનું મળી રહે છે. હા, ત્યાં બહુ મરી-મસાલાવાળો ખોરાક આપતા નથી. '

નીતાએ વાતનું સમાપન કરતા ઉમેર્યુંઃ

'આમ આજની જનરેશન એનાં મમ્મી-પપ્પાને સાચવી લેશે,પણ મા-બાપના ભાઈ-બહેનને નહીં !' ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# લાડકી



કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# ભારતીય જનતાને આઝાદ ભારતનું સ્વપ્ન દેખાડ્યું

*નામઃ કેપ્ટન લક્ષ્મી સહગલ*
*સમયઃ ૧૯૯૮*
*સ્થળઃ કાનપુર*
*ઉંમરઃ ૯૩ વર્ષ*


૧૯૩૮માં કૉંગ્રેસનું વાર્ષિક અધિવેશન હરિપુરામાં કરવાનું નક્કી થયું હતું. આ અધિવેશન પહેલા ગાંધીજીએ કૉંગ્રેસ અધ્યક્ષપદ માટે સુભાષબાબુની પસંદગી કરી. કૉંગ્રેસનું આ ૫૧મું અધિવેશન હતું. આ અધિવેશનમાં સુભાષબાબુનું અધ્યક્ષીય ભાષણ બહુ જ પ્રભાવી રહ્યું. કોઇપણ ભારતીય રાજકીય વ્યક્તિએ કદાચ જ આટલું પ્રભાવી ભાષણ ક્યારેય કર્યું હશે.

૧૯૩૮માં ગાંધીજીએ કૉંગ્રેસના અધ્યક્ષપદ માટે સુભાષબાબુ પર પસંદગી ઉતારી તો હતી, પરંતુ ગાંધીજીને સુભાષબાબુની કાર્યપદ્ધતિ પસંદ ન હતી. આ જ સમયે યુરોપમાં બીજા વિશ્વયુદ્ધનાં વાદળો છવાઈ ગયા. સુભાષબાબુની ઈચ્છા હતી કે ઇંગ્લેન્ડની આ મજબૂરીનો લાભ ઉઠાવીને, ભારતનો સ્વંત્રતા સંગ્રામ વધુ ઉગ્ર બનાવવામાં આવે. તેમણે પોતાના અધ્યક્ષપદ હેઠળ આ તરફ પગલાં લેવાનું શરૂ પણ કરી દીધું હતું. ગાંધીજી તેમની આ વિચારસરણી સાથે સહમત ન હતા.

૧૯૩૯માં જ્યારે નવા કૉંગ્રેસ અધ્યક્ષ પસંદ કરવાનો સમય આવ્યો, ત્યારે સુભાષબાબુ એવુ ઇચ્છતા હતા કે કોઈ એવી વ્યક્તિ અધ્યક્ષ બને, જે આ મામલામાં કોઈના દબાણ સામે ઝૂકે નહીં. એવી કોઈ બીજી વ્યક્તિ સામે ન આવતા, સુભાષબાબુએ પોતે કૉંગ્રેસ અધ્યક્ષ બનવાનું વિચાર્યું. પણ ગાંધીજી હવે તેમને અધ્યક્ષપદેથી હટાવવા માગતા હતા. ગાંધીજીએ અધ્યક્ષપદ માટે પટ્ટાભી સિતારમૈય્યાને પસંદ કર્યા. કવિવર્ય રવીન્દ્રનાથ ટાગોરજીએ ગાંધીજીને પત્ર લખી સુભાષબાબુને જ અધ્યક્ષ બનાવવાની વિનંતી કરી. પ્રફુલ્લચંદ્ર રાય અને મેઘનાદ સહા જેવા વૈજ્ઞાનિક પણ સુભાષબાબુને ફરીથી અધ્યક્ષના રૂપમાં જોવા ઇચ્છતા હતા, પણ ગાંધીજીએ આ બાબતમાં કોઈની વાત ન સાંભળી. કોઈપણ પ્રકારનું સમાધાન ન થતા, ઘણા વરસો પછી, કૉંગ્રેસના અધ્યક્ષપદ માટે ચૂંટણી થઈ. બધા એમ માનતા હતા કે મહાત્મા ગાંધીએ પટ્ટાભી સિતારમૈય્યાને સાથ આપ્યો છે, માટે તેઓ ચૂંટણી સરળતાથી જીતી જશે, પણ સુભાષબાબુને ચૂંટણીમાં ૧૫૮૦ મત મળ્યા અને પટ્ટાભી સિતારમૈય્યાને ૧૩૭૭ મત મળ્યા. ગાંધીજીનો વિરોધ હોવા છતાં સુભાષબાબુ ૨૦૩ મતોથી આ ચૂંટણી જીતી ગયા.

૧૯૩૯નું વાર્ષિક કૉંગ્રેસ અધિવેશન ત્રિપુરામાં થયું. આ અધિવેશનના સમયે સુભાષબાબુ તીવ્ર તાવથી એટલા બીમાર પડી ગયા હતા, કે એમને સ્ટ્રેચર પર સુવડાવીને અધિવેશનમાં લાવવા પડ્યા. ગાંધીજી આ અધિવેશનમાં હાજર ન રહ્યા. ગાંધીજીના સાથીઓએ સુભાષબાબુને બિલકુલ સહકાર ન આપ્યો.

અધિવેશન પછી સુભાષબાબુએ સમાધાન માટે બહુ જ કોશિશ કરી, પરંતુ ગાંધીજી અને એમના સાથીઓએ એમની એકપણ વાત ન માની. પરિસ્થિતિ એવી બની ગઈ કે સુભાષબાબુ કંઈ કામ જ ન કરી શક્યા. છેવટે કંટાળીને ૨૯ એપ્રિલ, ૧૯૩૯ના રોજ સુભાષબાબુએ કૉંગ્રેસના અધ્યક્ષપદેથી રાજીનામું આપી દીધું.



એ પછીના વર્ષોમાં એમના નજરકેદ રહેવાની અને ત્યાંથી ભાગીને સિંગાપોર સુધી પહોંચવાની કથા તો સૌ જાણે છે. સિંગાપોરમાં એમણે પહેલીવાર આઝાદ હિંદ ફોજની સત્તાવાર જાહેરાત કરી. ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં ગાંધીજીએ સ્ત્રીઓને અગ્રીમ સ્થાન આપ્યું. એમની પૌત્રી મનુ, આભા, ડૉ. સુશીલા નાયર, વિદેશી બહેન મીરાં જેવી અનેક સ્ત્રીઓ અને સરોજિની નાયડુ, વિજ્યાલક્ષ્મી પંડિત જેવી પ્રતિભાશાળી સ્ત્રીઓ પણ સ્વતંત્રતા સંગ્રામનો મહત્ત્વનો હિસ્સો બની શકી, પરંતુ સુભાષબાબુને કદાચ લડાઈના મેદાનમાં સ્ત્રીઓ પોતાનું સાહસ બતાવી શકશે કે નહીં એ વિશે થોડી અવઢવ હોવી જોઈએ... એ કારણે એમણે શરૂઆતના તબક્કામાં આઝાદ હિંદ ફોજમાં સ્ત્રીઓને સામેલ ન કરી. જાપાનમાં બ્રિટિશ સૈનિકોની હાર પછી પૂર્વ એશિયામાં અટકી ગયેલા ૩૦ હજારથી વધારે ભારતીય સશક્ત અને સંગઠિત સૈનિકોને આઝાદ હિંદ ફોજમાં સામેલ કરવામાં આવ્યા. ૭ ફેબ્રુઆરી, ૧૯૪૨ના દિવસે આ યુદ્ધબંદીઓ જ્યારે કેપ્ટન મોહનસિંઘને સોંપવામાં આવ્યા ત્યારે એમણે ૬૦ હજાર જેટલી સંખ્યામાં એકત્રિત કરેલા લોકો સાથે આઝાદ હિંદ ફોજ હવે યુદ્ધ માટે તૈયાર છે એવી જાહેરાત કરી. જોકે, કેટલાક સૈનિકોએ જાપાનીઓના ઈરાદા પરત્વે પોતાનો સંદેહ પ્રગટ કરીને આઝાદ હિંદ ફોજમાં સામેલ થવાને બદલે યુદ્ધના કેદી તરીકે જ બાકીનું જીવન વ્યતિત કરવાનો નિર્ણય કર્યો.

રાસબિહારી બોઝને લાગ્યું કે, એ હવે આમાં વધુ કાર્યરત નહીં રહી શકે માટે એમણે પોતાની તમામ જવાબદારીઓ સુભાષચંદ્ર બોઝને હસ્તાંતરિત કરી. સાદો સફેદ પોષાક અને ગાંધી ટોપી પહેરીને જ્યારે સુભાષચંદ્ર પોતાનું ભાષણ કરવા ઊભા થયા ત્યારે અનેક લોકોના લોહીમાં સ્વતંત્રતાના એક નવા વિચારનો સંચાર થયો. એમણે ૫મી જુલાઈએ આઝાદ હિંદ ફોજના યુનિફોર્મમાં સૌને સંબોધિત કર્યા અને મહાત્મા ગાંધીને જાહેર ધન્યવાદ આપ્યા કે, એમણે ભારતીય જનતાના હૃદયમાં સ્વતંત્રતાના વિચારનું બીજ રોપીને સૌને એક આઝાદ ભારતનું સ્વપ્ન બતાવ્યું.

એ સભામાં એમણે ‘જય હિંદ’ અને ‘ચલો દિલ્હી’નું સૂત્ર આપ્યું. એ દિવસે એમણે જાહેરાત કરી કે, કોઈપણ સ્વસ્થ નાગરિક જે ભારતની સ્વતંત્રતા ઈચ્છતો હોય એ આઝાદ હિંદ ફોજમાં સામેલ થઈ શકે છે. મેં જાહેરમાં એમને પ્રશ્ન પૂછ્યો કે, એમણે સ્ત્રીઓને આમાં સામેલ કેમ નથી કરી? સુભાષચંદ્ર બોઝે એ દિવસે રાણી ઝાંસી રેજિમેન્ટની જાહેરાત કરી અને મહિલાઓને પણ આઝાદ હિંદ ફોજમાં સામેલ કરવાનો નિર્ણય જાહેર કર્યો. મેં ઘેર ઘેર ફરીને મહિલાઓને જોડાવવાનું આમંત્રણ આપ્યું, પરંતુ માત્ર ૨૦ મહિલાઓ શરૂઆતમાં મારી સાથે જોડાઈ... ખૂબ નિરાશાજનક સ્થિતિ સાથે અમે શરૂઆત કરી. જોકે, રાયફલના પ્રશિક્ષણના પ્રદર્શનના દિવસે નેતાજીએ સૌ સ્ત્રીઓની પ્રશંસા કરી અને બીજે દિવસે મારી સાથે મુલાકાત કરીને મને રાણી ઝાંસી રેજિમેન્ટની કેપ્ટનની પદવી આપીને મારું નામ કેપ્ટન લક્ષ્મી કહીને સંબોધ્યું.

(ક્રમશઃ) ■

ભારતની વીરાંગનાઓ
ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

# પ્રથમ મહિલા પદ્મવિભૂષણઃ જાનકીદેવી બજાજ



સૂર્યપ્રકાશમાં ચાંદનીની રોશની છુપાઈ જાય એમ સમાજમાં નામના ધરાવતા પતિના નામ હેઠળ પત્ની ઢંકાઈ જતી હોય છે, પણ એવા પણ કેટલાક દંપતી જોવા મળે છે જેમાં પતિપત્ની બન્નેની આગવી ઓળખ હોય છે ને બન્ને એકસમાન ઝળહળે છે !

જમનાલાલ બજાજ અને જાનકીદેવી બજાજ....ઉદ્યોગપતિ પરિવાર, સાધનસમૃદ્ધિ, અપાર વૈભવ ને લખલૂટ ધનદોલત. ગાંધીજીથી પ્રભાવિત થઈને જમનાલાલ અને જાનકીદેવીએ આ સર્વનો ત્યાગ કરીને સાદગીભર્યું જીવન અપનાવી લીધેલું. પતિને પગલે જાનકીદેવી આઝાદીના આંદોલનમાં અને સામાજિક કાર્યોમાં સક્રિય થયેલાં. ગાંધીવાદી જીવનશૈલીનાં કટ્ટર સમર્થક અને સ્વાતંત્ર્ય સેનાની જાનકી દેવી બજાજ પ્રથમ મહિલા પદ્મવિભૂષણ હતાં. જાનકી દેવીએ કરેલા સામાજિક યોગદાનને પગલે ભારત સરકારે તેમને ૧૯૫૬માં દેશના બીજા સર્વોચ્ચ સન્માન પદ્મવિભૂષણથી પુરસ્કૃત કર્યાં હતાં. સવિનય કાનૂન ભંગ ચળવળમાં સહભાગી થવાને કારણે ૧૯૩૨માં એમણે જેલવાસ વેઠવો પડેલો. કુટિર ઉદ્યોગના માધ્યમથી તેમણે ગ્રામીણ વિકાસમાં ખાસ્સો સહયોગ કરેલો. જાનકીદેવીએ ‘મેરી જીવનયાત્રા’ નામે આત્મકથા લખેલી.

જાનકીદેવીનો જન્મ ૭ જાન્યુઆરી ૧૮૯૩ના રોજ મધ્ય પ્રદેશના જાવરાના સાધન સંપન્ન વૈષ્ણવ મારવાડી પરિવારમાં થયેલો. મૃત્યુ ૨૧ મે ૧૯૭૯. જાનકીદેવી દાની, મિતભાષી અને દયાળુ હતાં. માત્ર આઠ વર્ષની ઉંમરે જાનકીદેવીના વિવાહ સમૃદ્ધ બજાજ પરિવારના જમનાલાલ સાથે થયાં. ૧૯૦૨માં જાનકીદેવી જમનાલાલ બજાજ સાથે મહારાષ્ટ્ર સ્થિત વર્ધા ગયાં. જમનાલાલના કહેવાથી જાનકીદેવીએ સામાજિક વૈભવ અને કુલીનતાના પ્રતીકસમી પરદાપ્રથાનો ત્યાગ કરી દીધેલો. અન્ય મહિલાઓને પણ પરદા પ્રથાનો ત્યાગ કરવા પ્રોત્સાહિત કરી. એ અંગે જાનકીદેવીએ લખ્યું છે કે, ‘મને ઘૂંઘટ કરવાથી મુક્તિ મળી, તો તો મને બીજી બહેનોને પણ ઘૂંઘટમુક્ત કરવાની ચાનક ચડી. કેટલીયે બહેનોને સભાઓમાં હું ઘૂંઘટ ઉતરાવીને રીતસર મંચ પર ખેંચી જતી. જ્યાં જ્યાં હું જતી, આ જ મારું કામ થઈ ગયું.... હું માનું છું કે પરદાનો ત્યાગ કરવો સાહસનું કામ છે. એનાથી દિલ ને દિમાગ ખૂલી જાય છે. કામ કરવાની હિંમત વધી જાય છે.’

જાનકીદેવીના સાહસથી બહેનોમાં પણ હિંમત આવી. પરિણામે ૧૯૧૯ના અરસામાં ઘરની બહાર પગ ન મૂકનાર હજારો મહિલાઓએ પરદાને તિલાંજલિ આપી અને આઝાદીની હવામાં શ્વાસ લીધો.

જાનકીદેવી સ્વેચ્છાથી પતિને પગલે ચાલ્યાં અને ત્યાગનો માર્ગ અપનાવી લીધો. પતિના કહેવાથી પોતાનાં સુવર્ણનાં આભૂષણો એમણે દાન કરી દીધેલાં. એ અંગે જાનકીદેવીએ પોતાની આત્મકથામાં લખ્યું છે કે, ‘મારા પતિએ પત્રમાં મને જણાવ્યું હતું કે હું આભૂષણો પહેરવાનું છોડી દઉં. આ વાત એમણે મને રૂબરૂ કહી હોત તો કાદાચ હું દલીલ કરી બેઠી હોત. પણ તેમનો પત્ર મારા માટે વેદવાક્ય જેવો હતો. પત્રનો એક એક શબ્દ મારા માટે આદેશ હતો. પત્ર મારી સામે હતો ને હું એક એક ઘરેણું ઉતારીને મૂકતી જતી હતી... મને કહેવામાં આવેલું કે સોનું કલિનું રૂપ છે. અન્યોમાં ઈર્ષ્યા જન્માવે છે. ખોવાઈ જવાનો ભય અને ચોરી થઈ જવાનો ડર રહે છે. શરીર પર મેલ જામી જાય છે. નાક-કાનમાંથી દુર્ગંધ આવે છે...’

તમામ અલંકાર ઊતરી ગયાં. માત્ર એક ઘરેણું રહી ગયું. પગમાં પહેરતી ચાંદીની કડી. મારવાડી સમાજમાં પ્રત્યેક સ્ત્રીએ પગમાં ચાંદીની કડી પહેરવી જ પડતી. ગરીબમાં ગરીબ સ્ત્રીનાં પગમાં પણ ચાંદીની કડી જોવા મળતી. પણ જાનકીદેવીએ એ કડી પણ કાઢી નાખી.

દરમિયાન, ૨૮ વર્ષની ઉંમરે જાનકીદેવીએ જમનાલાલના કહેવાથી સિલ્કનાં વસ્ત્રો પહેરવાનું છોડ્યું. જમનાલાલે ગાંધીજીનો હવાલો આપીને વસ્ત્રો અંગેની વાત છેડેલી. ગાંધીજીનું કહેવું હતું કે વિલાયતી વસ્ત્રો રાક્ષસના રૂપમાં આપણા દેશમાં ફેલાઈને પડ્યાં છે. આ પાપ દેશમાંથી કાઢવાનું છે. એથી જમનાલાલે જાનકીદેવીને કહેલું કે, આપણા ઘરમાં એક પણ વિલાયતી કપડું ન રહેવું જોઈએ.

જાનકીદેવીએ દલીલ કરતાં કહેલું કે, આ કામ કેવી રીતે થશે. ઘરમાં, દુકાનમાં ને મંદિરમાં, પ્રત્યેક ઠેકાણે વિલાયતી વસ્ત્રો છે. બધાંની સફાઈ કેવી રીતે થશે. એના કરતાં એવું કરીએ કે ગરીબોમાં વસ્ત્રો વહેંચી દઈએ....જમનાલાલે સમજાવટના સૂરમાં કહ્યું કે, આ રીતે તો આપણે આપણું પાપ બીજાને પહેરાવી દઈશું. એનાથી સ્વદેશી આંદોલન માત્ર નબળું જ નહીં પડે, બહિષ્કારનો મૂળ ઉદ્દેશ પણ સમાપ્ત થઈ જશે. પાપ તો સળગાવવાની ચીજ છે. એની વહેંચણી કેવી રીતે થઈ શકે.. વિદેશી વસ્ત્રોની તો હોળી જ થશે. જાનકીદેવી સમજી ગયાં. તેમણે વર્ધામાં સઘળાં વિદેશી વસ્ત્રોની હોળી કરી દીધી. ખાદી ધારણ કરવાનું શરૂ કર્યું. એ પોતે કાંતતાં અને અન્યોને કાંતણ શીખવતાં.

ભારતમાં પહેલી વાર ૧૭ જુલાઈ ૧૯૨૮ના જાનકીદેવી જમનાલાલ બજાજ અને અનુસૂચિત જાતિના લોકો સાથે વર્ધાના લક્ષ્મીનારાયણ મંદિરે પહોંચેલાં. તેમણે મંદિરના દ્વાર સહુ કોઈ માટે ખુલ્લાં મૂકી દીધેલાં. તેમણે મહિલા શિક્ષણને પ્રોત્સાહન આપેલું. વિનોબા ભાવે સાથે ભૂદાન અને ગ્રામદાનનાં આંદોલનોમાં પણ તેઓ જોડાયેલાં. ગૌસેવા માટેના તેમના લગાવને પગલે જાનકી દેવી ૧૯૪૨થી ઘણાં વર્ષો સુધી ‘અખિલ ભારતીય ગૌસેવા સંઘ’નાં અધ્યક્ષા રહેલાં.

૧૯૭૯માં જાનકીદેવીનું મૃત્યુ થયા પછી તેમની સ્મૃતિમાં કેટલાંક પુરસ્કારોનો આરંભ કરાયો. ૧૯૮૦માં જમનાલાલ બજાજ ફાઉન્ડેશન દ્વારા મહિલાઓ અને બાળકોના વિકાસ તથા કલ્યાણ માટે નિઃસ્વાર્થભાવે યોગદાન કરનાર માટે વિશેષ પુરસ્કારની ઘોષણા કરવામાં આવી. જાનકીદેવી બજાજ ઇન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, જાનકી દેવી બજાજ ગવર્મેન્ટ પીજી ગર્લ્સ કોલેજ અને બજાજ ઈલેક્ટ્રિકલ્સ દ્વારા ‘જાનકી દેવી બજાજ ગ્રામ વિકાસ સંસ્થાન’ પુરસ્કારની જાહેરાત કરવામાં આવી. ૧૯૯૨-‘૯૩માં ઇન્ડિયન મર્ચન્ટસ ચેમ્બરની મહિલા પાંખ દ્વારા ગ્રામીણ ઉદ્યમીઓ માટે આઇએમસી-લેડીઝ વિંગ જાનકી દેવી બજાજ પુરસ્કારની સ્થાપના કરવામાં આવી. આ પુરસ્કારો થકી જાનકીદેવી બજાજ ભારતીયોના હૃદયમાં જીવંત છે ! ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# તમારા તરુણ સંતાનને સમજાવો સત્ય-અસત્યનો ખરો ભેદ

ઈતિહાસમાં પહેલી વાર પેરેન્ટ્સ-ટીચર મીટિંગમાં સ્મિતા મોડી પડી. હવે આગળ તો જગ્યા મળે એમ નહોતી. એણે પરાણે છેલ્લી હરોળમાં જવું પડ્યું. બેસતાવેંત બાજુમાં ચાલી રહેલી ખુસરપુસર તરફ એના કાન સરવા થયાં. વિશ્વાની ખાસ ફ્રેન્ડ એવી સીયા વિશે વાતો થતી હોય એમ લાગ્યું. પોતે અડધી વાતે જોડાયેલી એટલે વાતનો કોઈ તાળો મળ્યો નહીં. અંતે એણે શરમ મૂકીને પૂછી લીધું કે શું વાત છે? કોઈએ ફોનમાં મેસેજ જોવા તરફ ઈશારો કર્યો. સ્નેહાએ નજર કરતાં જ સામે સીયાનો કોઈ છોકરા સાથે વળગીને પડાવેલા ફોટોઝ હતા. પરસેવો વળી ગયો એને. ઘેર જઈ વિશ્વા સાથે વાત કરવી પડશે એમ વિચારી એણે મીટિંગમાં ધ્યાન પરોવ્યું.

‘સીયાનું શું ચાલી રહ્યુ છે?’

બપોરે જમવાની થાળી પીરસતા સ્મિતાએ પૂછ્યું.

‘કંઈ નહી કેમ? ’

નિષ્ફિકર વિશ્વાએ સામે જોયા વગર જવાબ આપી દીધો. સ્મિતા ગુસ્સાથી તમતમી રહી. એ લગભગ તાડૂકી :

‘ કંઈ નહી એમ? તારે મને કહેવું છે કે હું એની મમ્મીને ફોન કરું? ’.

‘શું પણ મમ્મા. મને નથી ખ્યાલ આવતો તું શું પૂછવા માગે છે. ? ’

જવાબમાં સ્મિતાએ ફોન ખોલી ફોટો બતાવ્યો. ‘આ કોણ છે?’ એવી પ્રશ્નસૂચક નજરે વિશ્વા સામે જોઈ રહી. હવે ચકિત થવાનો વારો વિશ્વાનો હતો :

‘ઓહ! તારી પાસે ક્યાંથી આવ્યો?’ વિશ્વાને જાણે પોતાની આંખો પર વિશ્વાસ નહોતો આવી રહ્યો.

‘આખી સ્કૂલ પાસે છે. તમને બધાને એમ કે તમે બહુ મોટા થઈ ગયા છો. અમને કશી જાણ નહીં થાય એમ.? હવે કહીશ કે આ શું છે?’ સ્મિતાની ધીરજ ખૂટી પડી.

‘મમ્મી, આ સીયા છે હું નહીં. અને મને કંઈ ખબર નથી.’

‘સારું, હવેથી એ છોકરીનું નામ આ ઘરમાં નથી જોઈતું. મને સીયા તારા ફ્રેન્ડ લિસ્ટમાંથી બાકાત જોઈએ.’

વિશ્વા રડમસ થઈ ઊઠી. સીયા તો પોતાના સુખ-દુઃખનો સહારો હતી. એમ ના બોલે તો કેમ ચાલે.બીજી ક્ષણે એને થયું કે મમ્મીને ક્યાંથી ખબર પડવાની કે હું સીયા સાથે બોલું છું કે નહીં.



સ્મિતાની જીદ્દ વિશ્વાને પહેલી વાર ખોટું બોલવા તરફ ધકેલી રહી હતી. અને હજુ તો આ શરૂઆત હતી. વિશ્વાએ જાણે કોઈ ઘટના ઘટી જ નથી એ રીતે સીયા સાથે મિત્રતા ચાલુ રાખી.

થોડા દિવસ તો જાણે બધું બરાબર ચાલ્યું. ના સ્મિતાએ ફરી કોઈ પ્રશ્ન પૂછ્યો કે ના વિશ્વાએ સીયાનું નામ ઉચ્ચાર્યુ, પણ એમ છાબડે ઢાંક્યો સૂરજ થોડો ઢંકાય? એક દિવસ વિશ્વાનો ફોન રણકી ઉઠ્યો. ટીનએજર્સની કાયમી સાથીદાર એવી આળસે વિશ્વા પાસે બોલાવ્યું, : ‘ મમ્મી, જોને કોનો ફોન છે?’

બસ, વાત ખત્મ .. સ્ક્રીન પર સીયાનું નામ જોતાંની સાથે સ્મિતા છળી મરી. બહાર આવી રીતસર ફોનનો ઘા કર્યો :

‘તું હજુ પણ સીયા સાથે બોલે છે? ’ એક ક્ષણ વિશ્વા છોભીલી પડી, પણ તુરંત સામે બરાડી ઊઠી :

‘હા,બોલું છું! ’

‘વિશ્વા, તું મારાથી વાતો છુપાવવા લાગી છે. કેમ જુઠ્ઠ બોલે છે ? મા કરતાં મિત્રનું મહત્ત્વ વધારે થઈ ગયું? તું જૂઠ્ઠ બોલી, મારો વિશ્વાસઘાત કર્યો’

અંતે વિશ્વાએ સ્મિતાની વાત વચ્ચેથી કાપી નાખી ને અત્યંત કડવું પણ હળાહળ સત્ય કહી દીધું :

‘મમ્મી, તને એવું લાગે છે ને કે, સીયા સાથે હું બોલું છું એ વાત મેં તને ના કહી. પણ સાંભળ, તેં જ તો મને શીખવાડ્યું છે ને કે, એવું ખોટું કહેજે,જે બોલવાથી કોઈનું નુકસાન ના થતું હોય. તો સીયા સાથે હું ફ્રેન્ડશીપ રાખું એનાથી તારું શું નુકસાન થવાનું?’

હમણાં કાલ સુધી હું કહું એટલાજ ડગલા ચાલનારી દીકરી સામે દલીલો કરવા લાગી?

સ્મિતાના મનમાં ગુસ્સો- રીસ- આઘાત બધું એક સાથે ઊભરાયું .. એને થયું કે વિશ્વાને કચકચાવીને એક થપ્પડ મારી લે, પણ એજ સમયે ઘરઘાટી આવ્યો. . જુવાન દીકરીને કોઈ સામે તમાચો મારતા એ અચકાઈ. એને ખ્યાલ હતો કે ઘાટીને આડોશ-પાડોશમાં બે શબ્દો ઉમેરીને વાત ફેલાતા વાર નહીં લાગે. વિશ્વા તો પરિસ્થિતિ વણસે એ પહેલાં જ બહાર ભાગી છૂટી, પણ ગુસ્સાથી તમતમી ગયેલી સ્મિતાને હૃદયના ધબકારા વધી ગયા- પરસેવો વળી ગયો. અંતે ઊંડો શ્વાસ લેતી એ સોફા પર ફસડાઈ પડી.

ભલે સ્મિતાએ વિશ્વાને એ સમયે કોઈ જવાબ ના આપ્યો, પણ વિશ્વા કેમ ખોટું બોલે છે એ પ્રશ્નનો જવાબ એને પોતાના જ ભૂતકાળમાંથી જડી ગયો હતો. વિશ્વા નાની હતી ત્યારે કોઈક વાર પોતાના ફાયદા માટે પતિને નાની-મોટી વાતમાં ખોટાં બહાના આપતી સ્મિતા પોતાની સાસુને ખબર ના પડે એ રીતે છાનાછપના બહાર જઈ આવતી. પડોશી સાથે ક્યારેક વ્યવહાર ના સાચવવા હોય તો સ્મિત આડાઅવળાં બહાના કાઢતી. એ વખતે વિશ્વાને કહેતી : ‘ આવું ખોટું બોલવાથી સામેવાળાનું નુકસાન થોડું થાય છે ?! ’

આજે જ્યારે એ જ શબ્દો-એજ વાક્ય વિશ્વાના મોંએ સાંભળ્યુ ત્યારે એને પોતાની ભૂલ સમજાય.

સત્ય અને અસત્ય કરતાં પણ વધુ ખતરનાક અર્ધસત્ય છે. નાનકડી વિશ્વા સામે બોલાતું પોતાનું અર્ધસત્ય ટીનએજર વિશ્વા માટે સંપૂર્ણ અસત્યમાં ફેરવાય જવાનું હતું. એ વાતનો આજે રહી રહીને સ્મિતાને ખ્યાલ આવી રહ્યો. એને થયું : જાગ્યા ત્યારથી સવાર.આજ પહેલા વિશ્વાને સાચું ના સમજાવી શકી તો શું થયું. હવે તો એને સત્ય-અસત્યનો ખરો ભેદ શીખવવો જ રહ્યો. એમ વિચારતી વિશ્વા ઘર પરત આવે એની સ્મિતા આતુરતાપૂર્વક વાટ જોવા લાગી. ■

# આશા જ્યોત

આજની ટૂંકી વાર્તા
ભૂપેન્દ્ર ત્રિવેદી 'સ્વયંભૂ'
feedback.ladki@bombaysamachar.com

મધરાત થઈ ચૂકી હતી. શિયાળાની રાત્રિએ ઠંડીનું પ્રમાણ વધ્યું હતું. વેણુંને કાંઠે આવેલ જસપર ગામ લગભગ સૂમસામ બની ગયું હતું. મોટાભાગે ખેડૂતની વસ્તી હોવાથી આખા દિવસની સખત મહેનતને લીધે સૌ કોઈને ગાઢ નિદ્રાએ ઘેરી લીધા હતા. ક્યારેક શેરીમાંથી કૂતરા ભસવાના અવાજો આવતા હતા અને થોડીવારમાં તે પણ શાંત પડી જતા હતા. પરંતુ ગામની ઓતરાદી દિશાએ આવેલ મધ્યમ કદના એક ઘરમાં હજુ નાનો દીવડો પોતાનો પ્રકાશ વેરી રહ્યો હતો. આ ઘર જસપર ગામના ગોર રવિશંકર મહારાજનું હતું. અત્યારે અર્ધી રાતે પણ રવિશંકર મહારાજની પુત્રવધૂ પ્રીતિ જાગતી બેઠી હતી. તેણીના દિલને ક્યાંય ચેન પડતું ન હતું. સવારે છાપામાં આવેલ સમાચારે તેણીની ઊંઘ ઉડાડી દીધી હતી. વૃદ્ધાવસ્થાના આરે પહોંચેલા રવિશંકર મહારાજ પણ ઘરના બીજા ઓરડામાં પડખા ઘસી રહ્યા હતા. તેઓની ઊંઘ આજ વેરણ બની ગઈ હતી. સવારમાં છાપામાં આવેલ સમાચાર મુજબ પશ્ચિમ બંગાળમાં સુંદરવન પાસે થયેલ એક હોડી દુર્ઘટનામાં નાવિક સાથે હોડીમાં બેઠેલા તમામ અગિયાર મુસાફરો હોડી ઊંધી વળતા તણાયા હતા. પાંચેક મુસાફરોના મૃતદેહ સિવાય અન્ય કોઈના મૃતદેહ હજુ સુધી હાથ લાગેલ ન હતા. આ હોડીમાં બેઠેલા મુસાફરોમાં રવિશંકર મહારાજના એકના એક પુત્ર રાજેનનો પણ સમાવેશ થતો હતો.

પરંતુ આ હકીકત માનવા પ્રીતિ તૈયાર ન હતી. તે સ્પષ્ટપણે કહેતી હતી કે ' રાજ ( પ્રીતિ રાજેનને હંમેશા રાજ ના વહાલસોયા સંબોધનથી જ બોલાવતી ) મને એકલી છોડી કદી આ રીતે અંતિમ વિદાય લઈ શકે જ નહીં. તેણીના દિલમાં રાજ પ્રત્યે પ્રેમનો જે અવિરત પ્રવાહ વહેતો હતો તે આ હકીકત માનવા તૈયાર જ ન હતો. તેને ઊંડે-ઊંડે દિલમાં શ્રદ્ધા હતી કે રાજ જીવિત છે અને તે જરૂર પાછો ફરશે.

રવિશંકર મહારાજ આજુબાજુના ત્રીસ ગામમાં જાણીતા હતા. તે કર્મકાંડી બ્રાહ્મણ ઉપરાંત વિદ્વાન કથાકાર હતા. તેમના પત્ની ગોદાવરીબહેન બે વર્ષ પહેલા અવસાન પામ્યાં હતાં. એ સમયે મહારાજની ઉંમર પણ ૭૫ વર્ષની થઈ હતી. તેથી હવે જિંદગીમાં રસ રહ્યો ન હતો. રાજેનનો અભ્યાસ પૂરો થયો હતો. હવે તે નોકરીએ લાગે તો પોતે વ્યવસાય ત્યજી, નિવૃત્ત જીવન જીવવા ઈચ્છતા હતા. પરમાત્માની કૃપાથી રાજેનને રાજકોટ ખાતે સરસ નોકરી મળી ગઈ. પ્રીતિ સાથે મેળાપ પણ નોકરી મળ્યા બાદ આકસ્મિક સંજોગોમાં થયો. પ્રીતિ રાજેનના મામાના દીકરા સુરેશના સાળાની પુત્રી હતી. તેણી ભાવનગર શામળદાસ કોલેજમાં અભ્યાસ કરતી હતી. રાજેનના મામા પણ ભાવનગર રહેતા હતા. તેથી અભ્યાસ પૂરો થયા બાદ મામાને ત્યાં મળવા ગયો હતો ત્યારે પ્રીતિને કોલેજના એક સાંસ્કૃતિક કાર્યક્રમમાં નિહાળેલ. કોલેજ ડે હોવાથી એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયેલ. પ્રીતિ એક સુંદર ગીત નૃત્ય સાથે રજૂ કરવાની હતી. તેથી આ કાર્યક્રમ નિહાળવા સુરેશ કોલેજમાં રાજેનને સાથે લઈ ગયેલ. સમગ્ર કાર્યક્રમમાં પ્રીતિનું ગીત તથા નૃત્યની રજૂઆત વિશિષ્ટ રહેતા તેણીને પ્રથમ સ્થાન મળેલ. રાજેનની આંખોએ આ સુંદર કાર્યક્રમ નિહાળ્યો. તે ખૂબ ખુશ થયો. પ્રીતિ સાથે વાતચીત થઈ. બન્નેના દિલમાં એક બીજા પ્રત્યે સ્નેહની સરવાણી વહેતી થઈ. એ સ્નેહ રૂપી દીવડામાં રાજેન ઘી બન્યો તો પ્રીતિ વાટ બની, તેમાં સુરેશના સહયોગથી જ્યોત પ્રગટી. બે દિલ એક થયા. બન્નેએ મનોમન જીવનભર સાથ નિભાવવાના વાયદા કર્યા.

રજાઓમાં રાજેન ગામડે આવ્યો ત્યારે મહારાજે વાત કરી : 'રાજેન બેટા, તું હવે ઉંમરલાયક થયો છો, નોકરી પણ સરસ મળી છે. તેથી કોઈ સારું ઘર અને ગુણવાન છોકરી મળે તો તને પરણાવી દઉં. આ બાબતે તારા મામાને પત્ર લખેલ છે. તારું શું કહેવું છે? તેં કોઈ છોકરી પસંદ કરી છે?' રાજેન ત્યારે સાવ મૌન રહ્યો. રવિશંકર મહારાજ તેના મૌનના જવાબમાં સઘળું સમજી ગયા. તેઓએ તેમના સાળાના પત્રની રાહ જોઈ. અઠવાડિયામાં તેમના સાળાનો પ્રત્યુત્તર આવી ગયો. તેમાં તેણે જણાવ્યું હતું કે 'સુરેશના સાળાની પુત્રી રાજેન માટે યોગ્ય છે, તમો તથા રાજેન અનુમતિ આપો તો આગળ વાત ચલાવીએ.' રવિશંકર મહારાજે આ બાબતે રાજેનને પૂછ્યું. રાજેનને માટે તો જોઈતું હતું ને વૈદે બતાવ્યું જેવો ઘાટ થયો. તેણે હા કહી. પૂનમે વેવિશાળ થયું અને પછી વસંતપંચમીએ બન્નેના લગ્ન થયા. પ્રીતિ પરણીને સાસરે આવી. તેણીને તેનો યોગ્ય જીવનસાથી મળ્યો.

રાજેનને રાજકોટ ખાતે નોકરી હોવાથી લગ્ન બાદની સામાજિક વિધિઓ પૂરી થયા બાદ તે પ્રીતિ અને તેના પિતાજીને રાજકોટ લાવ્યો. તે ત્રણેયનું જીવનચક્ર શાંતિ અને સુખચેનથી વીતવા લાગ્યું. રવિશંકર મહારાજ પણ વૃદ્ધાવસ્થામાં પરિવારનું સુખી જીવન જોઈ બહુ ખુશ થયા. જો કે મૃત્યુ પહેલા એક છેલ્લી ઈચ્છા મનમાં રહી ગઈ હતી કે રાજેનને ત્યાં પારણું બંધાય અને પોતે પૌત્રને રમાડી અંતિમ વિદાય લે. પરમાત્માએ પણ તે ઈચ્છા પૂરી કરવાના સંકેત આપ્યા. પ્રીતિ સગર્ભા બની. પ્રીતિના સીમંતનો પ્રસંગ આવ્યો. રવિશંકર મહારાજની ઈચ્છા મુજબ પ્રીતિનો સીમંત પ્રસંગ જસપર ગામે જ આનંદ અને ઉલ્લાસથી ઉજવાઈ ગયો. રજાઓ પૂર્ણ થતાં રાજેન પ્રીતિ અને પિતાજીને રાજકોટ લઈ જવા તૈયાર થયો. પરંતુ રવિશંકર મહારાજે કહ્યું કે 'આ ગામે ટ્રસ્ટ સંચાલિત આધુનિક સુવિધાવાળી હોસ્પિટલ છે, રસોઈ બનાવવા અને ઘરનું કામકાજ કરવા વ્યવસ્થા થઈ જશે. તેથી વહુની સુવાવડ અહીં જ થશે. ત્યાં ધમાલિયા વાતાવરણમાં મારે વહુને હેરાન થવા દેવી નથી. તું અવારનવાર અહીં આવતો રહેજે.'

આખરે રાજેનને પિતાની આજ્ઞા માનવી પડી. પોતે એકલો નોકરી અર્થે રાજકોટ જવા તૈયાર થયો. પ્રીતિ રાજેનથી થોડા સમય માટે છૂટી પડતી હતી. બે હૈયાં વિખૂટા પડતાં હતાં. હૈયામાં વેદના અપાર હતી. પરંતુ સામાજિક બંધનોએ બન્નેને અલગ કર્યા. પ્રીતિ બહુ રડી. રાજેને દર રવિવારે આવવાનું આશ્વાસન આપી, રાજકોટ જવા વિદાય થયો.

ત્યાર બાદના રવિવારે ઘરે આવ્યો ત્યારે તેણે પ્રીતિ તથા તેના પિતાજીને વાત કરી કે 'આવતા અઠવાડિયે હું તથા મારા મિત્રો પ.બંગાળના પ્રવાસે જવાના હોવાથી ઘરે આવીશ નહીં. પ્રવાસ પૂર્ણ થયે પહેલા સીધો અત્રે આવીશ.' સોમવારે રાજેન પરત રાજકોટ ગયો. પ્રીતિને પોતે એકલી થઈ ગઈ હોય તેવું લાગ્યું. એનો 'રાજ' દૂર-દૂર જતો હતો, તે રડી પડી. જો કે ભાવિ બાળક માટેના સોનેરી શમણાં જોતી તે દિવસો પસાર કરવા લાગી. કુદરતની લીલા કહો કે ભાવિના એંધાણ ! કોઈ પણ વ્યક્તિના તમામ દિવસો સુખેથી પસાર થતા નથી. સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ આવતું રહે છે. આમ, હજુ રાજેન પ્રવાસે ગયાને પાંચ દિવસ થયા હતા ત્યાં છાપામાં આ હૃદયદ્રાવક સમાચાર છપાયા હતા. સુંદરવન પાસે થયેલ હોડી દુર્ઘટનામાં કોઈ જીવિત ન રહ્યું હોય તેવા સમાચાર હતા. સમાચાર સાંભળીને પ્રીતિ તો બેભાન થઈ ગઈ. રવિશંકર મહારાજ પણ અર્ધ બેભાન અવસ્થામાં હતા. પરંતુ તેને બે જીવોને સંભાળવવાના હતા. પ્રીતિને કંઈ થઈ જાય તો તેણીના ગર્ભમાં રહેલ બાળક ઉપર તેની વિપરીત અસર થઈ શકે તેમ હતી. આવો વિચાર આવતા જ તેઓ સ્વસ્થ થયા. મન મક્કમ બનાવ્યું. ગામમાંથી તેમના જાણીતા ડોક્ટરને તેડાવ્યા. ડોક્ટરે આવી પ્રીતિને તપાસી, ઈંજેક્શન અને દવા આપ્યા. પરિસ્થિતિ ગંભીર નથી તેમ જણાવ્યું. પડોશમાં રહેતા સંબંધી બહેન આવી ગયાં. તેઓ પ્રીતિ પાસે બેસી રહ્યાં. ત્રણેક કલાક બાદ પ્રીતિ ભાનમાં આવી. પરંતુ હજુ તેણી અસ્વસ્થ જણાતી હતી. તેણી આ સમાચાર માનવા જ તૈયાર ન હતી. રવિશંકર મહારાજે પ્રીતિના પિયર તથા અન્ય સંબંધીઓને જાણ કરવા વાત કરી, પણ પ્રીતિએ સોગંદ આપી તેમ ન કરવા વિનવ્યા.

જો કે છાપામાં આવેલ સમાચાર બાદ સમાજ પ્રીતિની વાત માનવા તૈયાર ન હોય તે સ્વાભાવિક છે. રવિશંકર મહારાજે પ્રીતિને સમજાવી. અંતે દુઃખી હૃદયે સર્વેને જાણ કરવા સંમતિ આપી. પરંતુ તેણીના દિલમાં હજુ ઊંડે-ઊંડે 'રાજ' જીવિત છે તેવી આશાનો દીપક જલતો હતો. તેને કોઈ બૂઝાવી શકે તેમ ન હતું. સમાચાર મળતાં જ પ્રીતિના માતા-પિતા, ભાઈ-ભાભી તેમજ અન્ય સંબંધીઓ દોડી આવ્યા. પ્રીતિ તેની માના ખોળામાં માથું મૂકી ખૂબ રડવા લાગી. માતાએ તેને રડવા દીધી. ત્યાર બાદ માથે હાથ પ્રસારી આશ્વાસન આપ્યું. સામાજિક રિવાજો મુજબ રાજેનની ધાર્મિક અંતિમ વિધિઓ પૂર્ણ થઈ. પ્રીતિ તો સૂનમૂન બની ગઈ હતી. તેણીના માતા-પિતા તેણીને પિયર લઈ જવા ઈચ્છતા હતા પણ પ્રીતિએ જ ના કહી. તેથી સુવાવડ સુધી તેની માતા પ્રીતિની સાથે રહ્યાં. આ બનાવ બાદ રવિશંકર મહારાજ પણ સાવ ભાંગી પડ્યા હતા. એકના એક પુત્રના અવસાને તેની પાછલી અવસ્થાને વેરવિખેર બનાવી દીધી હતી. બીજી બાજુ પ્રીતિની સંભાળ રાખવાની હતી. ઘર ચલાવવાનું હતું. તેથી તેમણે તેની કર્મકાંડની કામગીરી ફરી શરૂ કરી દીધી. પ્રીતિ હંમેશા ઉદાસ રહેતી. તેણીની આંખો રાજેનની પ્રતીક્ષામાં દૂર દૂર જોડાયેલી રહેતી.

આ રીતે સમય પસાર થયો. રવિશંકર મહારાજનું ઘર જે ઘણા સમયથી સાવ શાંત ભાસતું હતું ત્યાં એક દિવસ પ્રભાતે ઘરમાંથી થાળી વાગવાનો અવાજ સંભળાયો. આસપાસના રહેવાસીઓ પણ નવાઈ પામ્યા. જોકે રવિશંકર મહારાજને આજ આનંદનો અવસર હતો. પ્રીતિએ એક સુંદર નવજાત શિશુને જન્મ આપ્યો હતો. પરંતુ પ્રીતિ વધુ ઉદાસ બની, તેણી વિચારમાં ખોવાઈ ગઈ કે આજ 'રાજ' હાજર હોત તો ! અમો બન્ને કેટલા ખુશ હોત !... એ વિચારે તેણીને ફરી રડાવી દીધી.

કાળની ગતિ ન્યારી છે. પ્રીતિ રાજેનની યાદમાં સમય પસાર કરતી હતી. તેણીનું શરીર સાવ લેવાઈ ગયું હતું. તેના પિયરીયાઓ તથા ગામની વૃદ્ધા સ્ત્રીઓ તેણીને ઘણું સમજાવતા પણ 'રાજ' જીવિત છે તે બાબતે પ્રીતિના દિલમાં પ્રજ્વલિત શ્રદ્ધાની જ્યોત જલતી જ રહી. પ્રીતિ હંમેશા કામકાજમાંથી પરવારી બાળકને લઈ, ખડકી સામે નજર રાખી, ઓસરીના ઓટલે બેસી રહેતી.

એક દિવસ ગામના ચોરા પાસે આવેલ રામજી મંદિરે દર્શન કરી ઘરે પરત આવી ત્યારે તેણે જોયું કે એક લઘરવઘર કપડા પહેરેલી વ્યક્તિ ડેલીની સાંકળ ખખડાવતી હતી. પ્રીતિએ પાછળથી અવાજ દીધો, 'કોણ છો ?' અચાનક પાછળથી અવાજ આવતા તે વ્યક્તિ ચમકી ગઈ અને પાછળ જોયું તો તે ત્યાં જ થંભી ગઈ. પ્રીતિ પણ દૂર ઊભી રહી. બન્ને એકબીજાને જોઈ રહ્યા. આ બાજુ સાંકળ ખખડ્યાનો અવાજ સાંભળી પૂજાપાઠ કરી ઊભા થયેલ રવિશંકર મહારાજે અંદરથી દરવાજો ખોલીને પૂછ્યું : ' વહુ બેટા, કોણ છે ?' પ્રીતિ કંઈ બોલવા જાય તે પહેલા પેલી વ્યક્તિ પાછળ ફરી મહારાજનાં ચરણોમાં પડી ગઈ. મહારાજે તે વ્યક્તિને ઊભી કરી તેના ચહેરા તરફ જોયું તો તેના અંતરમાંથી અવાજ પ્રગટ થયો, 'રાજેન !' દ્રશ્ય ઘણું મનમોહક હતું. ઘણા લાંબા સમયે બાપ-દીકરો મળતા હતા. તેમનો એકનો એક પુત્ર, ખીણમાં ખોવાયેલું અણમોલ રતન ! નજર સમક્ષ હતું. આ જોઈ પ્રીતિ સહિત બાપ-દીકરાની આંખોમાંથી હર્ષના આંસુ વહેતા થયા. ત્રણેય ઘરમાં આવ્યા. પ્રીતિએ ખાટલો ઢાળી, ગોદડું પાથરી રાજેનને બેસાડ્યો. માટલામાંથી ઠંડું પાણી લાવી આપ્યું. ગરમા ગરમ ચા બનાવી પીવડાવી. સ્નાન માટે પાણી ગરમ કરી આપ્યું. રાજેન સ્નાન કરી, પ્રભુ પ્રાર્થના કરી, ઓસરીમાં તેના પિતાજી ખુરશી ઉપર બેઠા હતા, તેની સામે બીજી ખુરશી ઢાળી બેઠો. સામે પ્રીતિ નીચે જમીન ઉપર સાદડી નાખી બેઠી. રાજેને પોતાની આપવીતી કહેવી શરૂ કરી.

કલકત્તા તથા અન્ય સ્થળો ફરી, મિત્રો સાથે સુંદરવન ખાતેની વન્ય પ્રાણીઓની સુંદર સૃષ્ટિ નિહાળવા ગયેલ. ત્યારે સુંદરવન પાસેથી પસાર થતી નદીએથી સુંદરવનનાં પ્રવેશદ્વારે પહોંચવા સામે કિનારેથી હોડીમાં બેઠા. હોડીમાં નાવિક સહિત કુલ ૧૧ મુસાફરો હતા. હોડી નદીના વચ્ચેના ભાગે પહોંચી ત્યારે ઉપરવાસ થયેલ ભારી વરસાદને કારણે નદીમાં પાણીની સપાટી અચાનક વધેલ, તેનાથી હોડીને જોરદાર ધક્કો લાગ્યો. હજુ બધા કંઈ સમજે તે પહેલા તો હોડી ઊંધી વળી જતાં આ ગમખ્વાર ઘટના ઘટી. મુસાફરોની ચીસાચીસ સંભળાઈ. મને તરતા આવડતું હતું તેથી તરતો-તરતો સામે કિનારા તરફ આગળ વધ્યો. પરંતુ પાણીનો વેગ ખાસ્સો હતો. તેથી તરવામાં મુશ્કેલી અનુભવાતી હતી. ત્યાં પાણીના પ્રવાહમાં તણાતી આવતી તૂટેલા વૃક્ષની ડાળ મારી પાસેથી પસાર થઈ. તક ઝડપી, મેં એ ડાળીને પકડી લીધી. પાણીના જોશીલા પ્રવાહમાં ઘણો સમય એ ડાળી પકડી તણાતો રહ્યો. પાણીના પ્રવાહમાં ડાળી આમતેમ ફંગોળાતી હોવાથી શારીરિક ઈજાઓ થયેલ જેની વેદના થતી હતી. ત્યારબાદ કશું ભાન રહ્યું નહીં. ભાનમાં આવ્યો ત્યારે એક નાનકડી ઝૂંપડીમાં ખાટલા ઉપર સૂતો હતો. મારી બાજુમાં એક બારેક વર્ષની છોકરી બેઠી હતી. મેં આંખો ખોલી, તે જોઈ તેણી અમ્મા પુકારતી ઝૂંપડી બહાર દોડી ગઈ. થોડીવારમાં તેની અમ્મા સાથે તે પરત આવી. મેં તેઓને પૂછ્યું કે 'હું ક્યાં છું?' બન્ને કશું કહેતા હતા પણ હું તેઓની ભાષા સમજી શકતો ન હતો અને તેઓ મારી ભાષા સમજતા ન હતા. તેઓએ ઈશારાથી થોડું સમજાવ્યું. છોકરી ફળોનો રસ અને મધ લાવી મને આપ્યા. શરીરમાં ઘણી જગાએ ઘાવ પડ્યા હોવાથી દર્દ થતું હતું. તેની અમ્માએ ઘાવ ઉપર વનસ્પતિનો રસ લગાવી, શણના કાપડના પાટા બાંધ્યા. તેનાથી દર્દ થોડું શાંત થયું. તેની અમ્માએ મને ઈશારાથી આરામ કરવા જણાવ્યું. પાંચેક મિનિટમાં હું ફરી ઊંઘી ગયો. જ્યારે જાગ્યો ત્યારે સામે બીજા ખાટલામાં બે આદમીઓ બેઠા હતા અને છોકરી અને તેની અમ્મા ઊભા હતા. એક આદમીએ તૂટીફૂટી હિંદી ભાષામાં મને સમજાવ્યું કે- 'આ સ્થળ બાંગલાદેશના એક નાના ટાપુ પર આવેલું છે. તમો તણાઈ આવી, કિનારે બેભાન હાલતમાં પડ્યા હતા. તેથી અમો ઊંચકીને અહીં લાવ્યા હતા. તમે કોણ છો? અને ક્યાંના રહેવાસી છો ?' મેં તેઓને ટૂંકમાં સઘળી હકીકતથી વાકેફ કર્યા. તેણે કહ્યું કે 'તમારા શરીર ઉપર ઘણા ઘાવ પડ્યા છે, તે રુઝાઈ જાય અને તમો સ્વસ્થ થઈ જાઓ, ત્યાં સુધી અમારા મહેમાન છો. કોઈ જાતનો ડર રાખશો નહીં.'

આ લોકો બાંગલાદેશી મુસ્લિમ માછીમાર હતા. જો કે માનવતા અને કરૂણા વચ્ચે ધર્મ કદી આડો આવતો નથી તે બાબત તેઓના માયાળુ વર્તનથી જોવા મળી. તે છોકરી દિવસ દરમ્યાન અવારનવાર ઝૂંપડીમાં આવી, મારી સેવા કરતી રહી. બાંગલાદેશના નૌકાદળના સૈનિકો ઘણીવાર આ ટાપુ ઉપર આવતા હતા. તેથી તે સૈનિકો મને ભારતીય જાસૂસ ગણી પકડી ન જાય તે માટે આ લોકો દિવસ દરમ્યાન મને ઝૂંપડીની બહાર કિનારા તરફ જવા દેતા નહીં. આ રીતે ઘણો સમય પસાર થયો. તે લોકોની માનવતાભરી સારવારે શરીરના બધા ઘાવ રુઝાઈ ગયા. હું સંપૂર્ણ સ્વસ્થ થઈ ગયો. ત્યારે તેઓની સમક્ષ વતન પરત જવા મારી ઈચ્છા પ્રગટ કરી. તેઓએ સંમતિ આપી. પેલી છોકરી ટોપલીમાં રાખેલ મારા કપડાં,ઘડિયાળ,પાકીટ અને મેં ગળામાં પહેરેલ સોનાનો ચેઈન લાવી, મને પરત આપ્યા. પાકીટમાં ભારતીય ચલણની ઘણી નોટો હતી, પણ પાણીમાં તે પલળી ખરાબ થઈ ગયેલ. ઘર માલિકને મેં ઘડિયાળ અને છોકરીને સોનાને ચેન ભેટ આપ્યા. તેઓએ લેવા ઈન્કાર કર્યો. પરંતુ મારા અતિ આગ્રહે તેઓએ તે ભેટનો સ્વીકાર કર્યો. હું તેથી ખૂબ ખુશ થયો. સર્વેનો ખૂબ આભાર માન્યો. આપણું સરનામું આપ્યું અને ભારત આવવા આમંત્રણ આપ્યું. તેઓએ ખુશી પ્રગટ કરી. તેમજ મને જીવનદાન મળવામાં ખુદાની જ મહેરબાની/દુઆ હોવાનું જણાવ્યું. દિવસે તો સીમા વટાવી શકાય તેમ ન હોવાથી રાત્રિએ મને હોડીમાં સુવડાવી, મારી ઉપર વેલાનાં પાંદડાં વિગેરે પાથરી, બાંગલાદેશના સૈનિકોની નજરે ન ચઢી જવાય તે રીતે ગુપચુપ મને ભારતના દરિયા કિનારે ઉતાર્યો. મેં ફરી તેઓનો ખૂબ આભાર માન્યો. 'સલામત રીતે ઘરે પહોંચી જજો', તેવી શુભેચ્છા પાઠવી તેઓ વિદાય થયા.

રાત્રિનો સમય હતો. ચારેબાજુ અંધકાર છવાયો હતો તેમજ ગાઢ જંગલ હતું. તેથી આવા ભેંકાર રસ્તે વન્ય પ્રાણીઓનો ડર પણ લાગતો હતો. છતાં પરમાત્માનું સતત સ્મરણ કરતો કરતો દોડતો રહ્યો. થાકીને લોથપોથ થઈ જતાં એક જગાએ બેસી ગયો. થોડીવારમાં ઘસઘસાટ ઊંઘ આવી ગઈ. સવારે જાગ્યો ત્યારે સૂર્યનારાયણ મારી ઉપર તેનાં કોમળ કિરણો વરસાવી રહ્યા હતા. થોડે દૂર નાનકડું ગામ હોય તેવું લાગતું હતું. હું ધીમેથી ઊભો થયો. આખું શરીર દુઃખતું હતું. ચાલવાની શક્તિ રહી ન હતી. છતાં ધીમે પગલે ચાલી તે ગામ પાસે પહોંચ્યો. થાકને લીધે હવે આગળ ચાલી શકાય તેમ ન હોય, રસ્તાની એક બાજુ રહેલ એક ઊંચા પથ્થર ઉપર બેસી ગયો. થોડે દૂર એક ઓટલા ઉપર પાંચેક વ્યક્તિઓ બેઠી હતી, તેઓની નજર મારા ઉપર પડી. તેઓ આપસમાં વાતચીત કરીને મારી પાસે આવ્યા. મને ઊભો કરી, મને બાજુના એક ઘરમાં લઈ ગયા. સાદડી પર બેસાડ્યો. પાણી લાવી પીવડાવ્યું. ત્યાર બાદ 'આ ગામે કેમ આવવાનું થયું' તે બાબતે મને પૃચ્છા કરી. મેં તેઓને સઘળી વાતથી વાકેફ કર્યા. તેઓ મારી વાત જાણી દુઃખી થયા.

ગામના મુખીને બોલાવતા તે તુરંત દોડી આવ્યા. મને તેના ઘર લઈ ગયા. ત્યાં સ્નાન ઈત્યાદી પ્રાતઃ વિધિ પૂરી કરી. ચા-નાસ્તો કર્યો. થોડો આરામ કરી, વતન પરત આવવા તૈયાર થયો. તેણે મને એક દિવસ રોકાવા આગ્રહ કર્યો. પણ મેં નમ્રતાપૂર્વક તેઓની વાતનો ઈન્કાર કર્યો. મારી પાસેની ચલણી નોટો તો પલળી જવાથી ખરાબ થઈ જતાં પેલા ટાપુ ઉપર જ બાળી દીધી હતી. તેથી તેઓએ વાટખર્ચીની રકમ આપી. મેં તેઓને આપણું સરનામું આપ્યું અને ઘરે પહોંચી આ રકમ મનીઓર્ડરથી તેઓને મોકલી આપીશ, તેવું વચન આપ્યું. તેમજ તેઓનો આભાર માની, તેઓને ગુજરાત ફરવા આવવા આમંત્રણ આપ્યું. તેઓએ સહર્ષ સ્વીકાર કર્યો. તેમજ મનીઓર્ડર ન કરવા જણાવ્યું. ઘોડાગાડીમાં બેસી ત્યાંથી બે કિલોમીટર દૂર આવેલ રેલવે સ્ટેશને પહોંચ્યો. ટ્રેઈન દ્વારા કલકત્તા થઈ અત્રે સલામત પહોંચી ગયો.'

રાજેને તેની દુઃખભરી આપવીતી પૂરી કરી અને પિતા તથા પ્રીતિ તરફ જોયું તો બન્નેની આંખોમાંથી અશ્રુની ધાર વહેતી થઈ હતી. બીજી તરફ ઘરના બીજા ઓરડામાંથી બાળકના રડવાનો અવાજ આવ્યો. જાણે કે તે પણ તેના પિતાના દુઃખમાં ભાગ લેતો ન હોય !.

પ્રીતિ બાળકને બહાર તેડી લાવી અને તેને રાજેનના ખોળામાં આપ્યો. રાજેન તેના પુત્રને નિહાળી હર્ષવિભોર બની ગયો. પોતાનું સઘળું દુઃખ ભૂલી ગયો. તેનો પુત્ર પણ રાજેનની તરફ ટગર ટગર નજરે નિહાળી આછું સ્મિત આપવા લાગ્યો. આ દ્રશ્ય જોઈ રવિશંકર મહારાજનાં નયનો પુનઃ ભીના થયા. મનોમન તેઓએ પ્રભુની પ્રાર્થના કરી આભાર માન્યો. ફળિયામાં લીમડાના વૃક્ષ ઉપરથી આવતો પંખીઓનો મીઠો કલશોર અને બાળકનું આછેરું સ્મિત વાતાવરણને વધુ ને વધુ આહલાદક બનાવી રહ્યું. પ્રીતિના દિલમાં પ્રગટ થયેલ આશા જ્યોતે આજે અદકેરું પરિણામ લાવી દીધું હતું.

# વાત અરજીની... વાત લાંબી રજાની!

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com



પાલીબહેને કામ ઉપર આવતાં પહેલાં ફોન કરી મારી જન્મકુંડળી તપાસી હતી. (જાણે એ શેઠાણી અને હું નોકરાણી હોઉં એવું મને એણે તે દિવસે ફીલ કરાવેલું.)

'હેલો...'

મને ફોન ઊંચકતા જરા વાર લાગી એટલે ફોન ઉપર મારી સાસુ બોલતી હોય તેમ કુંજરાતી કુંજરાતી બોલેલી :

'દુનિયામાં જાણે તને જ કામ હોય છે અને બીજા તો જાણે નવરાં! એક ફોન લેતાં આટલી વાર કરે છે, તો જ્યારે તારા ઘરનો બેલ હું મારાં, ત્યારે તો તું એક કલાક પછી જ બારણું ખોલહે. ખરું ને?'

મેં તાડૂકીને કહ્યું, 'કોની સાથે કેમ વાત કરવી અને તે પણ પહેલ વહેલી વાર ફોન ઉપર, એની તને જાણ છે ખરી? તું જેને ફોન કરે છે, એ પાંત્રીસ વરસ સ્કૂલમાં શિક્ષિકા અને પછી આચાર્યની પોસ્ટ ઉપર ફરજ બજાવીને રિટાયર થઈ છે અને એનું નામ છે પ્રતિભા શાહ! ચાલીસ વરસની નોકરીમાં એણે કદી કામચોરી કરી નથી, અને કોઈને કરવા દીધી પણ નથી. નોકરી ઉપર ટાઇમસર પહોંચી છે અને સૌથી છેલ્લી શાળામાંથી બહાર નીકળી છે. સમજી? તું મને શું શિસ્ત શીખવવાની? શિસ્ત તો એક શિક્ષકનું ઘરેણું હોય છે! અને હા, મારી સાસુ હજી જીવતી છે. એટલે તું મારી સાસુ બનવાની હિંમત કરતી નહીં. સમજી? ચાલ, હવે જવાબ આપ. તારે શું કામ છે? કોનું કામ છે? ફોન શા માટે કર્યો? મારો નંબર તને કોણે આપ્યો? ભર બપોરે કોઈના ઘરે ફોન ન થાય, એ ન જાણતી હોય તો આજથી જાણજે. મારા સવાલના જવાબ ખૂબ વિચારીને સમય મર્યાદાની અંદર આપજે.'

'હું કામવાળી પાલી બોલું છું. ગરજ મને નથી એ પેલ્લા જાણી લે. મને તો એક છોડું, તો બીજા હજાર કામ હામેથી મળે છે. બધી હેઠાણી રોજ મને ફોન કરે છે. જેને જેવી કામવાળી જોવે, તેવી હું ઘડીના છઠ્ઠા ભાગમાં મોકલી આપું છું. આ આખો નાનપુરા એરિયા મારો ગણાય. આ એરિયામાં મારું રાજ ચાલે. હમજી?'

મેં ફોન કટ કર્યો. આવી જોડે જો વધારે વાત કરું, તો કદાચ બેહોશ થઈ જઈશ! એવો ધાક મને પાલીની તું... તાં... વાળી હુરતી ભાષાથી લાગ્યો, પણ પાલી જેનું નામ! બીજે દિવસે ઘરે આવીને ડોરબેલ વગાડી ધરાર ઘરમાં આવી, સીધી બોલવા જ માંડી :

'મેં આટલી હેઠાણી જોઈ. પણ તારા જેવી જબરી કોઈ જોઈ નથી!'

મેં એને કહ્યું, 'કાલે મેં ફોન કટ કરેલો, તે તને ખબર છે. છતાં તું આજે વગર બોલાવ્યે કેમ અહીં આવી? હું તારા જેવી વધુ પડતી બોલતી અને જેને વાત કરતાં પણ નહીં આવડે, એવાંને ઘરે કામ આપતી નથી. આ તું જે તોછડી ભાષા બોલે, એ તો હું જરા પણ નહીં ચલાવું. મારું નામ રમા છે. તો મને 'રમાબેન, તમે કેમ છો?' એવું બોલનાર કામવાળા બેનને જ હું કામે રાખું. સમજી?'

'હમજી ગેઈ. તમને રમલીની જગાએ રમાબેન કે'વાં. પછી હું છે? હાલો, હવે કામની વાતો કરો. બોલો, એક કામના હજાર પ્રમાણે આપહો, તો ત્રણ કામના ત્રણ હજારમાં કપડાં, વાહણ ને કચરા પોતાં કરીને ચાલતી થવાં. ટેમ ટુ ટેમ પગાર પેલ્લી તારીખે જ કરી દેવાનો. નહીંતર કપડાં ખંખેરીને ચાલતી થવાં. મને તો હજાર કામ મળી રેહે!' (ગરજે ગધેડાને હો બાપ કેહવો પડે! ને મેં એની તોછડાઈ હામે આંખ આડા કાન કરીને એને કામે રાખેલી, એ તો કેમ ભૂલી શકું?)

એક વરસમાં ત્રણ મહિના જેટલી રજા પાક્કી! ક્યારેક જાત્રા કરવા જાય (એક મહિનો), ક્યારેક કોઈને કોઈ હગાંનાં મરણ અને બારમા તેરમા ચાલે. (ફરી એક મહિનો...) ક્યારેક એનો વર ખાટલે પડે, તો રજાનો એક મહિનો પાક્કો. દિવાળી તો એની, હોળી તો એની, હગાં તો એને ત્યાં જ આવે! હગાંવહાલાં તો એકના એક, બે-ચાર વાર મૃત્યુ પામે અને પાછા જીવંત થાય! એક એની વેવાણને એણે ચાર વખત મારી નાખેલી,બોલો!

'આ વખતે ઉનાળા વેકેશનની તને રજા નહીં જ મળે.' એટલું મેં હિંમત એકઠી કરીને કહી દીધું, તો એણે બીજે દિવસે એના છોકરા જોડે લાંબી રજા ચિઠ્ઠી મોકલી. જે એણે એના બે ચોપડી પણ નહીં ભણેલા એવા પોયરા પાસે લખાવેલી.

'તમે એકવાર કીધેલું કે અમારે રજા જોઈતી હોય તો સ્કૂલમાં પહેલાં રજા ચિઠ્ઠી (અરજી) લખીને મોકલવી પડે. પછી સાહેબ રજા મંજૂર કરે, તો જ રજા મળે. તો મેં પણ અરજી મોકલું છું. બે ચોપડીમાં ચાર વાર નાપાસ થયેલા રઘલા પાહે અરજી કરાવી છે. મારે ઉનાળાના તડકામાં કામ થવાનું નથી. એટલે કોઈ બરફવાળી જગાએ (ફિલમમાં બતાવે છે એવી) જવું છે. તો આ વરહે ઉનાળામાં દહ હજાર ઉપાડ અને એક મહિનાની રજા મંજૂર કરી દેવા અરજ. તમે તો જાણો જ છો કે તમે ના કેહો, તો પણ હું રજા તો લેવાની જ છું. આ તો હમજીને રજા આપો, તો તાજીમાજી થઈને આવું અને તમારું કામ બરાબર કરી હકું... ને પૈહા તો હાથનો મેલ! આજે છે, ને કાલે નથી... તો હમજીને પૈહા રઘલા હાથે મોકલજો. જેથી ટિકિટ કપાવાનું ખબર પડે. આ તો તમે કીધેલું કે અરજી કરે તો જ રજા મળે! એટલે મેં અરજી મોકલી છે. મીનાભાભીને જમણે રહે છે, એ માયાબેને તો દહ દહ હજાર મોકલાવી હો દીધા છે. તમારી પાલી તમારી હાથે રેતાં રેતાં અરજી કરતાં હો હીખી ગઈ અને હિસાબ હો હીખી ગઈ...! હાલો ત્યારે, તમે હો ઉનાળામાં જાતે કામ ની કરવું હોય, તો મારી જેમ બરફવાળા પહાડ પર જતાં રે'જો...

તમારી પાલીના પાયલાગણ.'

ઊતરેલું મોઢું લઈ માયાબેન પ્રવેશ્યાં ને હું હમજી ગઈ કે ખિસ્સું તો ખાલી થવાનું જ છે એ વાત નક્કી! ■

# સમર કૂલ, વાઈટ એન્ડ વાઈટ

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

વાઈટ એન્ડ વાઈટ એ ખૂબ જ કલાસિક કોમ્બિનેશન છે. ક્લાસિક કોમ્બિનેશ એટલે કે, જે કોમ્બિનેશન ક્યારેય પણ આઉટ ઓફ ફેશન થતું નથી. અથવા આ તો એમ કહી શકાય કે વાઈટ ઇઝ ફોર ક્લાસ નોટ ફોર માસ. ઘણી મહિલાઓ વાઈટ એન્ડ વાઈટ કોમ્બિનેશનને એક ક્લાસી વેર તરીકે પહેરે છે તો અમુક મહિલાઓ વાઈટ કોમ્બિનેશનને સોગિયું ગણે છે. વાઈટ ડ્રેસ માત્ર અમુક ઇવેન્ટ સુધી જ પૂરતો નથી રહ્યો પરંતુ તમારે જો એક ચોક્કસ ઈમપ્રેશન પાડવી હોય તો વાઈટ કલર એ એક પરફેક્ટ ઓપશન છે, વાઈટ કલર માત્ર એક સિમ્પલ કુર્તા પૂરતો સીમિત નથી રહ્યો પરંતુ વાઈટ કલરમાં જે ગારમેન્ટ બને છે તે ક્યારેક બીજા કલરમાં સારા પણ નથી લાગતા.વાઈટ કલર એ સૌમ્યતાનો કલર છે જે પહેરવાથી સૌમ્ય તો લાગે જ છે પરંતુ સામે જોવામાં પણ આંખને ઠંડક આપે છે. ચાલો જાણીયે વાઈટ કલરના આઉટફિટ કઈ રીતે પહેરી શકાય અને કઈ કાળજી રાખવી જોઈએ. કેઝ્યુઅલઃ વાઈટ કલરના કુર્તા કેઝ્યુઅલી પહેરવા માટે એક બેસ્ટ ઓપશન છે .વાઈટ કલરના ફેબ્રિકમાં પુષ્કળ વેરાઈટી આવે છે. તમે તમારી ચોઈસ મુજબ વાઈટ ફેબ્રિકની પસંદગી કરી શકો.વાઈટ કલરના કુર્તા ડેનિમ સાથે પહેરી શકાય. એટલે કે એન્કલ લેન્થનું ડેનિમ હોય અને તેની સાથે વાઈટ કલરનો કુર્તો એક સ્માર્ટ લુક આપશે. જો તમારું શરીર સુડોળ હોય તો તમે એન્કલ લેન્થના ડેનિમ સાથે ની લેન્થનો કુર્તો પહેરી શકો.અથવા તો એન્કલ લેન્થના ડેનિમ સાથે કાફ લેન્થનો ચિકનકારીનો કુર્તો પેહરી શકાય.જો તમને ડેનિમ ન પહેરવું હોય તો, તમે જેગિંગ સાથે પણ વાઈટ કુર્તા ટિમ અપ કરી શકો. અથવા તો, પ્રિન્ટેડ પ્લાઝો સાથે વેસ્ટ લેન્થની વાઈટ કુર્તી પહેરી શકાય.

ઇન્ડિયન વેરઃ ઈન્ડિયન વેર માટે વાઈટ કુર્તામાં ઘણી વેરાઈટી આવે છે. જેમકે, સ્ટ્રેટ ફિટ, એ- લાઈન, કલીદાર યોક વાળા ડ્રેસ વગેરે. ઇન્ડિયન વેર માટે કુર્તા સાથે બોટમમાં લેગિંગ્સ, પેન્ટ કે પ્લાઝો તમારી બોડી ટાઈપ પ્રમાણે પહેરી શકો. એ જ રીતે કુર્તાની પસંદગી પણ તમારા બોડી ટાઈપ પ્રમાણે થવી જોઈએ જેમકે,જો તમારા કમર અને પેટનો ભાગ વધારે હોય તો તમારે યોક વાળા ડ્રેસ પહેરવાનું ટાળવું જોઈએ. તેની બદલે તમે એ લાઈન ડ્રેસ પહેરી શકો. અથવા ઍ-લાઈન કે કળી વાળા ડ્રેસ પહેરી શકાય. અને કુર્તાની લેન્થ લાંબી રાખવી જેથી ઓવર ઓલ લુક બલ્કિ ન લાગે. વાઈટ કલરમાં કલીદાર ડ્રેસ ખૂબ જ ગ્રેસફુલ લાગે છે. જો તમે પોતાની રીતે વાઈટ કલરનો ડ્રેસ બનાવવા માગતા હોવ તો, તમે વાઈટ કલરમાં જ ફેબ્રિકનું વેરિએશન આપી શકો. અથવા તો, વાઈટ કલરના ડ્રેસમાં જ વાઈટ કલરની કોટન લેસ એક અટ્રેક્ટિવ લુક આપે છે. વાઈટ કલરના ડ્રેસમાં કંઈ વધારે પડતી પેટર્નની જરૂર નથી હોતી માત્ર સ્ટાઇલિંગ જ ડ્રેસને એક ક્લાસી લુક આપે છે. વાઈટ કલરમાં જે પ્રિન્ટેડ ફેબ્રિક આવે છે તેમાંથી ટોપ અને બોટમ સેમ કોમ્બિનેશનમાં પણ ડ્રેસ પહેરી શકાય.વાઈટ ફેબ્રિક પર જે પ્રિન્ટ આવે છે તેની પસંદગી તમારા બોડી ટાઈપ મુજબ કરી શકાય.



વેસ્ટર્ન વેરઃ વેસ્ટર્ન વેર માટે વાઈટ ડ્રેસમાં પેટર્નની સાથે ફેબ્રિકના પણ ઘણા ઓપશન અવેલેબલ હોય છે. જેમકે ઘણી યંગ યુવતીઓ વાઈટ ડેનિમ પહેરવાનું પસંદ કરે છે. વાઈટ ડેનિમ ચોક્કસ પ્રકારની પર્સનાલિટીને જ શોભે છે. વાઈટ ડેનિમ કયા પ્રકારનું પહેર્યું છે તે ખૂબ જ મેટર કરે છે જેમકે,નેરો ફિટ,સ્ટ્રેટ ફિટ,ફલેરી ડેનિમ કે પછી બેલ બોટમ ડેનિમ. ડેનિમની સ્ટાઇલ તમારા બોડી ટાઈપ અને હાઈટ વાઇસ સિલેક્ટ કરી શકાય.અથવા તો બ્લુ ડેનિમ સાથે વાઈટ કલરના ફ્લોઈ ફેબ્રિકના ટોપ્સ એક પરફેક્ટ લુક આપી શકે.

વાઈટ એન્ડ વેઇટમાં કોર્ડ સેટ ખૂબ જ સુંદર લુક આપે છે. વાઈટ કલરમાં લીનનના કોર્ડ સેટ એક આગવી છાપ ઊભી કરે છે. જો તમને લીનનના ડ્રેસ ન પહેરવા હોય તો તમે પ્યોર ચીફોન અથવા રેયોનના કોર્ડ સેટ પહેરી શકો કે જેની પર લાઈટ એમ્બ્રોડરી હોય કે પછી લાઈટ અથવા ડાર્ક કલરની પ્રિન્ટ હોય તેવા ડ્રેસ પહેરી શકો. અથવા તો જો તમારે કઈ ટ્રેન્ડી પહેરવું હોય તો, વાઈટ સ્કર્ટ સાથે ક્રોપ ટોપ પહેરી એક ટ્રેન્ડી લુક આપી શકાય. વાઈટ સ્કર્ટ કઈ લેન્થનું લેવું તે તમારી પર્સનલ ચોઈસ અને હાઇટ પર આધાર રાખે છે. કોઈ પણ વાઈટ ગાર્મેન્ટમાં જેટલી ઓછી ડિઝાઇન હશે તેટલી જ એલિગન્સી વધારે લાગે. ■




# પંજાબ કિંગ્સના ગ્લેન મેક્સવેલને ફટકાર્યો દંડ

## ▶ આચાર સંહિતાના ભંગ બદલ મળ્યો એક ડિમેરિટ પોઈન્ટ

મુલ્લાંપુરઃ પંજાબ કિંગ્સના ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલ પર ચેન્નઈ સુપર કિંગ્સ સામેની ઈન્ડિયન પ્રીમિયર લીગની મેચ દરમિયાન આચારસંહિતાના ઉલ્લંઘન બદલ તેની મેચ ફીના ૨૫ ટકા દંડ અને એક ડિમેરિટ પોઈન્ટ આપવામાં આવ્યો છે. ૩૬ વર્ષીય મેક્સવેલે કલમ ૨.૨ હેઠળ લેવલ-૧ ના ગુના માટે દોષિત ઠેરવ્યો હતો. જે મેચ દરમિયાન સાધનોને નુકસાન પહોંચાડવા સાથે સંબંધિત છે.

બીસીસીઆઈએ એક ઇમેઇલમાં જણાવ્યું હતું કે, ''પંજાબ કિંગ્સના ઓલરાઉન્ડર મેક્સવેલ પર ચેન્નઈ સુપર કિંગ્સ સામેની ન્યૂ પીસીએ સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચ દરમિયાન આઈપીએલ આચારસંહિતાનો ભંગ કરવાના કારણે મેચ ફીના ૨૫ ટકા દંડ ફટકારવામાં આવ્યો છે.'' આ ઉપરાંત તેના પર એક ડિમેરિટ પોઈન્ટ પણ લાદવામાં આવ્યો છે.

તેમાં કહેવામાં આવ્યું છે કે, ''ગ્લેન મેક્સવેલે ગુનો અને મેચ રેફરી દ્વારા લાદવામાં આવેલી સજા સ્વીકારી છે. લેવલ ૧ ના ગુનાના કિસ્સામાં મેચ રેફરીનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.'' ફોર્મ માટે સંઘર્ષ કરી રહેલા મેક્સવેલે બીજા બોલ પર ચેન્નઈના સ્પિનર રવિચંદ્રન અશ્વિનને રિટર્ન કેચ આપ્યો હતો. જોકે પંજાબે આ મેચ ૧૮ રનથી જીતી લીધી હતી. ■

# ફોર્મમાં રહેલા બેંગલૂરુ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે ટક્કર, કોહલી અને સ્ટાર્ક સામસામે ટકરાશે

બેંગલૂરુઃ ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫માં ફોર્મમાં ચાલી રહેલી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે અને તમામની નજર વિરાટ કોહલી અને મિશેલ સ્ટાર્ક વચ્ચેની ટક્કર પર રહેશે. દિલ્હીએ અત્યાર સુધીની ત્રણેય મેચ જીતી છે જ્યારે આરસીબીએ ચારમાંથી ત્રણ મેચ જીતી છે. બંને ટીમો પોતાની જાતને પરિસ્થિતિ અને વિરોધી ટીમને અનુકૂળ ઢળવામાં સફળ રહી છે.

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ કોલકાતા, ચેન્નઈ અને મુંબઈમાં જીત મેળવી હતી જ્યારે ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઇટન્સ સામે તેમની એકમાત્ર હાર થઈ હતી. જોકે, હારનું કારણ ટીમની કોઈ ખામી નહોતી પરંતુ ચિન્નાસ્વામી સ્ટેડિયમની પિચે તેમને આશ્ચર્યચકિત કરી હતી. બીજી તરફ, વિશાખાપટ્ટનમ અને ચેન્નઈ જેવી વિવિધ પિચો પર જીત નોંધાવનાર દિલ્હી સામે આરસીબીએ સાવધ રહેવું પડશે. જો કે વિરાટના ફોર્મમાં આવવાથી યજમાન ટીમનું મનોબળ ઊંચુ છે.

જો કે, ૩૬ વર્ષીય વિરાટે ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર મિશેલ સ્ટાર્ક અને સ્પિનર કુલદીપ યાદવને માત આપવી પડશે. કોહલીએ ટી-૨૦ ક્રિકેટમાં સ્ટાર્ક સામે ૩૧ બોલમાં ૭૨ રન ફટકાર્યા છે પરંતુ આ સીઝનમાં સ્ટાર્કે ત્રણ મેચમાં ૧૧ની એવરેજથી નવ વિકેટ ઝડપી છે. પાવરપ્લેમાં સ્ટાર્ક અને કોહલી વચ્ચેની ટક્કર પર ઘણું નિર્ભર રહેશે.

આ પછી તેનો મુકાબલો કુલદીપ સાથે થશે જેણે છના ઈકોનોમી રેટથી છ વિકેટ ઝડપી છે. જો કે, કોહલીએ ટી-૨૦ ક્રિકેટમાં સ્પિનરો સામે ઊંચા અને સ્વીપ શોટ રમવાની તેની નબળાઈને દૂર કરી છે અને તે ખૂબ જ સારું પ્રદર્શન કરી રહ્યો છે. આનાથી તેને ધીમા બોલરો સામે મુક્તપણે રમવામાં મદદ મળી રહી છે. જો કે, કુલદીપ કોઈપણ બેટ્સમેનને પરેશાન કરી શકે છે.

બેંગલુરુનો કેપ્ટન રજત પાટીદાર પણ ફોર્મમાં છે અને સ્પિનરોને રમવામાં માહિર છે. આવી સ્થિતિમાં દિલ્હી કેપિટલ્સ ડાબોડી સ્પિનર અક્ષર પટેલ પાસેથી વધુ અસરકારક ભૂમિકાની અપેક્ષા રાખશે. કેપ્ટન અક્ષરે અત્યાર સુધી ત્રણ મેચમાં આઠ ઓવર ફેંકી છે, પરંતુ તે એક પણ વિકેટ લઈ શક્યો નથી. જોશ હેઝલવુડ અને ભુવનેશ્વર કુમાર પાવરપ્લેમાં અસરકારક રહ્યા છે. તેણે દિલ્હીના અનુભવી બેટ્સમેન કેએલ રાહુલ પર લગામ લગાવવી પડશે, જે અહીંની પરિસ્થિતિથી સારી રીતે વાકેફ છે. હવે લાંબા સમય સુધી રહેવાને બદલે રાહુલ ખૂબ જ આક્રમક બનવાના ઈરાદા સાથે રમી રહ્યો છે અને તે ઘણો ખતરનાક સાબિત થઈ રહ્યો છે. ચેન્નઈ સામેની છેલ્લી મેચ ન રમી શકનાર ફાફ ડુ પ્લેસિસની ફિટનેસ પર પણ દિલ્હીની નજર રહેશે. ■

# ગુજરાતે રાજસ્થાનને ૫૮ રનથી હરાવ્યું, પ્રસિદ્ધ કૃષ્ણાની ત્રણ વિકેટ

અમદાવાદઃ ઈન્ડિયન પ્રિમિયર લીગ ૨૦૨૫ની અમદાવાદ ખાતે રમાયેલી ૨૩મી મેચમાં ગુજરાત ટાઇટન્સે રાજસ્થાન રોયલ્સને ૫૮ રને હરાવ્યું હતું. આ સીઝનમાં ગુજરાતનો આ ચોથો વિજય છે. આ સાથે શુભમન ગિલની ટીમ હવે પોઈન્ટ ટેબલમાં પ્રથમ સ્થાને પહોંચી ગઈ છે. ગુજરાત ટાઇટન્સે પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૨૧૭ રન કર્યા હતા. જવાબમાં રાજસ્થાનની ટીમ ફક્ત ૧૫૯ રનમાં ઓલઆઉટ થઇ ગઇ હતી. ગુજરાત તરફથી પ્રસિદ્ધ કૃષ્ણાએ ૩ વિકેટ ઝડપી હતી. રાશિદ ખાન અને સાઈ કિશોરને બે-બે સફળતા મળી હતી. સાઈ સુદર્શનની ૮૨ રનની વિસ્ફોટક ઈનિંગના કારણે ઈન્ડિયન પ્રિમિયર લીગ ૨૦૨૫ની મેચમાં ગુજરાત ટાઈટન્સે રાજસ્થાનને ૨૧૮ રનનો ટાર્ગેટ આપ્યો હતો. ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ગુજરાતની ટીમે ૨૦ ઓવરમાં છ વિકેટ ગુમાવીને ૨૧૭ રન કર્યા હતા. રાજસ્થાન તરફથી તુષાર દેશપાંડે અને મહેશ તિક્ષણાએ બે-બે વિકેટ ઝડપી હતી. દરમિયાન જોફ્રા આર્ચર અને સંદીપ શર્માને એક-એક વિકેટ મળી હતી.

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં સાઈ સુદર્શન ગુજરાત ટાઇટન્સ તરફથી સૌથી સફળ બેટ્સમેન રહ્યો હતો. તેણે ૮૨ રનની ઇનિંગ રમી અને પોતાની ટીમને વિશાળ સ્કોર સુધી પહોંચાડી હતી. શુભમન ગિલ ફક્ત ૨ રનના સ્કોર પર જોફ્રા આર્ચરની ઓવરમાં ક્લીન બોલ્ડ થયો હતો. ત્યારબાદ સાઈ સુદર્શન અને જોસ બટલર વચ્ચે ૮૦ રનની ભાગીદારી થઈ હતી. બટલરે ૨૬ બોલમાં ૩૬ રનની ઇનિંગ રમી હતી. બટલરના આઉટ થયા પછી શાહરૂખ ખાને બાજી સંભાળી અને ૨૦ બોલમાં ૩૬ રનની તોફાની ઇનિંગ રમી અને સાઈ સુદર્શન સાથે ૬૨ રનની ભાગીદારી કરી હતી. ■

# શૂટિંગ વર્લ્ડ કપમાં વિજયવીરે ભારતને અપાવ્યો ચોથો ગોલ્ડ મેડલ

બ્યૂનસ આયર્સઃ પેરિસ ઓલિમ્પિકમાં રમી ચૂકેલા ભારતીય શૂટર વિજયવીર સિદ્ધુએ બુધવારે અહીં પુરુષોની ૨૫ મીટર રેપિડ-ફાયર પિસ્તોલ ઇવેન્ટમાં ટોચનું સ્થાન મેળવીને આઇએસએસએફ વર્લ્ડ કપમાં ભારતને ચોથો ગોલ્ડ મેડલ અપાવ્યો હતો. વિજયવીરે રોમાંચક ફાઇનલમાં ૨૯ પોઈન્ટ હાંસલ કર્યા હતા. તેણે ઈટાલીના અનુભવી ખેલાડી રિકાર્ડો માઝેટીને પાછળ છોડી દીધો હતો. માઝેટી પાંચ રેપિડ-ફાયરની આઠ સીરિઝ બાદ એક પોઇન્ટથી ચૂકી ગયો હતો. ચીનના ૧૯ વર્ષીય શૂટર યાંગ યુહાઓએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

વિજયવીરે ગોલ્ડ મેડલ જીત્યા બાદ કહ્યું હતું કે, ''મેં ગુરપ્રીત સર, અનિશ અને અન્ય લોકો સાથે ઘણી ફાઇનલ રમી છે. આમાં રાષ્ટ્રીય, ટ્રાયલ વગેરેનો સમાવેશ થાય છે અને મેં તે બધામાં સારું પ્રદર્શન કર્યું છે.''

તેમણે કહ્યું હતું કે, ''તો આજે મેં મારી જાતને કહ્યું કે મારે એ કરવાનું છે જે મેં ત્યાં કર્યું હતું. એનો અર્થ એ કે, મારે એવું અનુભવવું પડશે કે હું અહીં પણ એવું જ પ્રદર્શન કરી શકું છું જેવું મેં દિલ્હીમાં કર્યું હતું. સૌથી મહત્ત્વની વાત એ છે કે મને પણ એવું જ લાગે છે.''

તેમણે કહ્યું, ''મારું ધ્યાન મારી પહોંચમાં રહેલી વસ્તુઓને નિયંત્રિત કરવા પર હતું. માઝેટીએ જોરદાર પવન વચ્ચે પ્રથમ ૨૦માંથી ૧૪ નિશાન લગાવીને મજબૂત શરૂઆત કરી હતી. જ્યારે વિજયવીર પ્રથમ એલિમિનેશન તબક્કામાં એક પોઈન્ટ પાછળ રહ્યો હતો.

ભારતીય ખેલાડી માટે પ્રથમ સીરિઝ મુશ્કેલ રહી હતી. તેણે તેમાંથી ફક્ત એક જ સચોટ નિશાન સાધ્યું. ત્યારબાદ તેણે સેન્ટરની નજીક ત્રણ શોટ માર્યા અને પાંચમી સીરિઝમાં સચોટ નિશાન લગાવીને લીડ મેળવી હતી. છઠ્ઠી સીરિઝમાં વિજયવીરે ઇટાલિયન ખેલાડીની બરાબરી કરી હતી. આ સાથે બંને ખેલાડીઓના મેડલ કન્ફર્મ કર્યા હતા. વિજયવીર અને માઝેટીએ સાતમા તબક્કામાં પણ સમાન લક્ષ્યો હાંસલ કર્યા હતાં. આઠમી અને અંતિમ સીરિઝમાં માઝેટીએ ત્રણ યોગ્ય નિશાન લગાવ્યા હતા. જ્યારે વિજયવીરે ચાર નિશાન લગાવીને આઇએસએસએફ વર્લ્ડ કપમાં પોતાનો પહેલો મેડલ મેળવ્યો હતો. મંગળવારે સુરુચિ ઈન્દર સિંહે મહિલાઓની ૧૦ મીટર એર પિસ્તોલ ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. ભારત પાસે હવે ચાર ગોલ્ડ સહિત છ મેડલ છે. ■

# ડેવોન આઈપીએલમાં રિટાયર આઉટ થનાર બીજો બેટ્સમેન બન્યો

મુલ્લાંપુરઃ ચેન્નઈ સુપર કિંગ્સના બેટ્સમેન ડેવોન કોનવે ઈન્ડિયન પ્રિમિયર લીગ ૨૦૨૫ની સીઝનમાં રિટાયર આઉટ થનાર બીજો બેટ્સમેન બન્યો હતો. આ અગાઉ મુંબઈ ઈન્ડિયન્સના તિલક વર્મા પણ રિટાયર આઉટ થયો હતો. જોકે, આ નિર્ણય ચેન્નઇ માટે ફાયદાકારક રહ્યો નહોતો કારણ કે તેને પંજાબ કિંગ્સ સામે હારનો સામનો કરવો પડ્યો હતો. પંજાબે ચેન્નઇ માટે ૨૨૦ રનનો લક્ષ્યાંક આપ્યો હતો.

લક્ષ્યનો પીછો કરતા કોનવેએ ચેન્નઇ માટે ૧૮મી ઓવર સુધી બેટિંગ કરી અને ૪૯ બોલમાં ૬૯ રન કર્યા હતા. જેમાં છ ચોગ્ગા અને બે છગ્ગાનો સમાવેશ થાય છે. ■

# પટૌડી ટ્રોફીને રદ કરવાનો નિર્ણયઃ સોહા અલી ખાન નારાજ, સુનીલ ગાવસકર પણ ક્રોધિત

મુંબઈઃ દાયકાઓથી ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે રમાતી ટેસ્ટ સિરીઝ 'પટૌડી ટ્રોફી' તરીકે ઓળખાય છે અને જે દેશ એ શ્રેણી જીતે એની ટીમને આ ટ્રોફી ઇનામમાં આપવામાં આવે છે. હવે વાત કેમ છે કે ઇંગ્લેન્ડનું ક્રિકેટ બોર્ડ 'પટૌડી ટ્રોફી'ને રિટાયર કરી દેવા માગે છે.

ભારતના મહાન કેપ્ટન મનસૂર અલી ખાન પટૌડીની પુત્રી સોહા અલી ખાન આ નિર્ણયથી નારાજ છે. ખાસ કરીને ભારતના બેટિંગ-લેજન્ડ સુનીલ ગાવસકરે પણ ઇંગ્લિશ ક્રિકેટ બોર્ડના નિર્ણય બદલ ગુસ્સો વ્યક્ત કર્યો છે. પટૌડી અને અભિનેત્રી શર્મિલા ટાગોરની દીકરી સોહા અલી ખાને એક ઇન્ટરવ્યૂમાં કહ્યું છે કે 'મારા પિતાની સ્મૃતિમાં શરૂ કરવામાં આવેલી ટ્રોફીની વિરાસતને આ રીતે રદ કરવામાં આવે એ ખૂબ આઘાતજનક બાબત કહેવાય. ભારતીય ક્રિકેટને મારા પિતાએ જે અમૂલ્ય યોગદાન આપ્યું હતું એના સન્માનમાં આ પ્રતિષ્ઠિત ટ્રોફીની પરંપરા શરૂ કરવામાં આવી હતી.'

એક અહેવાલ મુજબ સોહા અલીખાને બીસીસીઆઈ પ્રત્યે પણ નારાજગી વ્યક્ત કરી છે. શર્મિલા ટાગોર પણ તેમના સદગત પતિના નામની ટ્રોફીને રદ કરવાના નિર્ણયની વિરુદ્ધમાં છે. એ અહેવાલ મુજબ ઇંગ્લેન્ડ નું ક્રિકેટ બોર્ડ પટૌડી ટ્રોફીને વર્તમાન ક્રિકેટના કોઈ લેજન્ડનું આ ટ્રોફીને નામ આપવા માગે છે. જોકે મહાન ખેલાડી સુનીલ ગાવસકરે એક મુલાકાતમાં ભારતીય ક્રિકેટરોને સલાહ આપી છે કે 'મને લાગે છે કે આ નિર્ણય માત્ર ઇંગ્લેન્ડના ક્રિકેટ બોર્ડનો છે અને બીસીસીઆઈને વાકેફ કરવામાં આવ્યું છે. ઇંગ્લેન્ડના ક્રિકેટ બોર્ડને નામમાં ફેરફાર કરવાનો અધિકાર છે. જોકે ભારતીય ક્રિકેટરોને મારી સલાહ છે કે જો તમારામાંથી કોઈ ખેલાડીનું આપણું સૂચન લઈને ઇંગ્લેન્ડનું ક્રિકેટ બોર્ડ તમારી પાસે આવે તો તમે વિનમ્રતાથી ના પાડી દેજો. આ તો એવું થશે કે તમારા ગયા પછી ટ્રોફી પરથી તમારું નામ પણ દૂર કરી નાખવામાં આવશે.' ■

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| सांगणे | જાગરૂક |
| सांगता | ઢોળવું |
| सांडणे | કહેવું |
| सावली | સમાપ્તિ |
| सावध | છાંયડો |

## ઓળખાણ પડી?

મુખ્યત્વે નોર્થ અમેરિકામાં જોવા મળતા અને બુદ્ધિશાળી પ્રાણી તરીકે જાણીતા પ્રાણીની ઓળખાણ પડી? આંખો પાસે કાળી રૂવાટી હોય છે.



અ) Skunk બ) Primate ક) Glider ડ) Racoon

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વા | લ્મિ | ૨ કી | | ૩ પ | રા | ૪ શ | ર | | ૪-અ લા |
| ર | | ૫ વિ | ૬ કૃ | ત | | કુ | | ૭ આ | પ |
| સો | | | ષ્ણ | | ૮ અ | નિ | ૯ વા | ર્ય | તા |
| | ૧૦ દ્વૈ | તા | દ્વૈ | ૧૧ ત | | | ૧૨ ન | ભ | |
| ૧૩ વ | તી | | ૧૪ પા | ર | | ૧૫ અ | | દૃ | |
| રા | | ૧૬ પ | ચ | | ૧૭ મૈ | ત્રે | યી | | ૧૭-અ ભા |
| ૧૮ હ | ૧૯ ર | ફ | ન | ૨૦ મૌ | લા | | | ૨૧ અ | રે |
| ૨૨ મિ | ગ | | ૨૩ વ્યા | ન | | ૨૪ કો | પ | રું | |
| હિ | | ૨૫ ર | સ | વા | ૨૬ હિ | ની | | ૨૬-અ ધ | ૨૬-બ જા |
| ૨૭ ર | સો | ડું | | ૨૮ ર | ત | | ૨૯ અ | તી | ત |

## શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | ૫ | ૬ | | ૭ |
| | | ૮ | | ૯ | | | | | |
| ૧૦ | ૧૦અ | | ૧૧ | | | | | ૧૨ | |
| ૧૩ | | | ૧૪ | | | ૧૫ | | | |
| | | ૧૬ | | | | | | ૧૭ | |
| ૧૮ | ૧૯ | | | | ૨૦ | | ૨૧ | | ૨૨ |
| | ૨૩ | | | | ૨૪ | | | | |
| ૨૫ | | | | ૨૬ | | ૨૭ | | ૨૮ | |
| | | | | ૨૯ | ૩૦ | | | | |
| ૩૧ | | | ૩૨ | | | | | | |

### આડી ચાવી

૧. આઠેય અંગ વાંકાં હતા એવા ઋષિ (૪)
૪. અજમાવી જોવું તે (૫)
૮. પ્રિય વ્યક્તિના ---નો ખ્યાલ રાખવો પડે (૨,૪)
૧૦. અભિમાન (૨)
૧૧. નવું (જો. છૂ.) (૨)
૧૨. --- ખાવી એટલે ઠોકર વાગવી (૨)
૧૩. ખજાનો (૨)
૧૪. માર, સાલમનો પાક (૫)
૧૬. એક રોગ (૩)
૧૮. કબર, મકબરો (૩)
૨૦. પદવી આપવાનો સમારંભ (૫)
૨૩. ઝીણા ચોખા (૨)
૨૪. જોનાર (૩)
૨૫. ક્ષયમાં ---માં લોહી નીકળે (૩)
૨૭. કળિયુગનો સમય (૪) (જો. છૂ.)
૨૯. હવે પણ, અત્યાર લગી (૨)
૩૧. ભૂલ, ખામી (૨)
૩૨. ઉડાઉ કે અતિ ખર્ચાળ માણસ (૭)

### ઊભી ચાવી

૧. ભૂત અને ભવિષ્ય, વેદ અને શાસ્ત્ર (૩,૩)
૨. ઓળખાણ, લાગવગ (૨)
૩. નંબર પ્રમાણે (૫)
૪. અડગ, અચળ (૪)
૫. દુનિયા, વિશ્વ (૨)
૬. ---નું ઘર કેટલે? દીવો બળે એટલે (૨)
૭. બદમાશ, તોફાની (૪)
૯. એક જાતનું રેશમી કાપડ (૪)
૧૦.અ દહીં (સં.) (૨)
૧૫. આરપાર જોઈ શકાય તેવું (૫)
૧૬. હરણની છલાંગ, ઝડપી વિકાસ (૫)
૧૭. હંમેશાં (૨)
૧૯. શબનમ (૩)
૨૦. હોદ્દો (૨)
૨૧. અઠવાડિક (અં.) (૩)
૨૨. અનુકરણ, કોપી (૩)
૨૫. ઝરૂખો, બાલ્કની (૩)
૨૬. જખમી, હણાયેલું, વગાડેલું (૩)
૨૮. લેને તારી લાકડી, લેને તારી --- (૩) (જો.છૂ.)
૩૦. ઈ.સ.નો છઠ્ઠો મહિનો (૨)

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતો સંબંધ ઓળખી કાઢો. પુરુષના સસરાના એકમાત્ર જમાઈના દાદાની એકમાત્ર પુત્રવધૂનો સગો ભાઈ સગપણમાં એ પુરુષનો શું થાય એ દિમાગ દોડાવો અને જણાવો જોઉં.

અ) ભાણેજ બ) મામા ક) જેઠ ડ) માસા

## જાણવા જેવું

વિશ્વમાં ટૂંકા નામની અને લાંબા નામની બોલબાલા છે. ફ્રાંસમાં 'ઈ' નામનું ગામ છે. પ્રશાંત મહાસાગરમાં કેરોલિન બેટ પર 'ઉ' નામનું ગામ આવેલું છે. જાપાનમાં 'ઓ' નામનું ગામ છે. સ્વિડન, નોર્વે અને ડેનમાર્કમાં 'ઑ' નામનાં ગામ છે. થાઈલેન્ડની રાજધાની બેન્કોકનું મૂળ નામ ૨૧ શબ્દનું છે અને સૌથી લાંબા નામવાળા શહેરની ખ્યાતિ ધરાવે છે.

## સુડોકુ-૮૦૫૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | | ૭ | | | | |
| ૫ | | ૭ | ૬ | | ૪ | | | |
| | ૨ | | | | ૯ | ૮ | ૭ | ૪ |
| ૩ | ૬ | | | | | | | |
| | | ૪ | ૧ | ૬ | | | | |
| | | | | | | | ૯ | ૨ |
| ૯ | ૧ | | ૭ | ૪ | | | ૩ | |
| | | | ૯ | | ૧ | ૭ | | ૮ |
| | | | | ૨ | | | ૧ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૫૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૩ | ૫ | ૪ | ૯ | ૬ | ૧ | ૮ | ૨ |
| ૯ | ૧ | ૪ | ૨ | ૭ | ૮ | ૩ | ૬ | ૫ |
| ૬ | ૮ | ૨ | ૧ | ૩ | ૫ | ૪ | ૯ | ૭ |
| ૧ | ૬ | ૮ | ૫ | ૪ | ૭ | ૨ | ૩ | ૯ |
| ૩ | ૫ | ૯ | ૮ | ૬ | ૨ | ૭ | ૪ | ૧ |
| ૪ | ૨ | ૭ | ૩ | ૧ | ૯ | ૬ | ૫ | ૮ |
| ૫ | ૪ | ૩ | ૯ | ૨ | ૧ | ૮ | ૭ | ૬ |
| ૮ | ૭ | ૧ | ૬ | ૫ | ૪ | ૯ | ૨ | ૩ |
| ૨ | ૯ | ૬ | ૭ | ૮ | ૩ | ૫ | ૧ | ૪ |

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં જંગલનો સમાનાર્થી શબ્દ સંતાઈને બેઠો છે એ શોધી કાઢો જોઉં.
ઉદ્યમ કરવાથી જીવન ધૂળમાં ન મળે.

## નોંધી રાખો

દુનિયા જ્યારે આપણને જોરથી કહેતી હોય કે હાર માની લો ત્યારે આશા આપણા કાનમાં કહેતી હોય છે કે હજી એક વાર કોશિશ કરી જુઓ.

## માઈન્ડ ગેમ

રૂઢિચુસ્ત ઈરાનમાં ફૂટબોલ સૌથી વધુ લોકપ્રિય રમત છે, પણ કયો ખેલ ઈરાનના રાષ્ટ્રીય ખેલ તરીકે ઓળખાય છે એ કહી શકશો?

અ) કબડ્ડી ૨) કુસ્તી ૩) એથ્લેટીક્સ ૪) હોકી

## ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ढग | વાદળ |
| ढका | નુકસાન |
| ढसाळ | ઉડાઉ |
| ढीग | ઢગલો |
| ढापणे | ઝૂંટવી લેવું |

ઓળખાણ પડી? — કરેણ

માઈન્ડ ગેમ — કેનેડા

ચતુર આપો જવાબ માથું ખંજવાળો — ગરમી

ગુજરાત મોરી મોરી રે — પિતા

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડો. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) ધીરેન ઉદેશી (૪) ગીતા ઉદેશી (૫) પ્રતિમા પમાણી (૬) નીતા દેસાઈ (૭) તાહેર ઔરંગાબાદવાલા (૮) શીરીન ઔરંગાબાદવાલા (૯) વિભા મહેશ્વરીપ (૧૦) હર્ષા મહેતા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) મહેશ દોશી (૧૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૧૫) નુતન વિપીન (૧૬) પુષ્પા પટેલ (૧૭) ભારતી બુચ (૧૮) મુલરાજ કપૂર (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) લજિતા ખોના (૨૨) પ્રવીણ વોરા (૨૩) મહેન્દ્ર લોઢાવિયા (૨૪) પુષ્પા ખોના (૨૫) જ્યોતિ ખાંડવાલા (૨૬) મનીષા શેઠ (૨૭) ફાલ્ગુની શેઠ (૨૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૯) ભાવના કર્વે (૩૦) સુભાષ મોમાયા (૩૧) અંજુ ટોલિયા (૩૨) વિણા સંપટ (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) રમેશ દલાલ (૩૬) હિના દલાલ (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) અલકા વાણી (૩૯) જગદીશ ઠક્કર (૪૦) નિતિન બજરિયા (૪૧) પુષ્પા ખોના (૪૨) જયવંત પદમશી ચિખલ (૪૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) અરવિંદ કામદાર (૪૬) અબ્દુલ્લા એફ. મુનીમ

# કિડાણાના ત્રણ રીઢા આરોપીના દબાણો પર પોલીસનું બુલડોઝર ફરી વળ્યું: બે બૂટલેગર પાસામાં ફીટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં વારંવાર ગુના આચરવાની ટેવ ધરાવતાં માથાભારે શખ્સો વિરુદ્ધ જુદા-જુદા પ્રકારની કાર્યવાહી ચાલી રહી છે. ગાંધીધામના કિડાણા ખાતે ત્રણ રીઢા આરોપીઓના ગેરકાયદે ચણી દેવામાં આવેલા બાંધકામોને પોલીસના બુલડોઝરે ધ્વસ્ત કરી દીધા હતા.

હત્યાના પ્રયાસ અને હુમલા સહિતના અનેક ગુનાઓના આરોપી એવા કિડાણાના વસીમ હાજી આમદ સોઢાએ યોગેશ્વર સોસાયટીમાં પોતાના ઘરની સામે જાહેર માર્ગ પાસે ગેરકાયદે બનાવેલી દુકાનો, ઘરની આગળ પાર્કિંગના હેતુથી ગેરકાયદે પતરાનો શેડ તેમજ સોસાયટીના કોમન પ્લોટ પર ગેરકાયદે દુકાનો ચણી લઈને એક હજાર ચોરસ ફૂટ જેટલા કરેલા દબાણ પર બુલડોઝર ફરી વળ્યું હતું.

જ્યારે અહીંના ઈકબાલ હાજી આમદ સોઢાએ પોતાના મકાનની બાજુમાં આવેલા ચાર સરકારી પ્લોટમાં ગેરકાયદે દીવાલ ચણીને કરેલું દબાણ તોડી પડાઈ ચાર હજાર ચોરસ ફૂટ જમીનને ખુલ્લી કરી દેવાઈ છે. આ ઈકબાલ પર મારામારી અને મિલકત સબંધી ગુનાઓ નોંધાયેલાં છે.

ત્યારબાદ પોલીસનું બુલડોઝર નજીકમાં આવેલી સેવન સ્કાય સોસાયટી પાસે આવેલા સુલતાન ગની છુછીયાના ગેરકાયદે દબાણો પર પણ ફરી વળ્યું હતું. મિલકત સંબંધી અને વ્યાજખોરીના ગુનાઓના આરોપી સુલતાને સેવન સ્કાય સોસાયટીના આગળના ભાગે ગેરકાયદેસર રીતે ૧૦ દુકાનોનું પાકું બાંધકામ કરી, અંદર સર્વિસ સ્ટેશન સહિતના દબાણોનું નિર્માણ કરીને ૧૦ દુકાનો ચણી નાખી હતી. તે હટાવીને પોલીસે એક હજાર ચોરસ ફૂટ જગ્યા ખુલ્લી કરાવી હતી. ■



રાજકોટમાં બુલડોઝર ફરી એકવાર ગેરકાયદેસર દબાણ પર ફરી વળ્યું, રેલનગરમાં આવેલા આસ્થા ચોક ખાતે ડિમોલિશન કરવામાં આવ્યું હતું. (તસવીર– પ્રવીણ સેદાણી,રાજકોટ)

# બળદિયા ગામમાં કારમાંથી ગાંજાના જથ્થા સાથે કેરાનો શખ્સ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભુજ તાલુકાના બળદિયા ગામ ખાતેથી એક મોટરકારમાંથી માદક પદાર્થ ગાંજા સાથે કેરાના ધનજી ખીમજી વેકરિયા નામના શખ્સને માનકૂવા પોલીસે દબોચી લીધો હતો. આ કાર્યવાહી અંગે માનકૂવા પોલીસ મથકના પી.આઇ.એ વિગતો આપતાં જણાવ્યું હતું કે, રાત્રે પેટ્રોલિંગ દરમ્યાન મળેલી પૂર્વ બાતમીના આધારે બળદિયા ગામના પ્રસિદ્ધ બળદેશ્વર મહાદેવ મંદિર સામેના માર્ગ પર વોચ ગોઠવીને કારને રોકવામાં આવી હતી.

વાહનની તલાશી લેવાતાં ડેશબોર્ડમાં છુપાવેલો માદક પદાર્થ ગાંજો ૬૬૫ ગ્રામ કિં. રૂ. ૬૬૫૦, રોકડા રૂ. ૩૧૦૦, ૩૦૦૦ના મૂલ્યનો મોબાઈલ ફોન તથા પાંચ લાખની કાર સહિતના મુદ્દામાલ સાથે ૫૧ વર્ષીય ધનજી ખીમજી વેકરિયા (રહે. કેરા)ની એનડીપીએસ એક્ટ તળે ધરપકડ કરી લેવામાં આવી હતી.

અટકમાં લેવામાં આવેલા આરોપીએ અંજારથી શબ્બીર નામના શખ્સ પાસેથી માદક પદાર્થ મેળવ્યો હોવાનું જણાવ્યું હતું. ધનજી વિરુદ્ધ ગઢશીશા પોલીસ મથકે ગાંજા સંબંધિત એનડીપીએસ એક્ટ તળે અગાઉ પણ ગુનો નોંધાયેલો છે. ■

# વાહન પર કસ્ટમનું બોર્ડ લગાડી મુંદરા અદાણી બંદરમાંથી વિદેશી શરાબ બહાર કાઢવાના કારસ્તાનનો પર્દાફાશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના અદાણી મુંદરા બંદરની અંદરથી કસ્ટમનું બોર્ડ લગાડીને બહાર આવેલી એક કારમાંથી ખાનગી સુરક્ષાકર્મીઓએ રૂ. ૧,૪૧,૭૯૮ના મૂલ્યના શરાબના જથ્થાને ઝડપી પાડી, અકસ્માતે આ હાઈ સિક્યોરિટી બંદરમાંથી મોંઘેરા શરાબને બહાર કાઢવાના કારસ્તાનનો પર્દાફાશ કર્યો હતો.

આ ચોંકાવનારા બનાવ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, મુંદરા અદાણી બંદરના ઇસ્ટ ગેટમાંથી સફેદ રંગની કાર બહાર આવી રહી હતી.

આ દરમ્યાન બંદરના સિક્યુરિટી અધિકારીઓએ નિયમિત ચેકિંગ દરમિયાન આ કારની તપાસ કરતાં અંદર રહેલાં શંકાસ્પદ પેકેટ તથા ખોખા ખોલતાં તેમાંથી દારૂની બોટલો અને બિયરના ટીનનો મોટો જથ્થો મળ્યો હતો.

તેઓએ તાત્કાલિક મુંદરા પોલીસને જાણ કરતાં બનાવ સ્થળે ધસી આવેલી પોલીસે શવા ઉર્ફે શિવરાજ અભુ બાતિયા (રહે. ઝરપરા ગામ મુંદરા) નામના શખ્સને અટકમાં લઇ, અંગ્રેજી શરાબની ૩૬ બોટલ તથા બિયરના ટીન નંગ-૭૨ કિં.રૂ. ૧,૪૧,૭૯૮ તથા કાર કિં. રૂ. બે લાખના મુદ્દામાલ સાથે ઝડપી ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. ■



રાજકોટમાં ગરમીનો પારો ૪૪ ડિગ્રી નોંધાયો હતો, જેથી રોડ પર અને બાઝાર સૂમસામ જોવા મળ્યા હતા. (તસવીર– પ્રવીણ સેદાણી, રાજકોટ)

# રાજ્યના ૧૬ આઈએએસ અધિકારીની બદલી, વડોદરા મનપાના કમિશનરની બદલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં બદલી અને બઢતીનો દોર ચાલી રહ્યો છે, ત્યારે ૯ એપ્રિલે ૧૬ આઈએએસની બદલીના આદેશ કરાયા હતા. રાજ્ય સરકારના જાહેર વહીવટ વિભાગ દ્વારા આ આદેશ કરાયો હતો. રાજ્ય સરકારની અખબારી યાદી પ્રમાણે વડોદરાના મ્યુનિસિપલ કમિશનર દિલીપ રાણાને હાયર એજ્યુકેશનના કમિશનર તરીકે ગાંધીનગર ટ્રાન્સફર કરાયા હતા.

ગુજરાત સરકાર દ્વારા ૧૬ આઈએએસ અધિકારીની બદલીનો આદેશ કરવામાં આવ્યો છે. કલેક્ટરો, મ્યુનિસિપલ કમિશનર સહિત અન્ય અધિકારીઓની બદલી થઈ હતી. આ ૧૬ આઈએએસમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિ.ના મેનેજિંગ ડિરેક્ટર આઈએએસ અરુણ મહેશ બાબુની વડોદરા મ્યુનિસિપલ કમિશનર તરીકે બદલી કરાઇ હતી.

ડૉ. એન. કે. મીનાની ભાવનગર મહાનગર પાલિકાના કમિશનર તરીકે બદલી કરવામાં આવી છે. તુષારકુમાર ભટ્ટની પાટણના જિલ્લા કલેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી હતી. મનીષ કુમારની ભાવનગરના કલેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી હતી. અરૂણ મહેશ બાબૂની વડોદરા કોર્પોરેશનના કમિશનર તરીકે નિમણૂક કરવામાં આવી હતી. આર.આર ડામોરની કલાઇમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટમાં સંયુક્ત સચિવ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. અરવિંદ વીની ગુજરાત ઈન્ફોર્મેટિક્સ લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી હતી. નેહા કુમારીની મહીસાગરના કલેક્ટર તરીકે બદલી કરી મિશન ડાયરેક્ટર, ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશનમાં નિમણૂંક કરવામાં આવી હતી. અર્પિત સાગર, નાયબ મ્યુનિસિપલ કમિશનર વડોદરાની બદલી મહીસાગરના કલેક્ટર તરીકે કરવામાં આવી હતી. શાલિની દુહનની ડાંગ-આહવાના કલેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી હતી. ભવ્ય વર્માની વલસાડના કલેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી હતી. મનીષ ગુરવાનીને રાજકોટ કોર્પોરેશનના ડેપ્યુટી કમિશનર બનાવવામાં આવ્યા હતી. ગૌરવ દિનેશ રમેશની સુરત મહાનગર પાલિકાના નાયબ કમિશનર તરીકે નિમણૂક કરવામાં આવી હતી. સુરભી ગૌતમને વડોદરા મહાનગર પાલિકાના કમિશનર બનાવવામાં આવ્યાં હતાં. ડો. પ્રશાંત જિલોવાને અમદાવાદ કોર્પોરેશનના રિઝનલ કમિશનર બનાવવામાં આવ્યા છે. ■

# રાજકોટમાં તાપમાનનો પારો ૪૫ ડિગ્રીએ પહોંચ્યો: શાળાઓના સમયમાં ફેરફાર કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં આજે તાપમાનનો પારો ૪૫ ડિગ્રીએ પહોંચી ગયો છે ત્યારે આકાશમાંથી વરસતી અગનવર્ષાના કારણે લોકો હિટવેવનો અનુભવ કરી રહ્યા છે. આ દરમિયાન રાજકોટ શહેર અને જિલ્લાની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓનો સમય સવારે ૭થી ૧૧ વાગ્યાનો કરવા માટે જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા પરિપત્ર કરવામાં આવ્યો હતો. જેનો અમલ તમામ શાળાઓએ કરવાનો રહેશે.

ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ૪ એપ્રિલે થયેલા પરિપત્ર મુજબ રાજ્યના મહેસૂલ વિભાગની રાહત કમિશનર અને સચિવની કચેરીના તા.૩ એપ્રિલના પત્ર અન્વયે હિટવેવ-૨૦૨૫ અંગે પૂર્વતૈયારી કરવા બાબતે જણાવ્યું હતું. જે બાદ ૮ એપ્રિલના રાજકોટના ઇન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારી કિરીટસિંહ પરમારે રાજકોટ શહેર અને જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની તમામ શાળાઓના આચાર્યો જોગ પરિપત્ર કર્યો છે. આ પત્રના મુદ્દા નં. ૭ (શિક્ષણ વિભાગ) અન્વયે નીચે મુજબ ખાસ તકેદારીના પગલાં લેવા જણાવવામાં આવ્યું હતું.

પત્ર અન્વયે નીચે મુજબ ખાસ તકેદારીનાં પગલાં લેવા જણાવવામાં આવે છે. નીચે મુજબની સૂચના રાજકોટ શહેર તેમજ જીલ્લાની તમામ શાળાઓમાં અમલ કરવાની રહેશે. જેમાં (૧) તમામ શાળાઓમાં શિક્ષકોની મદદથી બાળકોને હિટવેવ તેનાથી અસરો અને તેનાથી બચવાના ઉપાયો વિશે સમજણ આપવી.(૨) ઉનાળા દરમિયાન કોઈ ઓપન-એર વર્ગો હાથ ધરવાના રહેશે નહીં. (૩) ગરમીની સિઝનમાં શાળાનો સમય (સવારે ૭ થી ૧૧ સુધી) રાખવો.

રાજકોટના ઇન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારીના પરિપત્ર બાદ સરકારી શાળાઓમાં તો અમલવારી શરૂ થઈ ચૂકી છે પરંતુ કેટલીક ખાનગી શાળાઓમાં હજુ પણ સમયમાં ફેરફાર કરવામાં આવ્યો નથી. શહેરની નામાંકિત નિર્મલા કોન્વેન્ટ સ્કૂલમાં ૧૧મીથી પ્રાથમિક શાળામાં ભણતી વિદ્યાર્થિનીઓનો સમય સવારે ૭.૩૦થી ૧૧ વાગ્યાનો કરી નાખવામાં આવ્યો છે. ■

# પાલિતાણાના ડુંગરપુર ગામમાં વીજ ચેકીંગ માટે ગયેલી ટીમને ગામના શખ્સે ધમકી આપી ફરજમાં રૂકાવટ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના પાલિતાણા તાલુકાના ડુંગરપુર ગામમાં વીજ ચેકીંગ માટે ગયેલી વીજ કંપનીની ટીમને ગામમાં રહેતા શખ્સે પોતાની કાર આડી ઊભી રાખી દઈ ધોકાવાળી કરવાની ધમકી આપી ફરજમાં રૂકાવટ કરતા વીજ કંપનીના નાયબ ઇજનેરે શખ્સ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર વીજ કંપની દ્વારા પાલિતાણાના ગ્રામ્ય વિસ્તારમાં વીજ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું, પાલિતાણા ગ્રામ્ય સબ ડિવિઝનની ટીમ સહિતની અલગ-અલગ ટીમ દ્વારા ડુંગરપુર ગામમાં ચેકીંગ કરતી હતી તે દરમિયાન ગામમાં રહેતા દિલીપભાઈ ભીમજીભાઈ ડાભીના ઘર,હીરાનું કારખાનું તેમજ આસપાસના જોડાણમાં ચેકીંગ કરીને ટીમ પરત જતી હતી ત્યારે ચેતન ભીમજીભાઈ ડાભીએ પોતાની ઇનોવા કાર આડી ઊભી રાખી દીધી હતી અને લોકો પણ ભેગા થઈ ગયા હતા. ચેતનભાઈએ વીજ કંપનીની ટીમ સાથે માથાકૂટ કરી, ચેકીંગ થઈ ગયું, બધું ચોખ્ખું નીકળ્યું ને?હવે જો જીઇબીવાળા ગામમાં આવ્યા તો ધોકાવાળી કરવાની છે,તમારે જે કરવું હોય તે કરજો હવે પછી આવ્યા તો સારા જશો નહીં તેમ કહી વીજ કંપનીની ટીમની કામગીરીમાં રૂકાવટ કરી ધમકી આપી હતી.

આ બનાવ અંગે પાલીતાણા ગ્રામ્ય સબ ડિવિઝનના નાયબ ઇજનેર આશુતોષભાઈ દિલીપભાઈ પાઠકે શખ્સ વિરુદ્ધ પાલિતાણા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ■

# ગાંધીધામના પડાણામાં બીમાર યુવકનું બાથરૂમમાં પડી જવાથી મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં હાલ પડી રહેલી ભીષણ ગરમી વચ્ચે બનેલી વિવિધ અપમૃત્યુની દુર્ઘટનાઓમાં બે યુવકનોના અકાળે મોત નીપજતાં પંથકમાં અરેરાટી વ્યાપી હતી.

ગાંધીધામ તાલુકાના પડાણા ગામમાં રાયજી જેસંગ પરમાર (ઉં.વ. ૩૯) નામના બીમાર યુવકનું બાથરૂમમાં હૃદયરોગનો હુમલો આવ્યા બાદ અકસ્માતે પડી જતાં મોત થયું હતું, જયારે આ સંકુલના આદિપુરમાં શંકર કિશનસિંઘ ભાટી (ઉં.વ. ૨૫) નામના યુવાને ગળેફાંસો ખાઇ પોતાનો જીવ દીધો હતો.

પડાણામાં કચ્છ કેમિકલની જૂની કોલોની સામે આવેલી એક કોલોનીમાં રહેનાર રાયજી છેલ્લા લાંબા સમયથી બીમાર રહેતો હતો.

બાથરૂમમાં જતી વેળાએ તેને હૃદયરોગનો તીવ્ર હુમલો આવ્યા બાદ યુવકને ધારદાર નળ માથાં પર વાગ્યો હતો. ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર મળે તે અગાઉ હતભાગી યુવકે અંતિમ શ્વાસ લીધા હતા. ■

# જામનગર જિલ્લાના બસ સ્ટેશનો પર મુસાફરોને વિનામૂલ્યે છાસનું વિતરણ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જામનગર જિલ્લામાં ગરમીની ઋતુમાં મુસાફરોને રાહત આપવા માટે એસટી વિભાગે નવતર પહેલ કરી છે. જિલ્લાના તમામ એસટી ડેપો અને તાલુકા કક્ષાના બસ સ્ટેશનો પર વિનામૂલ્યે છાસ વિતરણનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. એસટી વિભાગના વિભાગીય નિયામક બી.સી. જાડેજાના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પહેલમાં એસટી વિભાગના કર્મચારીઓ અને કેન્ટીનનો સહયોગ મળી રહ્યો છે. મુસાફરોએ પણ આ પહેલને આવકારી હતી.

જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરની અધ્યક્ષતામાં તાજેતરમાં યોજાયેલી બેઠકમાં લૂથી બચાવ માટે વિવિધ વિભાગોને સૂચના આપવામાં આવી હતી. એસટી વિભાગે આ સૂચનાને ગંભીરતાથી લઈને તાત્કાલિક પગલાં લીધાં છે. વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે આગામી સમયમાં પણ આ છાસ વિતરણનો કાર્યક્રમ ચાલુ રાખવામાં આવશે. આ પહેલનો મુખ્ય હેતુ મુસાફરોને ગરમીથી રાહત આપવાનો અને લૂની અસરથી બચાવવાનો છે. ■

# ગેસના ભાવવધારા સામે આપ કાર્યકરોનો વિરોધ: ગેસના બાટલાના પોસ્ટરો સાથે રાજકોટ કલેક્ટર કચેરી ખાતે ધરણાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ ગેસના બાટલાના પોસ્ટરો સાથે કલેકટર કચેરી ખાતે પહોંચ્યા હતા અને ભાજપ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર પોકાર્યા હતા. જ્યાં ગેસનો ભાવ વધારો પરત ખેંચવાના બેનરોમાં ભાજપનાં કમળના નિશાનને ઊલટું બતાવવામાં આવ્યુ હતું. કેન્દ્ર સરકાર દ્વારા ભાવ વધારો પરત ખેંચવામાં આવે અથવા તો સબસિડી આપવામાં આવે તેવી માગ કરી હતી. આ સાથે દેશભરમાં રસ્તા રોકો આંદોલનની ચિમકી ઉચ્ચારવામાં આવી હતી.



(તસવીર– પ્રવીણ સેદાણી, રાજકોટ)

આમ આદમી પાર્ટીના રાજકોટ શહેર પ્રમુખ દિનેશ જોશીએ જણાવ્યું હતું કે, રાજકોટ કલેકટર કચેરીમાં મોંઘવારી વિરુદ્ધ અમે પ્રદર્શન કરવા માટે આવ્યા છીએ. કેન્દ્ર સરકારના પુરવઠા અને પેટ્રોલિયમ વિભાગ દ્વારા ગેસના બાટલાના ભાવમાં રૂ. ૫૦નો વધારો કરવામાં આવેલો છે, જેનો અમે વિરોધ કરી રહ્યા છીએ. ભય, ભ્રષ્ટાચાર અને મોંઘવારીની આ સરકાર પાસે બીજી અપેક્ષા આપણે શું રાખી શકીએ. આંતરરાષ્ટ્રીય ભાવ વધારો થયો નથી, પરંતુ કેન્દ્ર સરકાર દ્વારા ગેસના બાટલાના ભાવમાં વધારો કરી દેવામાં આવ્યો છે.

ગૃહિણીઓને બે છેડા ભેગા કરવા મુશ્કેલ પડી રહ્યા છે, જેથી સરકાર ભાવ વધારો પરત ખેંચે અથવા તો સબસિડી આપે. જો આ માગણીઓ સંતોષવામાં નહીં આવે તો આમ આદમી પાર્ટી દ્વારા રસ્તા રોકો અને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે. ગેસના બાટલાના ભાવમાં વધારો થતા બહેનોને લાકડાથી રસોઈ કરવી કે શું તેવો સવાલ ઉપસ્થિત થયો છે. ગુજરાત રાજ્યમાં ગેસના બાટલાનો ભાવ વધારે છે. કારણ કે, અહીં લોકોએ ભાજપને મત આપેલા છે, જ્યારે અન્ય રાજ્યોમાં આ જ ભાજપ સરકાર રૂ.૫૦૦માં ગૅસનો બાટલો આપવાની વાતો કરે છે. ■

# માણાવદર તાલુકા પંચાયતના બે તલાટી મંત્રી, બે સેક્શન અધિકારી, રૂપાવટીના તલાટી મંત્રી સહિત પાંચ સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: માણાવદર તાલુકાના આંબલીયા ગામે પાણીની ટાંકી અને સીસી રોડના કામમાં ભ્રષ્ટાચાર થતા આંબલીયાના બે તલાટી મંત્રી એચ.એચ.ચોટલીયા,પી. બી ગેરેજા અને આ કામમાં માણાવદર તાલુકા પંચાયતના અધિક મદદનીશ ઇજનેર એચ.એ.પરમાર અને જે. એમ સુતરીયાને જૂનાગઢ જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન દ્વારા સસ્પેન્ડ કરાયા હતા.

જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકામાં છેલ્લા સાત મહિનામાં એક પછી એક એમ છ જેટલા સરકારી કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવતા તાલુકા કક્ષાના અધિકારીઓ અને કર્મચારીઓમાં ભારે ફફડાટ ફેલાયો હતો. તાજેતરમાં જ જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન દ્વારા માણાવદરના આંબલીયા ગામની મુલાકાત દરમિયાન મોટા પાયે ભ્રષ્ટાચાર સામે આવતા કાર્યવાહી કરવામાં આવી હતી.

જિલ્લા વિકાસ અધિકારી દ્વારા રૂપાવટી ગામના તલાટી મંત્રી સી. વી વકાતરને ભ્રષ્ટાચારના આરોપમાં તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત માણાવદરના આંબલીયા ગામના તલાટી મંત્રી એચ.એચ.ચોટલીયા અને તલાટી મંત્રી પી. બી ગેરેજાને પણ ફરજ દરમિયાન બેદરકારી, નાણાકીય અને વહીવટી અનિયમિતતા આચરવા બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે આ પહેલા પણ માણાવદર તાલુકાના તલાટી મંત્રી લલિત ચાંડપાને કામમાં બેદરકારી દાખવવા બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આમ, ટૂંકા ગાળામાં છ કર્મચારીઓના સસ્પેન્શનથી તાલુકા પંચાયતમાં ખળભળાટ મચી ગયો હતો. ■

# ભાવનગરની કોર્ટમાં દારૂ ઢીંચી આરોપીએ હંગામો મચાવ્યો: ફરજ પર રહેલા ચાર કોન્સ્ટેબલ સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરની એડિશનલ સેશન્સ કોર્ટમાં એક તહોમતદારે દરવાજા પર પાટા મારી હંગામો કરી અને ભયનું વાતાવરણ સર્જ્યું હતું. આ બનાવના ઘેરા પડઘા પડ્યા હતા. પોલીસ તંત્ર દ્વારા પણ ઘટનાને ગંભીરતાથી લઈ બીજા દિવસથી કોર્ટમાં બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.

દરમિયાનમાં આ ઘટના બની ત્યારે ફરજપર પોલીસ કર્મચારીઓની બેદરકારી જણાતા આઈ.જી .ગૌતમ પરમાર અને ઈન્ચાર્જ એસ.પી.અંશુલ જૈન દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં ચાર પોલીસ કોન્સેટબલને સસ્પેન્ડ કરતો હુકમ કરવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ એડિશનલ સેશન્સ કોર્ટમાં આ ઘટના બની ત્યારે ફરજ પર ત્રણ મહિલા પોલીસ કોન્સ્ટેબલ મળી ચાર પોલીસ કોન્સ્ટેબલ ડ્યૂટી પર હતા. તેમ છતા તહોમતદાર શખ્સે બેફામ રીતે ગાળો બોલી અને કોર્ટના દરવાજે પાટા માર્યા હતા તેમજ કોર્ટ સંકુલમાં જ નશાનું સેવન પણ કર્યુ હોવાનું જાણવા મળ્યું હતું. કોર્ટમાં જ આ પ્રકારની ઘટનાથી ભાવનગરની કાયદા કાનૂનની સ્થિતિ સામે સવાલ ઉઠ્યા હતા અને ધારાશાસ્ત્રીઓએ ભારે આક્રોશ પ્રગટ કર્યો હતો. આખરે પોલીસ તંત્ર દ્વારા ફરજમાં બેદરકાર ચાર કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરી કડક કાર્યવાહી કરાઈ હતી.જેમાં ત્રણ મહિલા સહિત ચાર પોલીસકર્મીને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. જેમાં જીતેન્દ્રભાઈ મકવાણા, જાગૃતિબેન જાની, જલ્પાબેન પંડ્યા અને ઊર્મિલાબેન કોકડિયાનો સમાવેશ થાય છે. ■